સાબરકાંઠાની વનૌષધિઓ

ભાગ ૯ મો–(સચિત્ર)

લેખક : રાજવૈદ્ય રસિકલાલ જે. પરીખ



ગાલકાંકણી

મૂલ્ય

સાબરકાંઠાની વનૌષધિઓ

ભાગ ૯

[સચિત્ર]

રાજવૈદ્ય રસિકલાલ પરીખ
સંજીવની હૉસ્પિટલ, અમદાવાદ–૭.


મૂલ્ય રૂા. ૭–૫૦

પ્રકાશક :
રાજવૈદ્ય રસિકલાલ પરીખ
સંજીવની હૉસ્પિટલ,
સંજીવની માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટે. નં. ૮૫૧૩૮

*

*

મુદ્રક :
રણછોડભાઈ વાઘજીભાઈ પટેલ
શ્રી નારાયણ પ્રિન્ટિંગ પ્રેસ
રાયખડ ચાર રસ્તા,
અમદાવાદ-૩૮૦૦૦૧.



નાદરી નદી

આ નદી નાદરી પહાડમાંથી નીકળે છે અને વનસ્પતિનો તે ખજાનો છે. સહદેવી અને બીજા અનેક નાના નાના ડુંગરોથી ભરપૂર આ નદીને પાલ્લા બાજુથી આવતું વાંધુ અને હાથરોલ તરફથી આવતું વાંધુ ગદાધર પાસે મળી આગળ તે બામણવાડા પાસે મેશ્વોને મળે છે ત્યાંથી આગળ બોલુન્દ્રા પાસે મેશ્વો નદનો વિશાળ અને રળિયામણો પટ દેખાય છે. શામળાજી જતાં આ નદી ઉપર એક નાળું આવે છે તેના ઉપર નાદરી નદીનો પથ્થર ચોંટાડેલો છે. જુઓ પાન ૧૩૧

પ્રસ્તાવના

૧૯૪૭ થી તે ૧૯૭૬ સુધીમાં "સાબરકાંઠાની વનસ્પતિઓ"ના આઠ ભાગ પ્રસિદ્ધ કર્યા છે. ધન્વંતરિની કૃપાથી લખાયેલો અને સચિત્ર તૈયાર થયેલો આ નવમો ભાગ એ ધન્વંતરિના હાથનો અમૃત-કળશ છે એમ વાચકોને લાગશે. સાબરકાંઠો એ આયુર્વેદનો બગીચો છે અને તે બગીચાના માળીઓ બ્રહ્મા (ખેડબ્રહ્મામાં), અગત્સ્ય (આગલોડમાં), ગૌતમ (ગોરઠિયા મહાદેવ પાસે મેશ્વો નદી ઉપર), આત્રેય (ગુરુશિખર ઉપર), ભૃગુ (ઇંદ્રાસીને કાંઠે અને ત્રિવેણીસંગમ કોસંબી, ઇંદ્રાસી અને હરણાવના મિલન ઉપર), ચ્યવન ઋષિ (ભિલોડા પાસે), ઋષિ ગાલવ (મહિસાગરને કાંઠે), બાલખિલ્યા (નિચલગઢમાં) : આવા આયુર્વેદના મહર્ષિ વૈદ્યો જે યમનિયમના ભંડાર હતા તેઓએ આ જગ્યાઓમાં આશ્રમો સ્થાપી હેતુ, લિંગ અને ઔષધના ત્રણ પાયાઓ વ્યવસ્થિત રીતે નાખી આ અરવલ્લી-ક્ષેત્રને સમૃદ્ધ અને ચિકિત્સાનું મહાન કેન્દ્ર બનાવ્યું છે.

આયુર્વેદનો વિસ્તાર અરવલ્લીનાં માનવઉપયોગી જીવન્ત પ્રભાવ-વાળાં વૃક્ષો વડે થયેલો છે. શ્રેયને જ ઇચ્છનારા આ આર્યો જીવનરહસ્યના અટપટા કોયડાને ઉકેલવા માટે અને મનની શાંતિને માટે વનમાં જ રહેતા. આયુર્વેદનો વિકાસ પણ વનમાં જ થયેલો છે. અહીંના ભીલો, રબારીઓ, વનવાસીઓ, વાંસફોડાઓ—આ બધાઓ મને જડીબુટ્ટીઓના અનુભવી જણાયા છે અને તે દ્વારા મને ઔષધજ્ઞાન થયું છે, નહિ કે આધુનિક કૉલેજોથી. વળી ગુરુ-ઉપાસનાથી જ આ જ્ઞાન પચાવ્યું છે: ગુરુના હૃદયમાંથી નીકળેલું અને ઝીલેલું જ્ઞાન ક્યારેય ભૂંસાતું નથી." આરણ્યકનો અર્થ જ અરણ્યની પેદાશ છે, જેમાં કાષ્ઠઔષધિ, મંત્ર અને ઇશ્વરપ્રણિધાન તથા યુક્તિપ્રણિધાન ચિકિત્સાનો સમાવેશ થઈ જાય છે. એવા ઋષિ વૈદ્યોના આશ્રમો આ વખતે પણ નવમા ભાગમાં વાચકને જોવા મળશે જ. એક વિશ્વેશ્વરાનંદજી અને બીજા શુકદેવજી

વનના શાંત સૌંદર્ય વચ્ચે વિશાળ વડલાની નીચે શાંત મનોહર પર્ણકુટી ઉપર સૂકવેલા ભગવા વસ્ત્રથી જ ખરેખરું આયુર્વેદની સંસ્કૃતિનું પાનું ચિત્રકાર દોરી શકશે. કવિશ્રી ભવભૂતિએ લખ્યું છે કે

यो देहमर्पयति चास्यसुखस्य हेतोः
तस्मै वदान्य गुरवे तरवे नमोस्तु ॥

(વૃક્ષો પોતાના દેહોને બીજાના સુખને માટે અર્પે છે તેવાં તરુઓને મારાં નમન છે.)

આયુર્વેદનું અલૌકિક સાહિત્ય આ અરવલ્લીનાં વનઉપવનોમાં જ પોષાયું છે.

અહીંના ભીલો રામની સંસ્કૃતિને જ માને છે અને રામાયણમાં રામચંદ્રજી પોતે કહે છે કે "જ્યાં ઝાડો અને હરણાં મારાં સગાં-વહાલાં છે" આટલો પ્રેમ બીજે ક્યાંય જોવા મળે તેમ નથી. તો પછી મારા માટે આ ઝાડવાં એ જ સગાં મને લાગ્યાં છે અને તેથી જ વારંવાર ત્યાં દોડી જાઉં છું. આયુર્વેદના જ્ઞાનને આ ઝાડવાં જ પોષતાં રહ્યાં છે અને તેથી જ આઠમા બાદ આ નવમો ભાગ બહાર પડ્યો છે.

तरन्ति आपदं अनेन इति तरुः । જેના વડે મનુષ્યો આપત્તિઓને તરી જાય છે તેનું જ નામ "તરુ" છે.

આ ભાગમાં પણ સોએક તરુનો મહિમા ગાયો છે. વૃક્ષો કાપનારા કૉન્ટ્રાકટરોએ અને ડંગાવાળાઓએ ઝાડોનો નાશ કરીને જે આપત્તિઓ વહોરી છે અને સાબરનો કાંઠો ઉજ્જડ કર્યો છે તેમને કોણ માફ કરશે?

જનપ્રાણરક્ષા, શરીરપુષ્ટિ અને પ્રાણીની જીવનરક્ષા માટે, તંદુરસ્ત ને નીરોગી રાખવા માટે મનુષ્યના સમગ્ર જીવનનો આધાર આ વૃક્ષસંપત્તિ છે. અને તે હું એન સંગની હરણાવ સંસ્કૃતિની

નોંધ જેવી મારી આ નોંધ આયુર્વેદનું સાચું દર્શન કરાવતી નીવડશે જ એ નિઃશંક છે. સાબરકાંઠાની ભૂમિ લાલ, કાળી, ભૂખરી અનેક રંગની સત્ત્વવાન, ચેતનવંતી અને જીવતી મને લાગી છે. તેનું પાણી અલૌકિક છે. આ દેશ દૈવી છે. વનસ્પતિ ખાઈને જ પ્રાણીમાત્ર જીવે છે. પૃથ્વી અને જીવંત પ્રાણીઓ વચ્ચેનો સેતુ વનસ્પતિઓ જ છે. વનસ્પતિઓ પૃથ્વીના પેટાળમાંથી રસકસ ચૂસીને પોતાનામાં ભરે છે. પ્રાણીઓના જીવનનો આધાર આ જ વનસ્પતિઓ છે. તેમાંય સાબરની દિવ્ય ઔષધિઓ અનેક દુઃખીઓનાં દુઃખો દૂર કરે છે અને સ્વસ્થ ને તાજામાજા રાખે એવી કીમતી અને પ્રભાવવાળી છે.

"સાબરકાંઠાની વનૌષધિઓ"ના આઠેય ભાગમાં અરવલ્લીની બારસો માઇલની વનસ્પતિઓનું વર્ણન કરેલું છે. તેમાંય ખૂણામાં પડેલો જે ભાગ રહી ગયો હતો તે અહીં લખ્યો છે. બોલુંદ્રા, લૂસડિયા, સોજા, આગલોડ, દેવની મોરી, મેશ્વોનદ, નાદરી પહાડ અને નાગધરો, દૂધાલિયા રેન્જિઝ, ધાવડી નદીનો કાંઠો, રાણીઝરો આ ભાગમાં સમગ્ર રીતે ફરીને આવરી લીધો છે. બોલુંદ્રા જેવા વિસ્તારમાં હરડેનાં વૃક્ષો છે તે જોવાનો લહાવો મને અને મારા શિષ્ય ભાઈ રમેશને મળ્યો છે. અમારું એક પરમ સદ્‌ભાગ્ય છે કે બોલુંદ્રાના શ્રી શુકદેવપ્રસાદ ગૌરીશંકર જોષી આ પ્રવાસમાં અમારી સાથે જોડાયા હતા. મિશનરીઓએ સો વર્ષ પહેલાં ભારતમાં રાણીગંજ, કાશ્મીર, ત્રાવણકોર અને ચોથા લૂસડિયા(સાબરકાંઠા)માં પોતાનાં થાણાં પહેલવહેલાં નાખ્યાં. તેમાંનું આ ઐતિહાસિક સ્થાન વાચકને રસપ્રદ થઈ પડશે.

દેવની મોરી અને પુરાણા આર્ય સંસ્કૃતિના અવશેષોનો વિસ્તાર મેં આમાં વર્ણવ્યો છે તે ખૂબ જ રસપ્રદ છે.

વટપલ્લી, છીલવાડ અને દેવની મોરીમાં આયુર્વેદની વિદ્યાપીઠો હતી જે મૂળ અવશેષો સાથે જોઈ છે. પ્રથમ બે આગળના ભાગમાં

લખી છે અને ત્રીજી આ દેવની મોરીનું વર્ણન આ ભાગમાં આપ્યું છે, જેના ઉપરથી વાચકને આયુર્વેદની પૂર્ણતાની પ્રતીતિ થશે.

લૂસડિયામાં લસણની ખેતી વિશાળ રૂપે થતી હોવાથી લસણિયાનો અપભ્રંશ થઇ લૂસડિયા થયું છે. આ પ્રદેશનું વર્ણન રસપ્રદ થઈ પડશે.

આ ભાગમાં સૌથી અગત્યનો પ્રદેશ નાદરી પહાડનો આપેલ છે, જેમાં નાગધરાનો મોટો ઇતિહાસ છે.

સાબરકાંઠાનું પ્રવેશદ્વાર, ધાવડી નદીનો આખો ભાગ આ ભાગમાં પીરસીને હું કૃતાર્થ થયો છું.

"તરુવર, સરોવર, સંતજન
ચોથા વરસે મેહ;
પરમારથકે કારને
ચારોં ધરિયા દેહ."

અરવિંદ આશ્રમનાં શ્રી માતાજીના કાવ્યમાં આ ભાવ સુંદર ભરેલો છે.

"ઊંડેરા તવ આત્માની, પ્રાર્થના પ્રતિ પાંદડે
પામી પ્રાકટ્ય, વ્યાપતો સુણાય મર્મર ધ્વનિ
કૂંપળે કૂંપળે તારી એકાગ્ર આર્દ્ર ભાવના
કિરણોની ગ્રહી કેડી સાધી સંમુખતા રહી.
નવપલ્લવ દ્વારા તું હૈયું ખુલ્લું કરી મૃદુ
પ્રેમાશ્રુએ પખાયેલાં પદો પુણ્ય પ્રકાશનાં
અંતરે પધરાવે શાં ઔત્સુક્ય ભર આદરે
વૃક્ષો ! વેલો ! કહો કોણે પ્રભાપૂજન પંથની
દીક્ષા આ તમને દીધી, જેમાં છો એકનિષ્ઠ સૌ ?
તમારા અંતરાત્માએ નિગૂઢ કઈ રીતથી
લીધું છે જાણી કે જ્યોતિ પ્રભુ કેરું પ્રતીક છે ?"

લખી છે અને ત્રીજી આ દેવની મોરીનું વર્ણન આ ભાગમાં આપ્યું છે, જેના ઉપરથી વાચકને આયુર્વેદની પૂર્ણતાની પ્રતીતિ થશે.

લૂસડિયામાં લસણની ખેતી વિશાળ રૂપે થતી હોવાથી લસણિયાનો અપભ્રંશ થઇ લૂસડિયા થયું છે. આ પ્રદેશનું વર્ણન રસપ્રદ થઈ પડશે.

આ ભાગમાં સૌથી અગત્યનો પ્રદેશ નાદરી પહાડનો આપ્યો છે, જેમાં નાગધરાનો મોટો ઇતિહાસ છે.

સાબરકાંઠાનું પ્રવેશદ્વાર, ધાવડી નદીનો આખો ભાગ આ ભાગમાં પીરસીને હું કૃતાર્થ થયો છું.

"તરુવર, સરોવર, સંતજન
ચોથા વરસે મેહ;
પરમારથકે કારને
ચારોં ધરિયા દેહ."

અરવિંદ આશ્રમનાં શ્રી માતાજીના કાવ્યમાં આ ભાવ સુંદર ભરેલો છે.

"ઊંડેરા તવ આત્માની, પ્રાર્થના પ્રતિ પાંદડે
પામી પ્રાકટ્ય, વ્યાપતો સુણાય મર્મર ધ્વનિ
કૂંપળે કૂંપળે તારી એકાગ્ર આર્દ્ર ભાવના
કિરણોની ગ્રહી કેડી સાધી સંમુખતા રહી.
નવપલ્લવ દ્વારા તું હૈયું ખુલ્લું કરી મૃદુ
પ્રેમાશ્રુએ પખાયેલાં પદો પુણ્ય પ્રકાશનાં
અંતરે પધરાવે શાં ઔત્સુકય ભર આદરે
વૃક્ષો ! વેલો ! કહો કોણે પ્રભાપૂજન પંથની
દીક્ષા આ તમને દીધી, જેમાં છો એકનિષ્ઠ સૌ ?
તમારા અંતરાત્માએ નિગૂઢ કઈ રીતથી
લીધું છે જાણી કે જ્યોતિ પ્રભુ કેરું પ્રતીક છે ?"

આ રીતે સાબરકાંઠાના આ નવ ભાગોમાં વાચકને આયુર્વેદની ઔષધિઓનાં બધાં જ મહત્ત્વનાં પાસાંનું દર્શન મળે છે.

આ નવમા ભાગનું પર્યટન ભગવાન શામળાજીની પ્રેરણાથી થયું છે અને ભાઈશ્રી નટુભાઈ સુંદર સ્પષ્ટ ચિત્રો દ્વારા આ પુસ્તકને સચિત્ર બનાવવામાં સહાયક થયા છે.

આ પુસ્તકની પ્રસ્તાવના – 'પરિચય' લખી આપનાર **શ્રી ચંદુભાઈ પટેલ** સાબરકાંઠા પ્રદેશનો ખૂણેખૂણો, કંદરાઓ–કોતરો ફરેલા છે. ત્યાંના આદિવાસીઓના જીવન સાથે ઓતપ્રોત થયેલા છે. તેમણે આ પ્રદેશની અનેક અપ્રાપ્ય ઐતિહાસિક વિગતો, રાષ્ટ્રીય ઘટનાઓ તથા સંશોધનપૂર્ણ કીમતી બાબતો, આ પછી છપાયેલા 'પરિચય'માં વર્ણવી છે. આ મહાનુભાવે પોતાની ઐતિહાસિક દૃષ્ટિનો, નૈસર્ગિક અવલોકનનો તથા વનસ્પતિ–ઔષધીય અનુભવ આ પુસ્તકના 'પરિચય'માં વર્ણવ્યો છે. એને લીધે આ પુસ્તક એક મહત્ત્વના અંગથી પૂર્ણ બન્યું છે. આ મહાનુભાવના અનુભવ અને સંસર્ગનું મૂલ્ય હું આ જીવનમાં ભૂલી શકું એમ નથી. આ સ્થળે તેમનો આભાર વ્યક્ત કરું છું.

સંજીવની
ચૈત્ર વદ ૧૪
સંવત ૨૦૩૨

રાજવૈદ્ય રસિકલાલ પરીખ

પરિચય

સાબરકાંઠો એટલે મુખ્યત્વે જૂના ઈડર રાજનો પ્રદેશ. પુરાણ-કાળથી આ પ્રદેશ ખૂબ પ્રસિદ્ધ છે. ઇડરને ઇલ્વદુર્ગ તરીકે, ખેડબ્રહ્મા વિસ્તારને બ્રહ્મક્ષેત્ર તરીકે, વડાલીને વટપલ્લી તરીકે, આમ આ પ્રદેશની નગરીઓના ઉલ્લેખો ઇતિહાસનાં દૂરદૂરનાં પૃષ્ઠોમાં પણ મળી આવે છે. આ વિસ્તારમાં આવેલા પર્વતો અને ડુંગરાઓ એ પ્રખ્યાત અરવલ્લીની પર્વતમાળાના ભાગો છે. અરવલ્લીની હારમાળા આબુથી શરૂ થઈ અને સાબરકાંઠામાં તેમ જ ઉદેપુર અને પંચમહાલમાં થઇને વિંધ્યાચલને મળે છે. પુરાણો તો કહે છે કે અરવલ્લી પર્વતો એ પૃથ્વી ઉપરના જૂનામાં જૂના પર્વતો છે અને બ્રહ્મક્ષેત્ર એટલે હાલનું ખેડબ્રહ્મા એ સતયુગના સમયની નગરી છે. ખેડબ્રહ્મામાં આવેલ અદિતિ વાવના શિલાલેખમાં સંસ્કૃત શ્લોક જણાવે છે કે **षट्पंचाशत् वर्षाणि स्वयः शन्नसंख्यया कलौ तुगम्यमानेवै सूर्यवापी समुन्न्रता ।** એ પ્રમાણે કળિયુગનાં વર્ષ ૧૨૫૬ વીત્યાં તે પ્રસંગે તે વાવ ખોદાયેલી, તેવો અર્થ નીકળે છે. એ પ્રમાણે ગણીએ તો તે વાવને ખોદાવે ૩૮૨૦ વર્ષ થવા જાય છે. પ્રખ્યાત ચીની મુસાફર હુ એન ત્સંગ પણ આજથી બે હજાર વર્ષ પૂર્વે આ પ્રદેશમાંથી પસાર થયો હતો અને તેનાં પ્રવાસવર્ણનોમાં હરણાવ નદીની સંસ્કૃતિનું, બ્રહ્મક્ષેત્રનું અને ઇડરનું સુંદર વર્ણન કર્યું છે. તેણે જણાવ્યું છે કે બ્રહ્મક્ષેત્રની ચારે બાજુ ૧૦૧ મંદિરો હતાં. નદીની બંને બાજુ વિપુલ વસ્તી હતી અને વટપલ્લીમાં (હાલનું વડાલી) સંસ્કૃતની મોટી વિદ્યાપીઠ હતી. આજે પણ મંદિરોના અનેક અવશેષો ખેતરોમાં ટીમ્બારૂપે સ્થિત આપણે જોઈ શકીએ છીએ. મારા એક મુરબ્બી શ્રી વકતાભાઈએ થોડાં વર્ષ પહેલાં એમનું જૂનું મકાન તોડીને પાયો ખોદવા માંડ્યો ત્યારે નીચેથી બીજા મકાનનો ટોચભાગ નીકળ્યો. એ પણ ખોદ્યો ત્યારે તેના નીચેથી દટાયેલા ત્રીજા

મકાનનાં ખંડેર પણ નીકળ્યાં. આ બતાવે છે કે કાળના વહેણમાં ખેડબ્રહ્મા ઘણી વખત નાશ પામ્યું હશે અને ફરી સજીવન થતું રહ્યું હશે.

ભૂસ્તરશાસ્ત્રીઓનો મત પણ સુવિદિત છે કે અરવલ્લીની હારમાળા એ આ પૃથ્વી ઉપરના જૂનામાં જૂના પર્વતો છે. એક જાણીતા ભૂસ્તરવિજ્ઞાનીએ મને કહ્યું હતું કે માઉન્ટ આબુની ઊંચાઈ લાખો વર્ષ પહેલાં હિમાલય જેટલી હતી. અનેક ધરતીકંપો અને પ્રલયો પછી આ ધરતીનો પોપડો સખ્ત રીતે બંધાઇને સ્થિર થયો છે અને તેથી જ આ પ્રદેશોમાં ધરતીકંપ હવે થતા નથી. એમણે એ પણ જણાવ્યું કે હિમાલય અને અરવલ્લીની ઉંમરની સરખામણી કરીએ અને અરવલ્લીની ઉંમર ૧૦૦ વર્ષ ગણીએ તો હિમાલય તેની સરખામણીમાં એક વર્ષનું બચ્ચું છે.

આવો આ અતિ પ્રાચીન પ્રદેશ અનેક રીતે સભર છે. આ પ્રદેશમાં ભારતવર્ષની આદિમાં આદિ માનવ જાત–આદિવાસીઓનો વસવાટ સારા પ્રમાણમાં છે. અહીંના આદિવાસીઓની સંસ્કૃતિ, જીવનની રહેણીકરણી, એનો સામાજિક ઢાંચો, સ્ત્રીઓ પ્રત્યેનો એ સમાજનો આદરભાવ અને ધરતી તથા વનશ્રી સાથેનું તેઓનું તાદાત્મ્ય એ અન્ય સર્વથી નિરાળું અને અદ્ભુત છે. આ આદિવાસીઓ ધરતીને ખેતરો કે જમીન તરીકે નથી જોતા, ત્યાંની વનસ્પતિ અને પૃથ્વીને અહીંતહીં ઊગેલાં ઝાડો તરીકે નહિ પરંતુ ધરતીને માતા તરીકે અને વૃક્ષોને એ માતાનાં સંતાન તરીકે અને કુદરતની અગમ્ય લીલા તરીકે જુએ છે અને તેનો આદર કરે છે. એનાં ખેતરોમાં ચોમાસામાં જે પાક પાકે તેનો પ્રથમ ભાગ દેવને અને મહેમાનને અર્પિત કર્યા સિવાય હજુ પણ તેઓ તેનો ઉપભોગ કરતા નથી. સ્ત્રીસન્માનની તેમની ભાવના ખૂબ ઊંચી છે. એ સમાજમાં કોઈ સ્ત્રીને પતિ તરફથી માર પડતો નથી કે સ્ત્રીનું શબ્દોથી પણ અપમાન થતું નથી.

વનસ્પતિ અને વનશ્રી તરફનો આ પ્રજાનો પ્રેમ પણ એ પ્રદેશમાં આવેલાં ગામો અને વિસ્તારનાં નામો ઉપરથી દેખાય છે. કાલવનમાં કાળી છાલ ધરાવતાં ટીમરું, ખેર વગેરે વૃક્ષો જ જોવા મળશે. ધોલવનમાં જાવ તો સફેદ છાલનાં સુંદર અર્જુન, આમળાં, બેડાં, કડાયો, અશોક વગેરે જોવા મળે છે. પાનરવા ગામમાં જાવ તો પાનરવાનાં અસંખ્ય વૃક્ષોનાં દર્શન ઠેર ઠેર થાય. ધાવડીનાં અસંખ્ય વૃક્ષોનાં જંગલમાંથી નદી પસાર થાય છે એટલા માટે ત્યાંની પ્રજાએ એ નદીનું નામ 'ધાવડી' આપ્યું છે. વનસ્પતિની વિપુલતા અને વિભિન્નતા અહીં જેટલી દેખાય છે તેટલી બીજે ભાગ્યે જ જોવાની મળે. ડાંગનાં જંગલો ગુજરાતમાં શ્રેષ્ઠ છે પણ વનસ્પતિની ભિન્નતા ત્યાં ખૂબ ઓછી છે. ત્યાં આપણને સાગનાં અને ઇમારતી લાકડાનાં વૃક્ષો જ ઠેર ઠેર દેખાય. છોટાઉદેપુર અને રાજપીપળાનાં જંગલોમાં મુખ્યત્વે સાગ, મહુડાં, ચારોળી વગેરે વૃક્ષો દેખાય. જ્યારે સાબરકાંઠામાં આયુર્વેદિક વનસ્પતિ જાણે વ્યવસ્થિત રીતે ઠેર ઠેર ઉગાડી હોય તેમ ભાસ થાય છે. હિંગટીયાથી ખેરોજ તરફ જઈએ તો રસ્તાની બંને બાજુ ડુંગરાઓમાં પારિજાતકનાં વનો જોવાનાં મળે. અભાપુરથી આંતરસુબ્બા જાઓ તો આમળાનાં અને બેડાંનાં હજારો ઝાડો જ જોવાનાં મળે. કોસુમ્બીની ખીણમાં જાઓ તો સુંદર ફૂલોથી ખીલેલાં રગતરોહિડાનાં ઝાડો અને જાંબુથી લચકેલાં હજારો જાંબુવૃક્ષો આપણી નજરે ચઢે. હરણાવની ખીણમાં પોળોનગરી તરફ જાઓ તો બંને કિનારે જમીન પર પથરાયેલાં લીલાંછમ બ્રાહ્મીનાં ઝુન્ડોનાં દર્શન થાય, વીરેશ્વર પાસે સુંદર અશોકવાટિકાઓ તમે જોઈ શકો. હાથમતીના કિનારે સુંદર અર્જુનવૃક્ષો અને ધોમ ધખતા ઉનાળે પણ પીળાં પુષ્પોથી સુશોભિત ગરમાળાનાં વૃક્ષો શીતલ છાંયડો પણ આપે. આયુર્વેદે જેને રસાયન ગણ્યો છે તે ખાખરાનાં વૃક્ષોનાં વનો ઠેર ઠેર જોવાનાં મળે. અજગરની પેઠે વૃક્ષોને ભરડો લેતી માલકાંકણીની અલભ્ય લતાઓ પણ અભાપુરના વિસ્તારોમાં આપણે

આશ્ચર્યથી જોઈ જ રહીએ. સાબરને કિનારે કેટલાક વિસ્તારોમાં પાતાલકોળું પણ પુષ્કળ મળી આવે.

પર્વતો, નદીઓ, વનસ્પતિઓ, પશુઓ અને અહીં વસતાં માનવીઓ એકબીજા સાથે એવાં ઓતપ્રોત થઈ ગયાં છે કે તેને કારણે આ પ્રદેશની પ્રતિભા કોઈ જુદી જ રીતે ઊપસી આવે છે. તેથી જ આ ભૂમિ એ યોગની ભૂમિ, મંત્રભૂમિ અને ઔષધોની ભૂમિ કહેવાય છે. આડલ અને વાડલ એ બે નદીઓનો જ્યાં સંગમ થાય છે ત્યાં મતરવાડા ગામ આવેલું છે. ત્યાંના આદિવાસીઓ કહે છે કે સેંકડો વર્ષ પૂર્વે આ ગામનું નામ મંત્રવાસ હતું. અને તંત્રના જાણનારા બ્રાહ્મણોની બહુ જ વસ્તી અહીં હતી. એની પાસે આવેલી ચિત્ર-વિચિત્રની કુંવારી ભૂમિ જે લગભગ ૪૦૦ એકરમાં પથરાયેલી છે ત્યાં ઔષધીય વનસ્પતિઓ ઠેર ઠેર જોવા મળે છે. એ વિસ્તારની પ્રજા આ ભૂમિને ખેડતી નથી અને હળને જમીન સરખું ઘસાઈને લઈ જવાની ત્યાં મનાઈ છે. યોગી પુરુષોનાં સ્થળો અને આશ્રમો પણ આ વિસ્તારમાં ઠેર ઠેર છે. અગસ્ત્ય, ગૌતમ, ગાલવ વગેરે મુનિઓના આશ્રમો ખેડબ્રહ્મા, ગોરઠિયા વગેરે સ્થળોએ આજે પણ છે.

હરણાવથી ઉત્તર દિશાના અને જૂની પોળોનગરીથી વીસેક માઇલ દૂર જંગલમાં સોમનો કિલ્લો સોમ નદી ઉપર ઊભો છે. રાણા પ્રતાપના સમયમાં તે કિલ્લો બંધાયો હતો. અને રાણા પ્રતાપ થોડો સમય ત્યાં પણ રોકાયા હતા. કહેવાય છે કે પુરાણા કાળમાં સોમ-વલ્લીની પ્રખ્યાત ઔષધીલતાઓ આ વિસ્તારમાં થતી હતી તેથી આ નદીનું નામ સોમ પડયું છે. આટલો સુંદર અને રમણીય પ્રદેશ એ વિસ્તારમાં કયાંય નથી. સોમની નજીકમાં જવાસની પ્રખ્યાત જાગીર આવેલી છે, જ્યાં બ્રિટિશરો અને જવાસના ઠાકોરો વચ્ચે યુદ્ધ ખેલાયું હતું. આજે પણ સુંદર અને કલાત્મક માટીનો મહેલ ત્યાં અવશેષરૂપે ઊભો છે. મહેલની બહાર ખૂબ વજનદાર લોખંડનાં

કડાંઓની હયાતી સાક્ષી પૂરે છે કે જૂના સમયમાં સંખ્યાબંધ હાથીઓ ત્યાં રાખવામાં આવતા હતા. સૈકાઓ પહેલાં સાબરકાંઠામાં પણ હાથીઓની સારી વસ્તી હતી અને તેને જ કારણે સાબરકાંઠાની એક મહત્ત્વની નદીનું નામ હાથમતી પડ્યું છે. સાબરનું નામ પણ એ વિસ્તારમાં સાબરોની ખૂબ વસ્તી હતી તેને કારણે આવ્યું છે.

આયુર્વેદની ઔષધિનું જ્યાં સેવન થતું હોય ત્યાં પથ્યાપથ્ય પણ અચૂક રીતે પળાય. અહીંના ડુંગરાઓમાં વસતા આદિવાસીઓ રોટલા બનાવતા પહેલાં થોડી વારે જ તાજો લોટ તેમના છાપરામાં દળીને તૈયાર કરે છે. લસણ, ડુંગળી અને મરચાંની ચટણી પણ ખૂબ વાટીને અણુએ અણુ ભાંગીને તૈયાર કરે. વાસી ખોરાક ખાવાનો નહિ અને આદિવાસીઓના દરેક છાપરે હૃદયરોગને મટાડનાર બોરડીનાં વૃક્ષો નિઃશંક હોય જ. જેવી રંગતરંગી વનસ્પતિ તેવા જ રંગબેરંગી અહીંના આદિવાસીના પોશાકો ! રંગોની આટલી સુંદર સૂઝ વનસ્પતિઓ અને ફૂલોમાંથી તેમણે મેળવી હશે.

વનસ્પતિનો ઉપયોગ પણ આ લોકો બહુ સારી રીતે જાણે છે. ૧૯૬૦માં મામાના પીપલીયાનાં જંગલોમાં નાથા મુખી નામના વયોવૃદ્ધ આદિવાસીએ વાઘ સાથે ધીંગાણું ખેલ્યું, વાઘને માર્યો, પરંતુ એ પણ સારી રીતે ઘવાયો. મને ખબર પડી એટલે હું તાત્કાલિક ડૉકટરને લઈને ત્યાં પહોંચ્યો ત્યારે તો નાથો મુખી એના વનમાંથી મેળવેલી વનસ્પતિની લૂગદીઓ વાઘનાં દાંત અને નખથી થયેલા ઊંડા ઘામાં ભરતો હતો. ડૉકટરને તેણે કહ્યું કે "તમારી દવા કામમાં નહિ આવે. હું તો મારી દવાથી સાજો થઈ જઈશ." ડૉકટરે ત્યારે પાછા વળતાં મને કહ્યું કે નાથો મુખી ભાગ્યે જ બચે. વાઘના ઘા એટલા ઊંડા છે કે તેને સેપ્ટિક થઈ જશે અને ઘા રુઝાશે નહિ. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે પંદરેક દિવસ પછી હું તે જ ગામ ગયો, ત્યારે નાથો મુખી છાપરાની બહાર ઝાડની નીચે બેઠો હતો અને મોટા ભાગના

તેના ઘા રુઝાઈ જવા આવ્યા હતા. ત્યારે વૈદ્યરાજ રસિકભાઈને મેં કહ્યું હતું કે આ વિસ્તારની પુરાતન સંસ્કૃતિનું અને આ પ્રદેશની અમૂલ્ય વનસ્પતિનું સંશોધન ગુજરાતના પ્રખ્યાત પુરાતત્ત્વવિદ્ સદ્દગત શ્રી અમૃત પંડ્યાએ ઉપાડયું હતું. તેઓ એ સમયે આ વિસ્તારમાં સાબરની સંસ્કૃતિ અને જૂનાં સ્થાપત્યો વિશે સંશોધન અર્થે ફરતા હતા. એમના કેટલાક પ્રવાસોમાં હું પણ સાથે હતો–ખાસ કરીને ખેડચાંદણી પાસેના રોડાના સ્થાપત્ય અને હરણાવના કિનારે જૂની પોળોનગરીનાં મહાવિશાળ પુરાણાં મંદિરોના અવશેષો અને તેમાંના પથ્થરોનાં બારણાં જોઈને તેઓ ખૂબ દિગ્મૂઢ થઈ ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતની પ્રાચીન સંસ્કૃતિનું પારણું આ પ્રદેશમાં બંધાયું હશે. ૧૯૬૦માં સ્વિટ્ઝર્લૅન્ડથી એક પ્રતિનિધિમંડળ પુરાણાં સ્થળો અને પુરાણી સંસ્કૃતિના અભ્યાસ અર્થે ખેડબ્રહ્મા આવ્યું અને પોશીના પટ્ટામાં આદિવાસીઓની સિંચાઈપદ્ધતિ "સારણ" અને હાથે ચલાવાતા ત્યાંના રેંટ જોયા ત્યારે તેઓ એટલા બધા ઉત્તેજિત થઇ ગયા હતા અને બોલતા હતા કે પાંચ હજાર વર્ષ પૂર્વેની સિંચાઈની પ્રથા અકબંધ દશામાં આજે અમે જોઈ તે અમારું ભાગ્ય છે. પોશીનાના માટીના પ્રખ્યાત ઘોડા જોઈને એ પ્રતિનિધિમંડળના આગેવાનો નાચી ઊઠયા હતા અને પાંચ હજાર વર્ષથી ચાલી આવેલી કલાપરંપરાના એ પ્રતીકને પોતાના કીમતી સામાનમાં વીંટીને સારા એવા પૈસા ખર્ચીને હવાઈ રસ્તે સ્વિટ્ઝર્લૅન્ડ મોકલ્યું હતું. જે પ્રજાએ પાંચ હજાર વર્ષ જૂની સંસ્કૃતિ, કલા અને જીવન જીવવાની પદ્ધતિને સાચવી છે તેઓ જ જૂનીપુરાણી આયુર્વેદપદ્ધતિને સાચવી શકે તેમાં કોઈ શંકા નથી અને તેથી આ વિસ્તારમાં વનસ્પતિનાં નામ ચરકે જે તેના સાહિત્યમાં દર્શાવ્યાં છે તે હજુ પણ પ્રચલિત છે.

બ્રહ્મર્ષિ શ્રી દંડીસ્વામી આ પ્રદેશની એક પૂજનીય વિભૂતિ છે. વેદાન્તના પ્રખર અભ્યાસી અને આયુર્વેદના પણ ઉપાસક છે. સાબર

કાંઠામાં વનસ્પતિસંશોધનમાં અને વૈદ્યરાજશ્રી રસિકભાઇને પણ સંશોધનમાં પ્રેરણા આપવામાં તેમનો મહત્ત્વનો ફાળો છે. દંડી સ્વામી ઘણી વખતે વૈદ્યરાજની સાથે વનસ્પતિની શોધમાં ફર્યા છે. એક વખત ચૈત્રના ધોમધખતા ઉનાળાના દિવસોમાં જંગલમાં ફરતા ફરતા દંડી સ્વામીએ કહ્યું કે "ચાલો આંબળાના વનમાં, ચૈત્રનાં આંબળાં ખાઇએ." મેં કહ્યું કે "સ્વામીજી, આંબળાંની સીઝન તો કયારની પૂરી થઈ, હવે આંબળાં શોધ્યાં ન મળે." દાંડી સ્વામી હસ્યા અને કહ્યું ચાલો, આગળ અને સાચે જ અર્ધોએક માઇલ ચાલ્યા પછી આંબળાંનાં વૃક્ષોની ટોચ ઉપર કયાંક કયાંક લાલ હિંગળોક જેવાં તદ્દન પરિપકવ આંબળાં આંગળી ચીંધીને તેમણે દેખાડયાં અને કહ્યું, ચૈત્ર માસનાં આંબળાં ખૂબ જ ગુણકારી છે, પણ શહેરો અને બજારોમાં તે ન મળે. એને મેળવવા જંગલોમાં જ કષ્ટ વેઠીને જવું પડે, જ્યાં વેચવા માટે તેમને કોઈ ઉતારતું ન હોય. હિંગટિયાના એક આદિવાસી અને ઘરગથ્થુ ઇલાજોમાં કુશળ શ્રી છત્રાજીએ વર્ષો પહેલાં ખાખરાનું ઝાડ થોડેક ઊંચેથી કાપીને એને અંદરથી કોચીને, અંદર લીલાં દળદાર આંબળાં ભરી ઉપર તળાવની ચીકણી માટીથી સીલ કરી એ થડને સૂકાં છાણાંથી સળગાવીને આમળાંનો પાક મને બનાવી આપ્યો હતો. છત્રાજી અને એવા જ એક બીજા આદિવાસી વૈદ્ય શ્રી છગનજી સ્થાનિક વનસ્પતિનો તેમ જ તેનાં મૂળ વગેરેનો ઉપયોગ કરી લોકોના રોગ આજે પણ મટાડે છે. તેઓ કહેતા, અહીંયાં જ ઉત્પન્ન થતી ખેરની બાડીની, અને પીપળાની લાખ, કડાયો ગુંદર, ખેરનો ગુંદર, કદંબનો ગુંદર વગેરેનો આદિવાસીઓ ઔષધો તરીકે છૂટથી ઉપયોગ કરે છે. શ્રી છત્રાજીએ એક મહત્ત્વની વાત એ કરી કે મકાઈ એ આ પ્રદેશનું મૂળ ધાન્ય નથી. ખરેખર તો વર્ષો પહેલાં તેઓ મગનું જ વાવેતર બધે જ કરતા હતા અને મગ તેમનો મુખ્ય ખોરાક હતો. આ વિસ્તારમાં છાપરે છાપરે ગાયો જોઈ શકો. ભેંસને

પાળવાનું અહીંના આદિવાસીઓ શીખ્યા નથી. શ્રી રસિકભાઈ કહેતા કે સર્વ પ્રકારનાં દૂધોમાં ફક્ત ગાયના જ દૂધને ચરકે જીવનીય અને પવિત્ર ગણીને પથ્ય ગણ્યું છે. દંડી સ્વામીએ એક વખત કહ્યું હતું કે સાબરકાંઠાની ભૂમિ એ તપની કુમારિકાખંડની ભૂમિ છે અને હજારો વર્ષ પહેલાં આ પવિત્ર ભૂમિમાં જે ઋષિમુનિઓ વાસ કરતા હતા, તેમણે આયોજન કરી પદ્ધતિસર ઔષધીય વનસ્પતિ ઉગાડી છે. એટલા માટે જ ચિકિત્સાના ત્રણ ભેદો ઔષધ, મંત્ર, અને યોગનો સુભગ સંગમ આ પ્રદેશમાં આજે પણ જોવા મળે છે.

આ પ્રદેશમાં ડુંગરો જેમ અચલ અને દુર્ગમ છે, વનસ્પતિઓ જેમ વિપુલ અને તંદુરસ્ત છે તેમ અહીંની પ્રજા પણ તંદુરસ્ત, વીર્યવાન અને બહાદુર છે. આખા ભારતમાં જ્યારે બ્રિટિશરોનું શાસન હતું અને ભડવીર ગણાતા રાજાઓ પણ બ્રિટિશરોની શરણાગતિ સ્વીકારી એમના ખંડિયા બન્યા હતા, ત્યારે સને ૧૯૧૪થી માંડીને ૧૯૩૨ સુધી અરવલ્લીના ડુંગરાઓમાં રહેતી આ પ્રજાએ એક વીર પુરુષ **શ્રી મોતીલાલ તેજાવત**ની સરદારી નીચે બ્રિટિશરો અને ત્યાંનાં દેશી રાજ્યો સામે બંડ પોકાર્યું હતું અને આખો અરવલ્લી પ્રદેશ વર્ષો સુધી આઝાદ રહ્યો હતો. આ પ્રજાને તાબે કરવા બ્રિટિશરોએ ખેરવાડા અને કોટડામાં લશ્કરી છાવણીઓ નાંખી હતી. મહાત્મા ગાંધીજીના સમાગમમાં આવ્યા પછી ૧૯૩૨માં એ વીર પુરુષ તેજાવતે અહિંસાનો રસ્તો સ્વીકાર્યો અને શરણે થયા. આઝાદી મળ્યા સુધી એ નજરકેદમાં રહ્યા અને થોડાં વર્ષો પહેલાં જ તેમનું મૃત્યુ થયું. આ એ જ પ્રદેશ છે કે જ્યાંના ભીલોએ અને ભીલ રાજાએ પાનરવામાં રાણા પ્રતાપને આશરો આપ્યો હતો અને રાણા પ્રતાપે અહીંના તેમ જ ઉદેપુર વિસ્તારના ભીલ સરદારોની મદદ લઈને મોગલો પાસેથી મેવાડ પાછું જીત્યું હતું. એવા ભવ્ય ભૂતકાળ અને ભવ્ય સંસ્કૃતિવાળા અને પવિત્ર ધરતી ઉપર સુંદર

વનરાજિથી સુશોભિત આ પ્રદેશમાં આયુર્વેદનું સંશોધનકાર્ય કરવું તે પણ એક લહાવો છે. શ્રી રસિકભાઈ જેવા આયુર્વેદના ભેખધારીએ આ સંશોધનકાર્ય ઉપાડયું છે તે આ પ્રદેશ માટે ગૌરવ અને સદ્‌ભાગ્યની વાત છે.

સાબરકાંઠાની વનઔષધિઓનો નવમો ભાગ પ્રસિદ્ધ થાય છે તે આયુર્વેદના વનસ્પતિદર્શનના રસિયાઓ માટે ખૂબ જ આનંદની વાત છે. શ્રી રસિકભાઈ વૈદ્યના પરિચયમાં હું છેલ્લાં વીસ વર્ષથી છું અને આ વર્ષોમાં અસંખ્યવાર તેમને સાબરકાંઠાના અરવલ્લીના પહાડોના દુર્ગમ વિસ્તારોમાં, ગીચ જંગલોમાં, રમ્ય નદીઓના કાંઠે કાંઠે અને પર્વતોનાં શિખરોમાં અને કોતરોમાં, ઠંડીમાં અને તાપમાં પ્રવાસ કરતા જોયા છે. આયુર્વેદનું તેમનું જ્ઞાન અદ્‌ભુત છે પણ વનસ્પતિ-શાસ્ત્ર અંગેનું તેમનું જ્ઞાન પણ એવું જ ઊંડું અને વ્યાપક હશે તે ખ્યાલ તેમની સાથેના શરૂઆતના પ્રવાસોમાં મને આવ્યો છે.

મને ખ્યાલ છે ત્યાં સુધી સને ૧૯૪૭ થી વૈદ્યરાજના સાબરકાંઠાના પ્રવાસો શરૂ થયા. ૩૦ વર્ષના આ ગાળામાં તેમણે સેંકડો માઇલોના પ્રવાસો સાબરકાંઠાનાં જંગલોમાં કર્યા. ક્યારેક જીપમાં, ક્યારેક ચાલતા, તો ક્યારેક ઊંટ ઉપર બેસીને પણ અતિ કષ્ટ વેઠીને અને ઘણીવાર ભૂખ્યા અને તરસ્યા તેઓ ફર્યા છે. ભારતીય સંસ્કૃતિ અને આયુર્વેદ પ્રત્યે નિષ્ઠા અને આ દેશની નદીઓ, જંગલો, પર્વતો, વનસ્પતિઓ તેમ જ આ દુર્ગમ વિસ્તારોમાં વસતા આદિવાસીઓ તરફના તેમના પ્રેમ અને ભક્તિને કારણે જ આ અસંખ્ય પ્રવાસો કરતાં તેઓ હજુ પણ થાકયા નથી. એમની સાથે ફરતા એમના સાથીઓ થાકતા હતા પરંતુ રસિકભાઈ કોઈ નવી વનસ્પતિનું દર્શન કરે તો તુર્ત જ એ વનસ્પતિના પરિચય અને ગુણદોષ દર્શાવતી તેમની વિદ્વત્તાપૂર્ણ વાગ્ધારા શરૂ થતી અને થાકને બદલે વનસ્પતિદર્શનના પરિચયના આનંદમાં બધાને નવી તાજગી અનુભવતા મેં જોયા છે. પ્રવાસમાં

ફરતાં અમને એવું લાગતું કે આપણી ચારે કોર ઊગતા છોડ, ઝાડ અને ઘાસ એ બધા જ ક્યારેક નિરર્થક ઊગે છે અને જંગલો ભરી દે છે. વૈદ્યરાજશ્રી રસિકભાઇએ ઠેર ઠેર પથરાયેલી વનસ્પતિનું જાતે દર્શન કર્યું અને એ દર્શનમાં સૌ ભાગીદાર થઈ શકે અને તે દર્શનનો સૌ આનંદ માણી શકે અને આયુર્વેદમાં વર્ણવેલી વનસ્પતિનો લોકો ઉપયોગ કરે તે માટે તેમણે અત્યાર સુધીમાં વનસ્પતિદર્શનનાં આઠ પુસ્તકો લખ્યાં છે અને પ્રસિદ્ધ થયાં છે.

આયુર્વેદમાં ચરકે, સુશ્રુતે તેમ જ વાગ્ભટે વનસ્પતિનાં જે સંસ્કૃત નામો દર્શાવ્યાં છે તે નામોમાંથી અસંખ્ય નામો કાળક્રમે ભુલાઈ ગયાં અને ઘણી વનસ્પતિનાં નામો તો સાવ બદલાઈ ગયાં છે. પરિણામે આયુર્વેદમાં દર્શાવેલી વનસ્પતિ સાચી રીતે શોધવી મુશ્કેલ પણ બને છે. શ્રી રસિકભાઈ ઘણી વખતે પ્રવાસ વખતે મને કહેતા કે વનસ્પતિને સાચી રીતે ઓળખવી હોય તો વૈદ્યે જાતે જંગલમાં ફરવું પડે અને જંગલમાં વસતા આદિવાસીઓ, ભરવાડો વગેરેને મળીને તેમના દ્વારા વનસ્પતિની સાચી ઓળખ કરવી જોઇએ. તેઓ કહેતા કે ભારતમાં વિદેશીઓના અનેક હુમલાઓને કારણે ભારતીય સંસ્કૃતિને નુકસાન થયું છે. પરંતુ સૌથી વધુ નુકસાન આયુર્વેદને થયું છે અને તેમાંય આયુર્વેદની વનસ્પતિનાં સાચાં નામો મોટી સંખ્યામાં ભુલાઈ ગયાં છે અને બદલાઈ ગયાં છે. ફક્ત જંગલોમાં જ્યાં પરદેશી સંસ્કૃતિનો ધક્કો હજુ બહુ લાગ્યો નથી, ત્યાં રહેતા આદિવાસીઓ ત્યાંની વનસ્પતિને હજુ આજે પણ જૂના સંસ્કૃત નામે અને ક્યારેક થોડા અપભ્રંશ ઉચ્ચારો સાથે ઓળખે છે અને તે કારણે વૈદ્યે વનસ્પતિની સાચી ઓળખ માટે જંગલમાં જવું જોઇએ. એક વખત પોશીનાનાં જંગલોમાં ફરતા એક આદિવાસીએ એક વનસ્પતિનું નામ તરવટ કહ્યું. મેં શ્રી રસિકભાઇને કહ્યું કે આ શબ્દ સંસ્કૃત નથી; અહીં પણ નામ બદલાઇ ગયાં લાગે છે. એવી

જ રીતે એ આદિવાસીએ સુંદર ફૂલોવાળા એક વૃક્ષનું નામ 'રગતરોયડો' કહ્યું. રસિકભાઇએ હસતાં હસતાં કહ્યું કે "બંને નામો મૂળ સંસ્કૃત છે અને થોડાક ફેરફાર સાથે તેમનાં ઉચ્ચારણો થાય છે. તરવટનું સાચું નામ ત્રિવૃત અને રગતરોયડાનું સંસ્કૃત નામ 'રકતરોહિતક' છે." આ પ્રસંગ પછી વૈદ્યરાજ રસિકભાઇના પ્રવાસની યથાર્થતા મને સમજાઇ. વૈદ્યરાજે એ પણ કહ્યું કે ચરકે વનસ્પતિનો જે ઉપયોગ દર્શાવ્યો છે તે જ પ્રકારનો ઉપયોગ આ આદિવાસીઓ હજુ કરે છે અને પ્રવાસો દરમ્યાન એ પણ મેં જોયું કે અસંખ્ય આદિવાસીઓ પોતાનાં દર્દો જાતે વનસ્પતિઓના ઉપયોગથી મટાડતા હતા. સારવાર માટે શહેરમાં હજારો રૂપિયા અને સમયનો વ્યય કરવાથી પણ જે રોગો નથી મટતા, તે રોગોનાં નિદાન અને ઉપચાર આ આદિવાસીઓને બહુ અસરકારક રીતે ઘરગથ્થુ ઇલાજથી કરતા મેં જોયા. મને થયું કે ભારતની સંસ્કૃતિ અને માનવજીવનનાં વિવિધ પાસાં પરત્વેના દર્શનનો ભારતનો જ્ઞાનભંડાર છેલ્લાં કેટલાંક સૈકાંઓમાં ભલે ભુલાયો હોય કે લૂંટાયેલ હોય, પરંતુ અરવલ્લીમાં વસતા આ આદિવાસીમાં હજુ એ સંસ્કૃતિની નાડ ધડકે છે અને પ્રાચીન જ્ઞાનની સરવાણી હજુ ફૂટયા કરે છે.

શ્રી રસિકભાઈ ભલે મોટા સિદ્ધહસ્ત લેખક નથી પરંતુ તેમણે પ્રવાસોનાં જે વર્ણનો લખ્યાં છે તે આયુર્વેદના તત્ત્વજ્ઞાનને સ્પર્શ કરે છે, એટલું જ નહિ પરંતુ સાબરકાંઠાનાં માનવીઓ, મંદિરો, સાધુ–સંતો, પ્રાણીઓ, પર્વતો, નદીઓ, કોતરો અને વિસ્મૃતિની ગર્તામાં ખોવાયેલ ઇતિહાસને પણ એટલી તાદૃશ રીતે આલેખે છે કે ચલચિત્રની માફક એ બધું આપણે નિહાળતા ન હોઇએ!

સાબરકાંઠાની વનઔષધિના આ નવમા ભાગમાં વૈદ્યરાજે સાબરના પશ્ચિમ કાંઠાનું વિસ્તૃત પ્રવાસવર્ણન કર્યું છે. સપ્તધારેશ્વરથી માંડીને ગલતેશ્વર, ધરોઈ, હાથમતી અને સાબરનો સંગમ તથા તે

સંગમ પર આવેલ અગત્સ્યપુરી તેમ જ તેથી આગળ જતાં આગલોડ, પ્રાચીન સોજાનગરી વગેરેનાં વિસ્તૃત વર્ણન અને ત્યાં થતી વનસ્પતિનો પરિચય કરાવ્યો છે. તેમ જ ત્યાંથી આગળ દેવની મોરી, શામળાજી અને સદ્‌ગત સંત કૃષ્ણારામના આશ્રમવાળા ગામ બોલુન્દ્રામાં પહોંચીને હરડેનાં અસંખ્ય ઝાડો અને તેને લચકેલાં ફૂલો અને કુમળાં ફળોનું ભવ્ય દર્શન કરાવ્યું છે. હરડે આયુર્વેદનું એક અમૂલ્ય અને સચોટ ઔષધ છે. ગુજરાતમાં છેલ્લાં ત્રીસ વર્ષથી ગુરુ શ્રી પ્રભાશંકરભાઈ અને તેમની પ્રેરણાથી શ્રી રસિકભાઈ હરડેનો જે પ્રચાર કરે છે તેને કારણે આરોગ્યક્ષેત્રે એક નવી ક્રાન્તિ આવી છે. આજે ગુજરાતમાં ગામડે ગામડે હરડેનો જે પ્રચાર થયો છે તે સર્વથા વૈદ્યરાજ શ્રી રસિકભાઇને આભારી છે અને એટલે જ હરડેનાં સુંદર વૃક્ષોનાં દર્શન થતાં તેઓ નાચી ઊઠે છે અને તેમની એ આનંદવિભોર સ્થિતિ આ પુસ્તકના ચોથા પ્રકરણમાં દેખાઇ આવે છે. આ પ્રવાસમાં પીળો ધંતૂરો, પાતાલકોળું, ત્રાંબટ, કૈલાસપતિ, પાનકંદો, ભાતછોડ, ખરણી વગેરે વનસ્પતિનાં નવાં દર્શન તેમણે કરાવ્યાં છે અને પ્રવાસ દરમ્યાન સામાન્ય માણસ શ્રી લાલાભાઈ દેસાઇથી માંડીને મહાન વેદાન્તી અને જ્યોતિષવિશારદ શ્રી ઋષિરાજ સાથેના તેમના પ્રસંગોમાં વૈદ્યરાજની સમ્યક્ દૃષ્ટિનો અનુભવ પણ આપણને થાય છે. વૈદ્યરાજ શ્રી રસિકભાઈએ એમનાં પ્રવાસવર્ણનો દ્વારા સાબરકાંઠાનું એક નવું દર્શન આપણી સમક્ષ મૂક્યું છે. સાબરકાંઠાની ભૌગોલિક, રાજકીય અને આર્થિક સ્થિતિનો ખ્યાલ સૌ પોતપોતાની રીતે મેળવે છે, પરંતુ સાબરકાંઠાની પ્રાચીન સંસ્કૃતિ, પ્રાચીન આયુર્વેદવિદ્યા અને સાબરકાંઠામાં વસતા આદિવાસીઓના જીવનની રહેણીકરણી અને તેની ખૂબીઓની તેમ જ સાબરકાંઠાના પર્વતો, ડુંગરાઓ, ખીણો, જંગલો અને આ રમ્ય પ્રદેશમાં ખળખળ વહેતી સરિતાઓ અને તેને કાંઠે ઊગેલી હજારો જાતની વનસ્પતિઓ અને માનવજાતને તે કેવી રીતે ઉપયોગી થઇ પડે છે તેનું જે દર્શન તેમણે કરાવ્યું છે

તે સાચે જ અદ્‌ભુત અને રોમાંચક છે. સાબરકાંઠાની મર્દાનગીઓ, ત્યાંના વીર પુરુષો, સંતો, ત્યાં છેલ્લાં કેટલાક વખતથી આવીને વસેલા સાહસિક કંપાવાળાઓ અને સાબરકાંઠાના સ્થાપત્યનું સુંદર દર્શન આ પ્રવાસકથામાં જોઇને આપણને આનંદ થાય છે. સાબરકાંઠાનો પ્રદેશ શ્રી રસિકભાઇના જીવન સાથે એવો મળી ગયો છે કે શ્રી રસિકભાઇને યાદ કરીએ એટલે સાબરકાંઠાની વનસ્પતિઓ અને અરવલ્લીના ડુંગરા તુરત જ યાદ આવે.

પ્રવાસનો શોખ દરેકને વત્તેઓછે અંશે હોય છે. પરંતુ એક અણદીઠી વનસ્પતિ અરવલ્લીના દુર્ગમ વિસ્તારના કોઇક ખૂણે છે એમ સાંભળતાં જ શ્રી રસિકભાઈ તુરત જ અમદાવાદથી સેંકડો માઇલોનો પ્રવાસ કરીને જીપમાં તેમ જ પગે ચાલીને અસંખ્ય મુશ્કેલી વેઠીને પણ તે વનસ્પતિનાં દર્શન કરીને જ જંપે. સોનગઢના બે હજાર ફૂટ ઊંચા ડુંગરાની ટોચ ઉપર એક આદિવાસીના કહેવાથી વનસ્પતિનાં દર્શન માટે તેમણે ચઢાણ કર્યું અને ભૂખ–તરસથી અર્ધ-બેભાન અવસ્થામાં તેમને આખડતાં–પછડાતાં આવતા જ્યારે મેં જોયા ત્યારે આ જ્ઞાનપિપાસુ અને સંશોધન માટે અદમ્ય હોંશવાળા ઋષિને મેં વંદન કર્યાં. આયુર્વેદ પ્રત્યેની ઊંડી ભક્તિ અને નિષ્ઠાને કારણે આ કઠોર સાધના તેઓ કરી શકે છે અને આયુર્વેદ આજે જીવંત છે તેના મૂળમાં વૈદ્યરાજ શ્રી રસિકભાઈ જેવા પ્રચંડ ઉત્સાહી અને શક્તિવાળા જ્ઞાનપિપાસુ આત્માઓનો મહત્ત્વનો ફાળો છે.

શ્રી રસિકભાઈનાં વનસ્પતિદર્શનનાં આ પુસ્તકો આજે ભલે બહુ પ્રચારમાં કે ખ્યાતિમાં ન આવે, પરંતુ એમનાં પ્રવાસવર્ણનોમાં હજારો વનસ્પતિને શબ્દદેહ આપીને શ્રી રસિકભાઇએ જ્ઞાનનું એક નવું પૃષ્ઠ ફેરવ્યું છે અને ગુજરાતમાં આયુર્વેદપ્રેમી જનતામાં ચેતનાનો એક નવો પ્રવાહ વહેવડાવ્યો છે. શ્રી રસિકભાઈ વૈદ્ય તેમની

આ તપસ્યા અને સાધના ચાલુ રાખે અને દેશની જનતા સમક્ષ આયુર્વેદની સાચી પિછાન રજૂ કરવાનું કાર્ય વણથંભ્યું ચાલુ રાખવા દીર્ઘાયુ થાય એવી મારી હાર્દિક અભિલાષા છે.

તા. ૨૮–૭–૭૬

ચંદુભાઈ પટેલ

એડી. કલેક્ટર, વહીવટદાર


અને ડે. સેક્રેટરી, ગાંધીનગર

અનુક્રમ

*



જોમ અને જુસ્સાથી ભરપૂર ભીલ પુરુષ



ખુશમિજાજ આદિવાસી પરિવાર

પ્રકરણ ૧

સાબરનો પશ્ચિમ કાંઠો

વેદિકાનું વર્ણન કરું છું, ચાર યુગ વિખ્યાત છ:
સતયુગમાં કૃતવતી કહેવાતાં વેદપુરાણે વાત છ.
ત્રેતામાં મણિકર્ણિકા કહીએ, દ્વાપરે ચંદ્રભાગા છ,
કલૌ સાભ્રમતી સૌ કહે છે, ચાર યુગનાં નામ છ.

સાબરને કાંઠે ઐતિહાસિક મહાનગરી અગસ્ત્યપુરી–આગલોડ

જયચંદ રાઠોડના વંશજોએ આ તરફ ભાગી આવી ઈડરની રાજધાની થોડા વખત ભોગવી હતી. શાહબુદ્દીન ઘોરીએ આ પોતાના વફાદાર જયચંદની કનોજનગરી ઉપર જ હુમલો કરતાં તે મુલક વેરવિખેર થતાં તેના વંશજો આ અગસ્ત્યપુરી તરફ વસ્યા હતા.

સાબરની આ રીતે નગરીઓને તોડવામાં એક અલ્લાઉદ્દીન ખીલજી, બીજો મહંમદ ઘોરી, ત્રીજો શાહબુદ્દીન ઘોરી અને ચોથા ઔરંગઝેબે હિંદી સંસ્કૃતિ અને આયુર્વેદને એવો તો જબ્બર ફટકો માર્યો છે કે તેના અવશેષો હજી તો જમીનમાંથી બહાર જ નીકળ્યા નથી. છતાં અગસ્ત્ય જેવા ઋષિઓનાં મૂળ એટલાં તો ઊંડાં છે કે મારા જેવો ફરતો ફરતો છેવટે આ આગલોડ તરફ તેની ટેકરીઓ ખૂંદી કંઈક પ્રકાશ પાડવા સમર્થ થયો છે.

સાબરનો પશ્ચિમ કાંઠો

બ્રહ્માના મુખની પવિત્ર વાણીથી શુદ્ધ આયુર્વેદની રચના થઈ છે. જે ઋગ્વેદ અને અથર્વવેદનો ઉપવેદ છે. આ બ્રહ્માની ખેડ.

સાબરકાંઠામાં જ થયેલ છે. તેનો પૂર્વ કિનારો આગલા ભાગમાં આવરી લીધો છે; હવે તેનો પશ્ચિમ કિનારો આપણે જોઈએ. મોગલોએ આ સંસ્કૃતિ તોડવા દિલ્હીથી દક્ષિણમાં જવા આ આગલોડનું નાકાદ્વાર ભયંકર રીતે તોડયું છે.

તુર્કોએ પશ્ચિમમાંથી ભારત ઉપર હુમલો કરી અપાર ધન-સંપત્તિ મંદિરોમાં ખડકેલી હતી તે લૂંટી પણ તે ઉપરાંત મંદિરમાંની મૂર્તિઓ પણ તોડવા માંડી. આ વખતે પણ તાંત્રિક લોકો મંત્ર બલિ અને પુરશ્ચરણો કરતા હતા. તેમાં તાકાત પણ હતી પરંતુ લાખોના લશ્કરના હુમલા, હાથીઓ ઉપરથી તોપો ફોડી, ઊંટો ઉપરથી ગોળાઓ ગગડાવી શિખરો તોડયાં હતાં. ૧૩મી શતાબ્દીના આરંભમાં તો તુર્કોએ આખોય ઉત્તર ભારત સર કર્યો, નાલંદાની અદ્‌ભુત શકિતવાળી તારાના પણ ટુકડે ટુકડે ઉડાડયા, નાલંદા અને વિક્રમ-શિલાના હજારો ભિખ્ખુઓના ટુકડા કરવામાં આવ્યા. અપાર ધન-સંપત્તિ, અપાર ગ્રંથો અને આયુર્વેદનું સાહિત્ય નષ્ટ થયું તે જ રીતે સાબરના ઉપરના હુમલામાં આ આગલોડ પણ ઝડપાયું ને આયુર્વેદનાં પુસ્તકો દ્વારા મોગલ સૈન્યે તાપણી કરી.

આ બધા ઇતિહાસો હૃદય કંપાવે તેવા છે. પણ વનૌષધિઓ શોધવા જતાં અરવલ્લીની હારમાળાએ મારામાં અપૂર્વ ભક્તિ અને શ્રદ્ધા પેદા કરી છે, મને તેના તરફ આકર્ષતો રાખ્યો છે. મને અરવલ્લીમાં દૈવી સંપત્તિની અનુભૂતિ જણાઈ છે. અરવલ્લીની દિવ્ય વનસ્પતિઓ તથા આ સાબરમાં અદ્‌ભુત અજાયબી મને દેખાઈ છે. તે ભૂમિ મારા માટે તીર્થભૂમિ બની છે. થોડા દિવસો વીતે ને મારામાં આંતરિક, ન સમજાય તેવું એક આકર્ષણ આ અરવલ્લીની હારમાળાઓ તરફ મને થાય છે. સો ઉપરાંત મુસાફરી તો થઈ ગઈ. અચળ અરવલ્લીના પ્રવાસે તો મારામાં નવી શક્તિનું ભાથું પ્રદાન

કર્યું છે તેથી જ મને તે તરફ આવવાની પ્રેરણા મળી. આ પ્રદેશના પવિત્ર લોકો, ઊગતી પવિત્ર વનસ્પતિઓ, દેવાલયો, તીર્થધામો અને વહેતા નદીનાં નીર તથા કંદો, લતાઓ, હરડે-બહેડાં-આમળાંનાં અપાર વૃક્ષો : આ બધું જોઈ અપાર ભક્તિ અને અપૂર્વ ચેતના આ ભૂમિમાંથી મને મળી છે. તે હિસાબે જ આગલોડ આવવાનું થયું.

આ ભૂમિમાં આવવાની ઝંખના મારા હૃદયમાં કાયમ રહ્યા કરતી હોય છે. એ રીતે આ વખતે મારા પ્રવાસમાં બાજુએ રહી ગયેલો સાબરનો પશ્ચિમ કાંઠો નીરખવાનો લહાવો મળ્યો. એમાંય દર વખતે નવાં રૂપ, નવા રંગ, નવી વનસ્પતિ, નવું જ સૌંદર્ય દેખાતું હોય છે. આ વખતે કૈલાસપતિ, હરડે, સોનચંપો, પાતાળગારુડી એવી અનેક ઔષધીઓ જોઇ. વૈદ્ય થવું હોય તો વનૌષધિઓ ઓળખવી જ પડે, અને નિઘંટુ જાણવું જ પડે. નિઘંટુના જ્ઞાન વિનાનો વૈદ્ય, વ્યાકરણના જ્ઞાન વિનાનો વિદ્વાન, આયુધ વિનાનો યોદ્ધો આ ત્રણેય લોકોમાં ઉપહાસપાત્ર બને છે, અને તેમાંય વૈદ્ય તો તસ્કર અને શઠ જેવો બનીને રહે છે. માટે સાબરનો પૂર્વ-પશ્ચિમ કિનારો જુઓ તો જ વૈદ્ય બની શકાશે અને વનસ્પતિમાં રહેલી દિવ્યતાનું તમને દર્શન થયા વગર નહિ રહે.

ધન્વંતરિ, મદનપાલ, હલાયુધ, વિશ્વપ્રકાશ, અમરકોષ, રાજ-નિઘંટુ, ભાવપ્રકાશનિઘંટુ વગેરે પ્રાપ્ય છે. આ નિઘંટુઓમાં સૌથી જૂનું ધન્વંતરિ-નિઘંટુ છે, જે આદિદેવની પ્રસાદી આ મુલકમાં મેં જોઈ છે. પેટપાલુ, કુટુંબપાલુ, દેશપાલુ અને તત્ત્વજ્ઞાની એમ માણસની ચાર જાતિઓમાંથી આયુર્વેદ એ તત્ત્વજ્ઞાનનો વિષય હોવાથી આ કાંઠાના તત્ત્વજ્ઞાનીઓએ જ નિઘંટુની પ્રસાદી અહીંથી પીરસી છે.

અગસ્ત્યપુરી એ નર્યું વન જ હતું. અને સાબરકાંઠાનો આ પશ્ચિમ કાંઠો એ કેન્દ્ર હતું. મહર્ષિ અગસ્ત્યનો આ ભૂમિ ઉપરથી નીચેનો સંદેશ છે :

"માનવજીવન ઘણું જ ઉપયોગી છે. તેનું વિજ્ઞાન પ્રારંભથી જ આયુર્વેદના નામે ભારતમાં ઊંચું સ્થાન ધરાવે છે તેમાં સંદેહ નથી " **शरीरं व्याधिमंदिरम्** "–શરીર રોગોનું ઘર છે. શરીરની બનાવટ, નાડીઓની ગતિ, રુધિરનો વેગ, રાજા હોય કે રંક, વિદ્વાન કે અજ્ઞાની, કાળો કે ગોરો, મોટો કે નાનો આ બધામાં કુપથ્યનો ફટકો સરખો જ લાગે છે. જે બીમારી ગરીબને લાગે છે તે રાજાને પણ લાગે છે. આ શરીરરૂપી મશીનમાં એક પણ અવયવ બગડે તો આખું શરીર ખોટકાય છે. તે સુધારવાનું કામ અહીંની વનોષધિઓનું છે કારણ તે પ્રાણ દેનાર છે. આયુર્વેદનું મહત્ત્વનું અંગ જડીબુટ્ટીઓ જ છે. ચિકિત્સકે આ ઔષધિઓની વચ્ચમાં જ રહેવું જરૂરી છે. સાબરના કાંઠાની ભૂમિની ઔષધિઓ જ તમે લેવાની રાખજો.

જે જમીનમાં ઠીકરાં, પથરા હોય, એકસરખી ન હોય, પરંતુ વિષમ હોય, જેમાં રાફડા બહુ હોય તેવી ભૂમિની વનસ્પતિઓ ખપ લાગતી નથી. સ્મશાન, વધસ્થાન, મંદિર, રેતી અને ખારવાળી જમીનમાં ઊગેલી વનસ્પતિઓ ન લેવી.

જેની નીચે ખૂબ પાણી વહેતું હોય જેમ કે આ સાબર, જેમાં પાણી બહુ ઊંડાં ન હોય, જેમાં ઘાસ, ધમાસો વગેરે ઊગતાં હોય, જે મૃદુ, સ્થિર, એકસરખી, કાળી, ગોરાટ, રાતા રંગની હોય જેમ કે શામળાજીની લુછડિયાની : આવી ભૂમિમાંથી ઓષધો લેવાં જોઈએ.

આવી સાબરની ભૂમિમાંથી ઉત્પન્ન થયેલી ઔષધિઓ કૃમિ, વિષ, શસ્ત્ર, આતપ, પવન, સડા વગરની, જેમાં ઉત્કૃષ્ટ રસ હોય છે

અને ભરઉનાળે લીલીછમ લાગે છે, જેનાં મૂળ જમીનમાં બહુ ઊંડે સુધી ગયાં હોય, જે સારી રીતે પુષ્ટ હોય એવી સાબરની ભૂમિમાંથી તમે ઔષધ લેજો.

પથરાવાળી સ્થિર, ભારે, કાળી, જેની ઉપર મોટાં પ્રચંડ વૃક્ષો અને બીજી વનસ્પતિઓ ઊગે છે તે પૃથ્વીતત્ત્વવાળી ઔષધિઓ અહીં છે.

સ્નિગ્ધ, શીતળ, પાણી નજીકમાં હોય, જેમાં કોમળ તૃણ અને વૃક્ષો થાય છે, જે સફેદ છે તે પાંચેય ભૂતોના તત્ત્વયુક્ત ગુણવાળી ઔષધિઓ અહીં છે.

વિવિધ રંગની, હલકી, નાના નાના પથરાવાળી, જેના ઉપર વૃક્ષો વેલીઓ દેખાય છે એવી અને અગ્નિતત્ત્વવાળી ઔષધિઓ અહીં છે.

રાખોડિયા રંગની, રૂક્ષ, નાનાં નાનાં વૃક્ષો અલ્પ રસ અને વૃક્ષોમાં બહુધા ફૂલ થઈ ફળ આવે તે અને ફૂલ વગર ફળ આવે તે ઔષધિઓ પણ અહીં છે.

મૃદુ, સમ, દરોવાળી, જેનું પાણી અવ્યકત રસવાળું છે, મહાપર્વતો દેવદાર જેવી થતી ઊંચી અને મહાવૃક્ષોવાળી જેમ કે પિલ્લક જેવી ઔષધિઓ પણ અહીં છે.

૭ રસોના ૬૩ ભેદોવાળી વનૌષધિઓ આ મુલકમાં રહેલી છે માટે તમે વનસ્પતિઓથી રોગ મટાડજો અને આયુર્વેદના ઉપદેશમાં અત્યંત આદર રાખજો."

સાબરનો પશ્ચિમ કાંઠો ફરવાની તીવ્ર ઉત્કંઠા મને ભગવાન ચરકના મહાન ગ્રંથના પ્રથમ અધ્યાયમાંથી જાગૃત થઈ. આયુર્વેદનાં સૂત્રોનું પૃથ્વી ઉપર અવતરણ થવા પૂર્વે હિમાલયના હિમાચ્છાદિત નિર્મળ પ્રદેશમાં મળેલા ઋષિસંમેલન વખતે એકત્રિત ઋષિઓમાં ગાલવ અને ગૌતમ ઋષિનો આશ્રમ તેમ જ એ વખતના જગદ્ગુરુ

મહર્ષિ આત્રેયની પાવન ભૂમિનાં દર્શન તથા મહાતપસ્વી મુનિ અગત્સ્યની ભૂમિ અને તેમની આશ્રમશાળા જોવાનો લહાવો આ વખતે મને મળ્યો.

સાબરના પૂર્વ કાંઠે આવેલ સપ્તધારેશ્વર, ગલતેશ્વર, કણ્વ આશ્રમ વગેરે જોયા હતા તે પછી પશ્ચિમ કાંઠે આવેલ કોટચર્કનો પ્રદેશ પણ જોયો. પરંતુ કૃત્રિમ સ્ટેટની કૃત્રિમ સરહદો બાંધી સાબરકાંઠાને રાજકીય રીતે છિન્નભિન્ન બતાવેલ સરહદોના કારણે વિજાપુર બાજુની સરહદનો ભાગ રહી ગયેલો એટલે આગલોડના ભાઈશ્રી માવજીભાઈ દેસાઈની રાહબરી નીચે અમે હિંમતનગરથી અગસ્ત્ય આશ્રમ જવા સાંજના ૭ વાગ્યે રવાના થયા.


ધરોઈથી સાંપડના ઔષધિથી ભરપૂર કોતરો

ડેરોલ પુલના છેડે જ ગંગેશ્વર મહાદેવ વગેરે અનેક મહાદેવો ઉપર મહાત્માઓ વસતા હતા. આ ગુરુઓએ સંદેશો કહ્યો છે :

"બલિહારી ગુરુ આપને તન મન સદકે જાઁવ,
જીવ બ્રહ્મ ક્ષણમેં કિયો, પાઈ ભૂલી જાઁવ.
હરિસેવા સોલહ બરસ, ગુરુસેવા પલ ચાર,
તો ભી નહીં બરાબરી, વેદન કિયો વિચાર."

આ કાંઠાના ગુરુઓ ખૂબ જ સમર્થ હતા. અને બાપા રાવલ પણ આવા સમર્થ વૈદ્યોની દોરવણી લેતા હતા. આયુર્વેદની વટ-પલ્લીની વિદ્યાપીઠ પણ આ કાંઠે જ હતી.

ગામડાનું દૂધ, ઘી, ગામડાનાં અનાજ, ગામડાની મહેનત ઉપર શહેરો ટકી રહ્યાં છે પરંતુ જો અમદાવાદને જીવવું હોય તો પાણી માટે અનેક ગામડાંઓનો ભોગ લીધા વિના ન જીવી શકે. એના પ્રથમ સોપાનમાં ધરોઈ બંધનું આયોજન થયું.



ધરોઈ બંધ

અને તે ગામડાંઓ ખંડેર થયાં. અહીંની તો વનસ્પતિઓ કપાઈ ગઈ પણ તેમના પુનર્વસવાટ માટે પોળો, ધોળવન, કાળવનનાં વનો પણ કપાઈ ગયાં. આયુર્વેદનો ૧૯૪૭માં મેં જોયેલો શિવ-મંદિરોની આસપાસનો ભાગ રણમેદાન થયો.

ધરોઈ ગામ પાસેના બંધથી સૂર્યકુંડ સુધીનો કાંઠો અનેક નગરીઓ જેવી કે મહોર, ગદ્ધાપુરી, મધુપુરી, કોટયર્ક, અગસ્ત્યપુરી, સોજા વગેરેથી સમૃદ્ધ હતો અને સૂર્યના પૂજકોએ પોતાના ખમીર અને આગવી પ્રતિભા વડે આ સંસ્કૃતિ જાળવી રાખી હતી.

સાંપડ પાસે હાથમતી અને સાબરનો સંગમ જોયો ત્યારે મોયદથી સાંપડ અને સંગમ તથા સૂર્યકુંડ જતાં સુધીમાં હાથમતીનાં માટીનાં મોટાં મોટાં કોતરો જોયાં. આ કોતરો પથ્થરિયાં નહિ પણ ફળદ્રુપ માટીવાળાં હતાં. હાથમતી-કરતાં પણ મોટાં, નાંખી નજર ન પહોંચે તેવાં કોતરો આ સાબરના કાંઠા ઉપર પણ જોવા મળે છે.

દેરોલગામ, ખેડાવાડા, દાવડની પશ્ચિમ બાજુ આ બધાં કોતરો ખૂબ દેખાય છે. આ કોતરો કેરડા, શતાવરી, કણજી, પ્રસારિણી, વીકળો, બાવળ, ભોંયબાવળ, કડો અને આવળ, બોરડી તથા નગોડથી છવાયાં છે. અને આવાં માનવ-ઉપયોગી વૃક્ષોની ઝાડીમાં વસતા સંતોનો ઉપદેશ હતો.

"अहो येषां वरं जन्म सर्वप्राण्युपजीविनाम् ।
धन्या महीरुहा येभ्यो निराशा यान्ति नार्थिनः ॥
छायामन्यस्य कुर्वन्ति तिष्ठन्ति स्वयमातपे ।
फलान्यपि परार्थाय वृक्षाः सत्पुरुषा इव ॥"

"पिबंति नद्यः स्वयमेव नोदकं
स्वयं न खादंति फलानि वृक्षाः ।
धारावरो वर्षति नात्महेतवे
परोपकाराय सतां विभूतयः ॥"

આ કોતરોના સંતો અને વૃક્ષો એમ કહેતાં ગયાં છે કે બીજા માટે ઘસાઈ છૂટો, કારણ શરીરની પ્રકૃતિ જ મરણ છે અને જીવવું તે જ વિકૃતિ છે; માટે જે કાંઈ શ્વાસ તમે લો તે બીજા જન્તુના લાભાર્થે વાપરો; તમારા માટે નહિ. કોતરો એટલાં બધાં મોટાં છે કે અનેક નગરીઓ તેમાં સમાઈ જાય. આ આયુર્વેદની જીવતીજાગતી ખાણો છે.


ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
કોતરોની કુંજ કુંજ જોવી હતી.



સાબરનાં કોતરો

દેરોલ પુલના છેડાથી આગલોડ

અગસ્ત્યપુરી આનંદકારી, સાબરમતી જલ વહે ભારી,
ઊંચી ટેકરી અજબ નમૂના યહાં ઔષધકી ઝાડી;
બાજુ મેં હૈ એક બગીચા શ્યામ મૂર્તિ બહુ સારી,
યહાં કે બીચમેં સ્નાન કરત હૈ પાપ ઘટે તત્કાળી.
સાબરમતી વેગે આવે જય ધારેશ્વર ધનધારી,
યહાં પૃથ્વીસંગ રાજ કરત હૈ ગાદીકે અધિકારી,
યહાં આગે ઉમિયા બિરાજે યહાં ઔષધકી ઝાડી.



આગલોડના શિવમંદિરથી સાબરનું દશ્ય

આ કાંઠે આંબાનાં અને મહુડાનાં વૃક્ષો જોયાં. કુહાડી વડે આંબાનું ઝાડ કાઢી લીમડાના ઝાડને કોણ પાણી પાઈને ઉછેરશે? લીમડાને હંમેશાં દૂધ સીંચશો તોય કદી મીઠો થવાનો છે જ નહિ. જેવી માતાની કુલીનતા હતી તેવી તારી પણ લાગે છે. મા તેવી દીકરી એ કહેવત બરાબર છે. લીમડામાંથી કોઈ કાળે પણ મધ ન ઝરે એ કહેવત પ્રચલિત છે તે મુજબ આ લોકોએ આંબા ઉછેર્યા છે અને વરિયાળી તથા જીરાની માનવ ઉપયોગી ખેતી જ સર કરી છે.

ભાઈ રમેશ અને શ્રી માવજીભાઈ અમારાથી જો આગળ નીકળી ન ગયા હોત તો દેરોલના સાબરના પુલ પરથી ચૈત્ર સુદ પૂનમના સોળે કળાએ સંપૂર્ણ ચંદ્રની ચાંદનીનું મનોહર રૂપ નીરખવાનો આવો લહાવો અમને ન મળત. અગાસીમાં બેસી ઘણીવાર ચાંદ


અને ચાંદનીની શીતળતા અનુભવી છે, પરંતુ દેરેલ પુલના છેડે આજે પૂનમના દિવસે ચંદ્રમાનો ઉજાશ અને તેની શીતળતાનો જે અનુભવ થયો તે સાગરના કાંઠા ઉપર કોઈ ભાગ્યે સ્થળે થયો નથી. ચિત્તવૃત્તિઓ સ્થગિત થઈ જાય અને ચૈત્ર કે વૈશાખી બપોરની ઉષ્ણતાનો અનુભવ વીસરાઈ જાય એવો અનુભવ લેવો હોય તો પૂનમ અને સાગરનો સંયોગ જોઈએ. આ દિવસે પ્રકૃતિનાં નીજી તત્ત્વો એકાકાર થઈ ગયેલાં દેખાય છે. સોમ નદીના અને હરણાવના કિનારાઓની જેમ અહીંના કિનારા ભેજવાળા છે. તેમાં અમે નાળાની ભાજીના વેલા જોયા.



નાળાની ભાજી


નાળાની ભાજીના વેલા રતાળુના વેલા જેવા જ હોય છે. તે ચોમાસે પાણીકાંઠે તથા કિનારાકાંઠે ઊગે છે. તેનાં પાન લાંબાં, ફૂલ જાંબુડાં કે ગુલાબી અને ફળ ગોળાઈ લેતાં અણીવાળાં અને ચાર બીજવાળાં હોય છે. ભીલ લોકો આ નાળાની ભાજીનું શાક ખાય છે. એની કોમળ શાખાઓ અને કોમળ પાનની ભાજીનું શાક કરવામાં આવે છે. તે સ્વાદિષ્ટ થાય છે. તેની તાસીર ઠંડી છે. તે ગરમી તથા લોહીના વિકારોને મટાડે છે. પૌષ્ટિક છે. સોમલ અગર

અફીણનું ઝેર કઢાવી નંખાવવા તેના પાનનો સ્વરસ આપવામાં આવે છે. તે રેચક છે. રતવાવાળાને તેના પાન સાથેના વેલા બાફીને નવડાવે છે. તેની દાંડી નળની માફક પોલી હોય છે માટે તેને નાલી કે નારી કહે છે. આ નાળાની ભાજી ગંગેશ્વર મહાદેવ પાસે જોઈ હતી.



સાબરના કિનારે ગંગેશ્વર મહાદેવનું મંદિર

દેસાઈ કંપો



દેસાઈ કંપો

કંપો એટલે ખેતરમાં નાનું થાણું. કુદરતમય જીવન.


અગારા લીલાભાઈ દેસાઈ પણ ખરેખર એક વિભૂતિ છે. તેમના પ્રસંગમાં ન આવ્યો હોત તો આ કાંઠો કદાચ મારે બાકી રહી જાત. તેમના જ કારણે આ કાંઠામાં આટલી જલદીથી ફરવાનો લહાવો મને મળ્યો છે. નાનેથી મોટા તેઓ પોતાના પગ ઉપર થયા છે. પરસેવો, શ્રમ અને ધનની પવિત્રતાનું સાચું સ્વરૂપ તેમણે ઓળખ્યું છે અને પાળ્યું છે. સંતાનમાં માતૃપિતૃભક્તિમાં પરાયણ એક દીકરો માવજીભાઈ અને એક દીકરી આમ બે જણાં જ છે. લીલાભાઈનાં પત્ની ખૂબ માયાળુ અને મોટા દિલની બાઈ છે.

તબીબથી ફોડલીની વિક્રિયા થતાં તેમના હાથની કોણી ઉપર ફ્લાવર જેવું મોટું સ્વરૂપ થઇ ગયું તે માટે મારે ત્યાં દાખલ થયા

પરંતુ ત્યાર બાદ આખું કુટુંબ મારી સાથે સ્વભાવમાં ઓતપ્રોત થઈ ગયું. તેમના આગ્રહથી અમે તેમના કંપા ઉપર અમારો ઉતારો ગોઠવેલો. એટલે દેરોલ પુલથી રણછોડપુરા થઈ આગલોડ તરફ જતાં વચમાં જ સડક ઉપર આંબાના ઝાડ નીચે અમે રાત્રે સાડા આઠ વાગ્યે આવી ગયા. ત્યાંથી આગલોડ માંડ એકાદ માઈલ દૂર રહે છે.

બરાબર રોડને અડીને જ જમીન અને મકાન આવેલાં છે. ત્યાં મીઠા લીમડાનું ઝાડ છે અને ઠંડું મઝાનું પાણી છે. આ ભૂમિ તપોભૂમિ જેવી લાગી છે. અહીંનાં હવાપાણી મને એટલાં તો સરસ લાગ્યાં છે કે બસ કાયમ માટે અહીં સ્થિર થવાનું મન થાય. તેમના કુટુંબનો સ્વભાવ મારા દિલને પણ શાંતિ પમાડતો હતો. તેઓ પણ મને છોડવા માગતા નહોતા.


અગસ્ત્યપુરી



અગસ્ત્યપુરી

ઋષિ એટલે ઇંદ્રિયોને કાબૂમાં રાખનાર, યમનિયમના ભંડાર અને તપના તેજ વડે દેદીપ્યમાન અણિમા, લઘિમા, દિપ્તી જેવી સિદ્ધિઓ તેઓને વરેલી હોય છે. આયુર્વેદના મહર્ષિઓમાં અગસ્ત્ય ઋષિ અમર છે. એમણે સ્થાપેલો અગસ્ત્ય આશ્રમ, જ્યાં આદિકાળમાં શિષ્યોને રાખીને ગુરુ-પ્રણાલીનું જ્ઞાન તેઓને આપતા હતા, તે ભૂમિ ઉપર ઊભા રહેતાં જ મનને શાંતિ મળે છે. આ ઋષિને સુખ નહિ પણ શાંતિ વરી હતી. ચ્યવન, ગુરુ આત્રેય, વાલ્મીકિ, વાલખિલ્ય, એટલાનાં સ્થાનો જોયા પછી આ અગસ્ત્યનું સ્થાન જોઈને આયુર્વેદનાં જૂનાં સંસ્મરણોની યાદ તથા પ્રેરણા આપે છે.


સાબરકાંઠામાં પેસવા માટે આ જૂનામાં જૂનો માર્ગ દેખાય છે.



સાબરકાંઠાનું પથ્થરિયા ઢાળવાળું જનું પ્રવેશદ્વાર

તેનું આ પ્રવેશદ્વાર પોળોના જેવું જ છે. અત્યારે મેં ખંડેર-સ્વરૂપમાં પણ ધીંગાણાનું ઐતિહાસિક સ્થળ જોયું.

અગસ્ત્યપુરી જેવું ગીચ વન બીજું હતું નહિ. ગામની બહેનો નદીમાંથી પાણી ભરી લાવતી હતી અને ગ્રામ્ય જીવનનું તાદશ દર્શન રજૂ કરતી હતી.



પાણી લઈ આવતી પનિહારીઓ

[નદીનું પાણી લાવવામાં પનિહારીને કેટલો ઉત્સાહ છે તે આ ચિત્ર બતાવે છે. ઢાળવાળો પથરાળ માર્ગ છેક નદી તરફ લઈ જાય છે. દરવાજો પૂરો થતાં જમણા હાથે મહાદેવનું મંદિર અહીંની સાબરના દ્વારપાળ જેવું લાગે છે.]

આયુર્વેદના ગ્રંથોમાં તમામનાં મંગળાચરણ શિવસ્તુતિથી જ કરેલાં છે. તેથી જ હું શિવાલયનો ફોટો તેના સ્ટ્રેટેજિક પોઇન્ટવાળો

હોવાથી તે સ્થળ વાચક સમક્ષ રજૂ કરું છું. અષ્ટાંગહૃદયે શિવસ્તુતિ કાઢી છે તેનું બખડજંતર બુદ્ધકાળમાં વ્યવસ્થિત રીતે થયેલું માલૂમ પડ્યું છે.



આગલોડનું શિવમંદિર

આ શિવમંદિર ઉપર અમે નાસ્તો કર્યો. જ્યાં જ્યાં આવાં શિવમંદિરો ઉપર અમે નાસ્તો કર્યો છે ત્યાં ત્યાં ચરકે લખેલા કૃતાન્ન ખાદ્યો જ વાપર્યાં છે, જેમાં પાણી જેવી રાબ પેયા (કોસંબી જતાં આદિવાસીની ઍલ્યુમિનિયમની હાંડલીમાં મીઠા વગરની) પીધી હતી.

વિલેપી—ધાટી રાબડી. આ અમે ચિત્રવિચિત્ર અને કોટડા છાવણીના સાબર તટે ખાધી હતી.

મંડ-ઓસામણ—અમે કાલીકાંકર પાસે શેઇ નદી ઉપર પીધું હતું. અહીં કૂણા બે પાનવાળાં પુંવાડિયાની ભાજીનું શાક મુરબ્બી ચંદુભાઈએ ખવડાવ્યું હતું.

ઓદન-ભાત—લાલ ચોખાનો શીલવાડમાં મગનભાઇને ત્યાં ખાધો હતો.

બાટી અને ચટણી—પોળો પાસે આભાપુર નજીક હરણાવના ભાઠામાં વાંસફોડાઓએ બનાવેલ મેં અને મુરબ્બી ચંદુભાઈએ ખાધાં હતાં.

"સ્વિન્નભક્ષ્યા" એટલે વરાળથી ચડેલાં ઢોકળાં અથવા ખમણ તથા આંઢવો શ્રી દવેસાહેબ સાથે ઝીંઝુડીથી આવતાં ખાધાં હતાં.

ફળયૂષ—લવણ-સ્નેહ-હિંગ, મસાલાથી યુક્ત સૂપ-મગનો અને તાંદળજાનો તથા સરગવાનો શ્રી પટ્ટણી સાહેબ સાથે અને શ્રી સોમપુરા સાથે હરણાવ બંધ ઉપર પીધો હતો.

અપૂપ એટલે માલપૂડા—આંબામહુડા આશ્રમમાં શ્રી હીરુભાઈ સાથે ખાધા હતા.

પૂડા—ચણાના લોટના : આ પૂડા અમે ઉદેપુર ફત્તેહ મેમોરિચલમાં શ્રી પટ્ટણી સાથે કોથમીર-મરચાં-લસણથી ભરપૂર લસણાડી ચટણી સાથે ખાધા હતા.

પૂપલિકા—ચોપડાં તો અમે પરોસડા-આંતરસુંબા-વિજયનગર, પાલ વગેરે ઘણાં સ્થળોએ ખાધાં.

પર્પટ—પાપડ-ખાસ મગ અને લસણના જ ખાધા હતા.

પૃથુકા—પોંઆનો ચેવડો. હિંમતનગરથી લઈ જઈ સોમ નદી તરફ જતાં વચ્ચે જ તેની ઉજાણી કરી હતી.

રસાલા—શ્રીખંડ. વિજયનગર દરબારસાહેબને ત્યાં અંમારી વનૌષધિ કમિટી વખતે બરાસવાળો સુગંધિત ખાધો હતો.

ઉત્કારીકા—લાપસી. અમે આદિવાસીના લગ્નપ્રસંગે ખાધી હતી. ખાસ કરી પદ્યારામાં શ્રી હાથીસાહેબ સાથે ખાધી હતી અને તે પણ અરીઠાના વૃક્ષ નીચે.

પાયસ—દૂધપાક. અમે શામળાજી મંદિરમાં દેવની મોરીના ઠાકોર સાહેબ સાથે ખાધો હતો.

કૃશરા—ખીચડી અમે ખાક ચોકમાં મહારાજશ્રીના રસોડે જમ્યા હતા.

યવાગૂ—એટલે ખીચડી શ્રી માવજીભાઇને ત્યાં દેરોલ પુલથી દૂર દેસાઈ કંપે લીમડાની કઢી સાથે ખાધી હતી.

ટોરડામાં પણ કઢી ખીચડી ખાધી. મગ તો બધે જ મળતા હતા. એક આદિવાસીને ત્યાં તો તપેલીમાં વીસથી બાવીસ શેર પાણીમાં શેરેક મકાઈનો લોટ ઉકાળેલો અને તેમાં ચારપાંચ તોલા મીઠું નાખેલું પાણી બળતાં રાબ જેવું રહ્યું હતું. આવું કાંજી જેવું દાંચલું પણ ખાધેલું. આ બધાયમાં બાટી અને દાંચલું ખાવાની મને ખૂબ મઝા આવી છે. અહીંનું પાણી એટલું તો સુપાચ્ય હતું કે પીતાં જ ફડાફડ પવન ધડાકા સાથે છૂટતો હતો.

"જબ અપાન ગીત ગાવે,
તબ શરીર સુખ પાવે."

અહીં નાનાંમોટાં ઝરણાં ભળે છે એટલે આ સાબરતટ પાણીથી સભર લાગે છે. આ ભાગને કુમારિકા ખંડ કહે છે અને તે સાધારણ દેશ છે. અહીં ઊભા રહીએ તો ડાબી બાજુએ રામ-ટેકરી, સીતાટેકરી અને અગસ્ત્ય આશ્રમ દેખાય છે.

ઋષિ અગસ્ત્ય પણ વૈદ્ય હતા અને ધ્રુવની માફક તેમનો પણ તારો દેખાય છે. મહર્ષિ અગસ્ત્ય સમુદ્ર પી ગયા હતા. જેમાં આવા મહાન વૈદ્યો હતા તે આ ભૂમિને મેં વંદન કર્યાં. ખરેખર ! હું આ અગસ્ત્યપુરીમાં ન આવ્યો હોત તો મારી યાત્રા પણ અધૂરી જ રહેત. મહર્ષિ વાગ્ભટ લખે છે કે દિવસે સૂર્યનાં કિરણો ચારેય પાસ લાગવાથી તપેલું જળ અને રાત્રિએ ચંદ્રનાં કિરણોથી ઠંડું થયેલું તથા અગસ્ત્યના ઉદયથી વિષ વિનાનું બનેલું પવિત્ર જળ "હંસોદક" કહેવાય છે. આ પાણી દોષો વગરનું છે. અભિષ્યંદી નથી. શરીરને લૂખું પાડે તેવું અમૃતના જેવા ગુણવાળું છે. અગસ્ત્યની ટેકરી પાસેનું આવું પાણી છે. હું પેટ ભરીને આ પાણી પી ગયો. અગસ્ત્ય ટેકરી આગળ જે આશ્રમ છે ત્યાં ભરેલો વહેળો અને ઠાલો વહેળો દેખાય છે. આ રીતે સાબર નીચેથી તો વહેણ ધરાવે છે પરંતુ થોડે થોડે અંતરે તેમાં આજુબાજુનાં ઝરણાં ભળે છે.

વર્ષો પહેલાં અહીં લીલાધરભાઈએ મોટો નાગ જોયેલો. તે જ્યારે ચાલે ત્યારે અવાજ થતો. નાગને બન્ને બાજુ લાંબી મૂછો હતી. મેં અને મુરબ્બી શ્રી ચંદુભાઈએ સાયંકાળે વીરેશ્વર પાસે નાગ જોયો હતો. તેને પણ મૂછો હતી. સાબરકાંઠાના નાગ મેં ગંભીર અને વિશાળકાય મુદ્રાવાળા જોયા છે.

રામસીતાટેકરી વિષે કહે છે કે અયોધ્યાથી ડાંગ તરફ જતાં રામસીતા અહીં થઈને ગયેલાં. અહીં વાંસનું મોટું વન હતું અહીંના વાંસ મહેસાણા જિલ્લામાં ખૂબ જતા. સામે કિનારે

દાડપ, દેરોલ, પેઢામલી, કંડોલી, પ્રેમપુર, ખેડાવાડાનાં ગામો આવેલાં છે. અહીંની સાબરનો પ્રભાવ અને પ્રતાપ મને જુદાં જ દેખાયાં છે. પટ પણ પહોળો અને પાણીથી ભરપૂર છે.




સાબરનો તટ–આગલોડ પાસે

ધરોઇથી સાંપડ સુધીના સાબરના કિનારે પુરાતન "ગદ્ધાપુરી", "કોટચર્ક", "મધુપુરી", "અગસ્ત્યપુરી", "સોજાનગરી" જેવી મહાન નગરીઓનાં મહાન ખંડેરો જોયાં.


ધરોઇથી કોટચર્ક સુધીનાં જે કોતરો જોયાં તે હાથમતીનાં કોતરોથી સહેજેય ઊતરતાં નહોતાં. પહેલાં હું એમ ધારતો કે મહિ-સાગરનાં કોતરો જ ઊંડાં છે પણ હાથમતિ સાબરનાં કોતરો જોઈ મારો મત ફેરવાઇ ગયો. આગલોડના ટેકરા ઉપર બ્રાહ્મણોનાં ઘર છે. તેમાં શ્રી પરિમલભાઈના ઘેર અમે બેઠા. તેમની પાસેથી સંસ્કૃતિની વાતો

હું સાંભળતો જ રહ્યો. તેમનામાં રહેલું નિખાલસપણું હૃદયને સ્પર્શી ગયું. તેમનું ઘર છાણથી લીંપેલું અને ઓકળીઓ પાડેલું હતું. પાણિયારું મને પૂર્વજોના ઘરની યાદ અપાવતું હતું



આંગલોડના શ્રી પરિમલભાઈનું પાણિયારું

ટેકરાની ઘોંસો ખરી પડતી દશામાં જોઈ છતાં આ બ્રાહ્મણો હિંમતપૂર્વક નિશ્ચિંત અને નિર્ભીક રીતે રહે છે તે જોઈ તેમની નિશ્ચિંતતા મને ખૂબ જ ગમી. સાથે ટેકરા ઉપર જ દરબારગઢ પણ જોયો.



દરબારગઢ, આગલોડ

રાજવીઓના હાલ અત્યારે પડતીની દશામાં આવી ગયા છે. તે આ મહેલ જોયા પછી ગાલીબની પંક્તિ યાદ આવી:

" દરો દિવાલપે છાયી ગાલીબ "

અહીંના યુવરાજશ્રી કનોજના રાજા જયચંદ રાઠોડના વંશજો અહીં ઇડરની ગાદીથી આ તરફ આવ્યા હતા. શાહબુદ્દીન ઘોરીને જયચંદ રાઠોડ બોલાવી લાવ્યો. તેનું ફળ એ આવ્યું કે શાહબુદ્દીન ઘોરીએ કનોજ ઉપર ચઢાઇ કરી. જયચંદે રાજપૂતાંણીઓને

બાળી મૂકી જેથી તે યવનના હાથમાં ન જાય. છેવટે તે ગંગા તરફ છૂપા વેશે નાઠો. ત્યાં એક માછીમારની હોડીમાં બેઠો પણ માછીમાર તેને પારખી ગયો અને એ દેશદ્રોહી જયચંદને હોડીવાળાએ ડુબાડી દીધો.

શાહબુદ્દીન ઘોરીના વખતની આ અગસ્ત્યપુરી ભાંગી.



સાબરકાંઠે અગસ્ત્ય આશ્રમની ટેકરી

આ ટેકરી રહ્યુંસહ્યું અગસ્ત્યનું ધામ બતાવે છે. આ મુનિ અગસ્ત્ય એ મહાન વૈદ્ય હતા અને તેમણે વિદર્ભરાજાની પુત્રી લોપામુદ્રા સાથે લગ્ન કર્યાં હતાં અને તેનાથી એક પુત્ર થયો હતો, જેનું નામ 'દઢસ્યુ' હતું.

આ મહાન વૈદ્યરાજ અહીં સાબરને કાંઠે પોતાનો આશ્રમ સ્થાપીને લોકોની તંદુરસ્તી જાળવતા અને રોગીને રોગમુક્ત કરતા

એટલું જ નહિ પણ અહીંના બે રાક્ષસો એક વાતાપિ અને બીજો ઇલ્વિલ એનો તેમણે નાશ કર્યો હતો.

આ મહાન વૈદ્યરાજનો ઉલ્લેખ ચરકે પહેલા જ અધ્યાયમાં કરેલો છે તે વાંચ્યું ત્યારથી જ મારે અહીં આવવું હતું.


આ જંગલોમાંથી તેમણે નીચેની વનૌષધિઓ ભેગી કરી એક "અગસ્ત્ય હરીતકી" નામનું દિવ્ય રસાયન જગતના લોકોના સુખ અને દીર્ઘજીવન માટે આપ્યું છે.

અગસ્ત્ય હરિતકી

બીલીનું મૂળ, અરણીનું મૂળ, સેવનનું મૂળ, કાળીપાટ, ટેંટુનું મૂળ, ઊભી ભોરીંગણીનું મૂળ, બેઠી ભોરીંગણીનું મૂળ, ગોખરુ, સમેરવો, ગંધી સમેરવો, કૌચાં, શંખાવલી, કચૂરો, ખરેટીનું મૂળ, ગજપીપર, અઘેડો, પીપરામૂળ, ચિત્રો, ભારંગમૂળ અને પુષ્કરમૂળ એ સઘળા આઠ આઠ તોલાભાર લેવાં તથા જવ તોલા ૨૫૬ અને સારી વજનદાર હરડે નંગ ૧૦૦ (એકસો) લઈ ૧૨૭૦ તોલા પાણીમાં ઉપરનાં ઔષધો નાખી ઉકાળી તથા હરડેને પણ આખી ને આખી નાંખી ઉકાળી જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારી હરડેને કાઢી લઈ કવાથને વસ્ત્રગાળ કરી હરડેના ઠળિયા કાઢી લઈ જૂનો ગોળ ૪૦૦ તોલા લઈ તેની ઉક્ત કવાથ સાથે ચાસણી કરીને તેમાં તે હરડેને નાખી ગાયનું ઘી ૧૬ તોલા તથા ૧૬ તોલા તલનું તેલ અને ૧૬ તોલા પીપરનું ચૂર્ણ નાખવું અને પાક ઠંડો થયેલ જણાય ત્યારે તેમાં ૧૬ તોલા મધ મેળવવું. તેમાંથી નિત્ય પ્રભાતકાળે ત્રણ તોલાભાર અવલેહ અને બે હરડેનું સેવન કરે તો ક્ષય, શોષ, ઉધરસ, શ્વાસ, હેડકી, વિષમજ્વર (મેલેરિયા), સંગ્રહણી, અર્શ, હૃદયરોગ, અરુચિ અને પીનસ એટલા રોગોનો નાશ કરે છે, ભૂખને વધારે છે, કોઠાને શુદ્ધ કરે છે. (કોઠો એટલે પાકા આહારનું સ્થાન, અગ્નિનું સ્થાન, મૂત્રનું સ્થાન, રુધિરનું

સ્થાન, હૃદય, વિષ્ઠાને રહેવાની પોટલી એટલે મળાશય, અને ફેફસું એટલું મળીને કોઠો કહેવાય છે અને આ અગસ્ત્ય હરિતકી આટલા બધા અવયવોને માંજીને સાફ કરે છે.), શરીરને પુષ્ટ કરે છે, વળિયાં પળિયાંનો નાશ કરે છે, શરીરના બંધારણને (બાંધાને) નવું બનાવે છે. આ મહા પ્રાણાભિસર વૈદ્ય આ એક જ પાઠથી ભારતભરના રોગો દૂર કરી મહા સેવા બજાવી છે.


"ખીલે છે જે તે કરમાશે,
જન્મે છે તે નિશ્ચે મરશે.
'અગસ્ત્ય હરિતકી' હૃદયે રહેશે,
એ રસાયન ઔષધનાં સ્મરણો."



અગસ્ત્યપુરી, સાબરના કાંઠે


[વનવાસીઓનું આ મહાન મથક ગીચ માનવ-ઉપયોગી વનૌષધિઓથી ભરચક હતું. ટેકરા ઉપર તેમની વસ્તી હતી. કાંઠો ઝરણાંથી

લીલોછમ અને હરિયાળો હતો. આયુર્વેદનું આ પરમ ધામ હતું. મહર્ષિ અગસ્ત્યનો ઉલ્લેખ ચરકસંહિતામાં જોવા મળે છે. તેઓ બ્રહ્મજ્ઞાનના ભંડાર, યમનિયમના નિધિ અને તપના તેજથી પ્રકાશતા હતા. તેઓ આયુર્વેદના તજ્જ્ઞ આપ્ત પુરુષ હતા. આ નગરીમાંથી "અગસ્ત્ય હરીતકી"નો પાઠ નીકળેલ છે, જે આજે સૌએ સેવન કરવા લાયક છે]



અગસ્ત્ય આશ્રમ

[આ ચિત્રમાં અત્યારે આશ્રમની જગ્યાએ એક ઓરડી તેમની સ્મૃતિમાં બાંધી છે. અહીં પુરાતન મૂર્તિઓના અવશેષો મોજૂદ હતા. આશ્રમ એટલે "આ" અને "શ્રમ". આ બે શબ્દોમાં 'આ' હદ-વાચક અક્ષર છે અને 'શ્રમ' એટલે મહેનત. જીવનમાં આ જગ્યાએ એવી મહેનત કરાતી કે જેથી આ જન્મ પછી બીજો જન્મ ન આવે. એથી મોક્ષમાર્ગનું આ પરમ ધામ હતું.]



અગસ્ત્ય આશ્રમની પુરાતન મૂર્તિઓ

[આ મૂર્તિઓનાં દર્શન માણસને દેવ બનાવે છે. આર્ય સંસ્કૃતિ દર્શનને માને છે કારણ કે તેથી ચિત્તમાં પૂર્ણતાની છાપ (પ્રતિબિંબ) પડે છે અને મન તેવું થવા પ્રયત્ન કરે છે. એ જડવાદ નથી પણ ચેતનવાદ છે; કારણ કે આ યુગમાં માણસના પ્રસંગમાં આવવું તેના કરતાં પૂર્ણયોગના પ્રતીકરૂપ આ મૂર્તિઓનાં દર્શન કરવાં શ્રેષ્ઠ છે.]


શ્રી લીલાભાઈ અને શ્રી પરિમલભાઈ પ્રવાસમાં અમારી સાથે જ હતા એથી અમને ખૂબ આનંદ હતો.



શ્રી પરિમલભાઈ ભટ્ટ અને શ્રી લીલાધરભાઈ દેસાઈ

[શ્રી પરિમલભાઈ આગલોડના છે અને પાસે જ એક કંપો છે ત્યાંના શ્રી લીલાધરભાઈ છે. બંને સંસ્કૃતિના ઉપાસકો છે. મારી સાથે ફરવામાં અને ફરીને મને વનૌષધિઓ બતાવવામાં અહીંના મૂળ વતનીઓએ મહાન ઉપકાર કરેલો છે. આર્યો એક એક શ્વાસ લે છે તે બીજાના અર્થે જીવીને ઉપકાર કરવા લે છે. કારણ કે ઉપકાર અર્થે જે જિવાય છે તે જ જીવન છે અને કેવળ સ્વાર્થ માટે જે જિવાય છે, તે જ માણસને તેના વિશાળ સ્વરૂપથી વિમુખ કરનાર મૃત્યુ છે.]

સાબરના કાંઠે વિસામાનો આનંદ પણ અનેરો હોય છે. સાબરના તટમાં સ્નાન કરી અમે સૌ પવિત્ર બન્યા. બાળહઠને પહોંચાય તેમ નથી. માવજીભાઈના નાનાએ હઠ કરી ફોટો પડાવવા આગ્રહ કર્યો.



સાબરને કાંઠે રમેશ, હસુ અને માવજીભાઈ


[આ સાબરના પાણીનું તેજ આ છોકરા ઉપર મેં જોયું. 'કુ' એટલે પૃથ્વી અને 'માર' એટલે ઠેકડો મારવો. પૃથ્વી ઉપર ઠેકડા મારતો આ છોકરો પણ રમતમાં જ આ ટેકરીઓ ચડી જતો હતો. તે ટેકરી ઊતરી ફોટા પડાવવા નદીના એડમાં તરત જ ઉતરી ગયો અને મારા શિષ્ય ભાઈ રમેશ સાથે ઊભો રહી ગયો. પિતાના વહાલસોયા વર્તનની હૂંફ અનુભવતો તે દેખાય છે.]



કચરા હસુ રાજુ

અહીં રહ્યાસહ્યા મુનિ અગસ્ત્યના અવશેષોને પ્રણામ કરીને તેની રજને અમે માથે ચઢાવી અને છેલ્લી વિદાય લીધી.


આ અગસ્ત્યપુરીમાં બે જૂનાં દેવમંદિરો જોયાં.



આગલોડનું પુરાતન દેવમંદિર

[અનેક દુઃખીઓ આ ભક્તિનું શરણું લઈ જીવે છે. કર્મકાંડની કડીને પકડીને જેઓ ટિંગાય છે તેઓ કામસમુદ્રમાં ડૂબીને જન્મ-

મરણથી ખેદ પામે છે. જેઓ ત્રણે કડીઓ ઓળંગીને વિદ્યાતીત કૈવલ્ય સ્વરૂપમાં આવ્યા તે ત્રીજી કડીએ જ્ઞાની થયા. કર્મકાણ્ડની પહેલી કડી છે. તે ભક્તિકાંડની કડીને લાગેલી છે. મુમુક્ષુ લોકોનો સમુદાય કર્મકાંડથી ભક્તિકાંડે ચડ્યો. એ રીતે ભક્ત લોકોએ કર્મકાંડમાં ભજન કરીને, ભક્તિકાંડમાં ઈશ્વર મેળવીને તેને પ્રસન્ન કર્યો. જ્ઞાન થવા માટે તથા તે પછી પણ નિર્ગુણ ઉપાસના કરતાં સગુણ ઉપાસના વધારે સહેલી છે. સગુણ ઉપાસના કરનારને ઈશ્વરની મદદ વધારે મળે છે તેથી આગલોડના આ મંદિરને ચરણસ્પર્શ કર્યા અને હું કૃતાર્થ થયો છું.]



આગલોડનું પુરાતન દેવમંદિર

[જેના નામથી મહાદોષ જાય છે, ઉચ્ચ ગતિ મળે છે, પુણ્યનો સંચય થાય છે તે ભગવાનનું મેં પ્રભાતમાં જ દર્શન કર્યું. સાબરકાંઠાનાં કેટલાંક મંદિરો તો જુગજૂનાં છે. ઘણાં મહંમદ પહેલાંનાં છે, ઘણાં શાહબુદ્દીન ઘોરીએ તોડયાં છે. આ પુરાતન મંદિરને મેં નમસ્કાર કર્યા.]

પ્રકરણ ૨
સોજાનગરી


પાંડવોના વખતની સોજાનગરી

આ એક એવું મોટું શહેર હતું કે નવસો નવ્વાણું નાડીનું નગર કહેવાતું અને ચોમાસામાં વરસાદ પડતાં જે હળ નીકળે તેવાં નવસો નવ્વાણું હળ અહીં સાથે નીકળતાં અને એક જ ખેતરમાં ખેડતાં. તેના ઉપરથી તે નવસો નવ્વાણું નાડીનું નગર કહેવાતું. વાતાપિ નામનો રાક્ષસ આ વિસ્તારમાં પ્રજાને ખૂબ રંજાડતો. તેથી ગામલોકો તેના ત્રાસથી અગસ્ત્ય ઋષિ પાસે ગયા. આ નગરી ભાંગતાં અગસ્ત્યપુરીમાં વસ્યાં. ચીની મુસાફર હ્યુ એન સંગ બાવીસસો વર્ષ પહેલાં આવ્યો ત્યારે આ બધી સંસ્કૃતિ હરણાવ સંસ્કૃતિ તરીકે તેણે ઓળખી હતી.

"હારો" : વાંચવાનું પુસ્તક

આ ગામમાં એ નગરી વખતનું એક પુસ્તક રહી ગયું છે. તેની લિપિ બહુ જ પુરાણી છે. આ પુસ્તક વાંચતાં ભવિષ્યનો ખ્યાલ પણ આવી શકે છે. જ્યારે જ્યારે ગામ ઉપર આફત આવે, દુષ્કાળ પડે, વરસાદ ન આવે કે અતિવૃષ્ટિ થાય તો આ પુસ્તક વાંચવામાં આવે છે અને તેની અગમચેતી સાચી ઠરે છે. જેપુર તેમ જ ફલુ એ બન્ને ગામ આગલોડમાંથી છૂટાં પડેલાં છે. મૂળ આ સોજાનગરીમાં રજપૂતોનો વસવાટ હતો, અને આ પણ એક આયુર્વેદની ઔષધિઓનું મોટું વન હતું. હરડેનું પણ અહીં એક મોટું વન હોવું જોઈએ. કારણ કે અગસ્ત્યે અહીં જ હરીતકી લઇને પ્રજાના હિતાર્થે તેમણે "અગસ્ત્ય હરીતકી"નો પાઠ આપ્યો છે. સાબરના કિનારે આગલોડ અને સોજા બે એટલી ઊંચાઈવાળાં નગરો હતાં

કે અડધું અમદાવાદ ડૂબે ત્યારે આગલોડ નદીના ઢાળવાળા રસ્તાનાં તેર પગથિયાં પાણી ઊંચે ચડતું હતું. સોજ્ઞનગરના અવશેષ તરીકે એક હનુમાનની જૂની મૂર્તિ નદીકિનારે રહી ગયેલી છે. નદીમાં પૂર આવતાં મોટી મોટી શિલાઓ આ પૂરના પાણીથી ઢસડાઈ છે, પણ આ મૂર્તિ અહીંથી ખસતી નથી. અત્યારે આ સ્થાને એ મોટા વહેળા જોયા, જે ગુફાઓમાંથી નીકળે છે. ત્યાં આ રીતે પાંચેક હજાર વર્ષનાં પુરાણાં માટીનાં વાસણોના અવશેષો જમીનમાં દટાયેલા જોયા અને તેને ઉખેડીને પણ જોયા. ત્યાં પણ પડી ગયેલાં કોતરો જોયાં. અને તેથી જ તે વાસણો ઉઘાડાં પડી ગયાં હતાં. અમે જેપુરથી ફલુ ગયા; અને ફલુથી સોજા ગયા. આ બધા આયુર્વેદની વનૌષધીથી ભરપૂર જંગલો હતાં. પણ અત્યારે બધો મુલક ધૂળિયો છે. માટીના દટાયેલા પુરાતન અવશેષો જોયા.



માટીના પુરાતન અવશેષો


[આ બધા અવશેષો આપણા પૂર્વજોની યાદ આપે છે. નગરીઓ એ નવી કૃતિ નથી. દુનિયાની બધી પ્રજાઓ અહીંથી જ સંસ્કૃતિ ચોરી ગઈ છે. એથી પોતાની આગવી સંસ્કૃતિનો આગવો પ્રચાર એ દંભ છે. મેં 'સોજા' નામ પહેલી વખત સાંભળ્યું ત્યારે મને મારા ઉપર તિરસ્કાર થયો કે આટલી મોટી નગરીનું નામ પણ મેં સાંભળ્યું ન હતું.]

અહીં એક ગુફા જોઈ તે ખૂબ ભવ્ય હતી. તેમાંથી એક વહેળો નીકળે છે તે સાગરને મળે છે. આ બાજુ આવા નાનામોટા



પાણીનો વહેળો

વહેળા આવેલા છે, જે સાબરમાં ઠલવાય છે. અહીં બાવળ ખૂબ પ્રમાણમાં જોયા. બાવળ ઉપર પરડિયા જોયા અને પોતાનાં ઢોર માટે તેનો પાલો ભેગો કરતો બાવળની ટોચ ઉપર માણસ જોયો.



બાવળ કાપતાં ટોચ ઉપર

કાંટા ખાઇને શૂળની વેદના સહન કરીને પણ જો આ લોકો ઝાડ કાપતા હોય તો સુંદર, સુંવાળાં વૃક્ષો આ માનવ શેના રહેવા દે? અહીંથી ફ્રેશ થઇ અમે દેસાઈ કંપે આવવા નીકળ્યા. આ પુરાતન નગરી જંગલોની મધ્યમાં આવેલી હતી.



સોજાનગર ઉપરનો ગ્રુપ ફોટો

અહીં ત્યારે ધોમ ધખતો તાપ પડે છે. અહીંનાં નાનાંમોટાં ઝરણાં સાબરમાં ઠલવાય છે.



સાબરમાં ઠલવાતાં નાનાંમોટાં ઝરણાંઓ

અહીંની માનવ ઉપયોગી રહીસહી વનસ્પતિની ખોજ કરવી અને તે માટે રબારી, ભરવાડ અને ભીલોની સાથે ફરવું, તેમનાં ઝૂપડાંમાં સૂવું વગેરેથી મારું જીવન સર્વાંગી વિકસિત થયું છે. કારણ કે તેમના પ્રસંગોમાં આવવાથી ચિત્તશુદ્ધિ મળી છે અને ઔષધોનું જ્ઞાન મને આનાથી મળ્યું છે. આ સોજાથી ફસુ થઈ અમે દેસાઈ કંપે આવ્યા. અને મોટા આંબાના છાયડે હાથ મોં ધોઈ મીઠા લીમડાની કઢી, મગ, ભાત જમી, પાછા આંબાના ઝાડ નીચે સોજાની ગરગીને ભૂલવા શીતળ છાંયે આરામ કરવા આડા પડ્યા. લીમડા કરતાં પણ આંબાનો છાંયો શીતળ લાગ્યો.

અગસ્ત્ય વન

આ કોતરો અને સાબરનો કાંઠો પ્રાચીન કાળથી ગીચ જંગલોથી આચ્છાદિત હતો. અહીં હરડેનું વન હતું. અને અહીં હરડેનાં વૃક્ષ ૮૦ થી ૧૦૦ ફૂટ ઊંચાં થતાં હતાં. તેનું લાકડું સખ્ત હતું. પાંદડાં ૩ થી ૮ ઇંચ લાંબાં થતાં અને ૨ થી ૪ ઇંચ પહોળાં થતાં હતાં. શીતકાળમાં આ પાંદડાં ખરી પડતાં. પગદંડ ૧" લાંબો હતો. ફળમાં એક જ બીજ હતું. જે હરડે પાણીમાં ડૂબી જાય તેવી હરડે સર્વશ્રેષ્ઠ કહેવાય છે. અહીં ચેતકી અને વિજયા નામની હરડે થતી હતી. તેનાં કાચાં ફળ નાનાં નાનાં ખરી પડતાં તે હિમેજ કહેવાતી. નાની હરડે (હલીલસ્યાહ) તો લાખો મણ થતી હતી. આ હરડે તેમાં ગોટલી થતા પહેલાં જ ખરી પડતી અને જ્યારે ગોટલી પૂરી બાઝી જાય ત્યારે તે તોલા બે તોલાની હરડે થતી હતી અને આ હરડેનો ઉપયોગ કરી અગસ્ત્યમુનિએ લોકોને માટે અગસ્ત્યહરીતકીનો પાઠ આપ્યો હતો. અત્યારે હોશિયારપુર અને અમૃતસર હરડેનાં બજાર રહ્યાં છે પરંતુ એક વખત સાબર અને અરવલ્લી જ તેનું મુખ્ય બજાર હતું. આ હરડેના વૃક્ષ નીચે રહેવાથી પણ કબજિયાત રહેતી ન હતી. હરડેમાં ખારો રસ નથી તેથી જ તેનો ગુણ છે અને તે વાયુનું અનુલોમન કરે છે. યોગવાહી, રસાયન, અગ્નિદીપક, હલકી, દસ્તાવર, મેધાજનક, લેખન કરનારી, વાયુનું અનુલોમન કરવાવાળી, હૃદયને હિતકારી, નેત્રોને હિતકારી, સ્મૃતિકારક, અવસ્થાસ્થાપક, બળકારક, કોઢનો નાશ કરનારી, વિવર્ણતાનાશક, ઇન્દ્રિયોને પ્રસન્ન કરવાવાળી, મસ્તકરોગ, સ્વરભંગ, વિષમજ્વર, જીર્ણજ્વર. પાંડુ, હૃદયરોગ, કમળો, શોષ, સોજા, મૂત્રાઘાત, સંગ્રહણી, અતિસાર, પથરી, વમન, પ્રમેહ, કૃમિ, શ્વાસ, વિષ, ઉદરરોગ, ખાંસી, પસીનો, મલસ્તંભ, આનાહ, કર્ણરોગ, મસા, બરોળ, ત્રિદોષ, ગુલ્મ, હેડકી, વ્રણ, ઉરુસ્તંભ અને શૂલ તથા અરુચિનો નાશ કરે છે. ઠંડી ઋતુમાં ઝાડ ઉપર

માત્ર ફળ લાગેલાં હોય છે. પાન ખરી ગયેલાં દેખાય છે. અને ઉનાળામાં ફળ બેસવાની શરૂઆત થાય છે અને કડાના પર્ણ જેવાં પાન આવે છે. ચૈત્ર માસના અંતમાં નાની નાની કૂંપળો મેં જોઇ હતી. આ રીતે સોજા શહેર બહુ જ પુરાણું શહેર હતું. સાબરના કાંઠે જે નગરીઓ હતી તેમાંની સોજાનગરી મુખ્ય હતી.

અગસ્ત્ય મુનિએ અગસ્ત્ય હરીતકીનો જે પાઠ અહીં આપ્યો તેમાં દશમૂળ, ભારંગમૂળ, કૌંચા અને પીપરીમૂળ મુખ્ય ઓૈષધો હતાં. આ પ્રદેશ દશમૂળનું તો મથક હતું. તેમાં "ટેટું" પાર વિનાનું થતું હતું અને તેને તલવાર જેવી શિંગો બાઝતી હતી. બળદાણા પણ પાર વિનાના થતા હતા. આ બધાં જંગલોનાં વૃક્ષોની છાયા નીચે નાની નાની પીપરના વેલા થતા હતા. અને તેનાં મૂળ પીપરામૂળ કહેવાતાં. અગસ્ત્યે પોતાના પાઠમાં તેને વાપર્યાં છે. આ રીતે અગસ્ત્યે અગસ્ત્ય હરીતકીનો જે પાઠ આપ્યો છે તે આ ભૂમિની પ્રસાદી છે. આ સોજાનગરીમાંથી અગસ્ત્યનો એક જ સંદેશો છે કે જે આ અગસ્ત્ય હરીતકીનાં બે હરડેનાં ફળ રોજ ખાશે તે નીરોગી, તંદુરસ્ત અને નિરામ રહીને પોતાની ઇચ્છાશક્તિ મુજબ જીવી શકશે.

બીજાં વૃક્ષો અને ભોંયઆવળી મેં છેક મહોર સુધી જોયાં. અહીંના લોકો આમવાતમાં તેનાં મૂળને ઉકાળીઉકાળીને પીએ છે. આ ભોંયઆવળીને શાખાપ્રશાખા નીકળી વૃક્ષ થતું નથી, પણ જમીનમાંથી જ–મૂળમાંથી જ સીધા સોટા નીકળે છે. આ બધી ઝાડી વાંસના જંગલથી જ ભરપૂર હતી. વખત જતાં અહીંના લોકોએ વરિયાળી અને જીરાની ખેતી કરવા માંડી છે. અને એ રીતે દીપન ઓૈષધ તરીકે વરિયાળી અને પાચક ઓૈષધ જીરાને અપનાવ્યું છે. હું આખો હિમાલય ફર્યો તો તેમાં અખરોટનાં વડ જેવાં વૃક્ષો, બનફશા, દેવદારનાં ગગનચુંબી વૃક્ષો એ બધું જોયું હતું, જ્યારે આ કાંઠે તો

બાવળ, હરડે, વાંસ, ટેટું, બીલી, શેવળ, કાંસકી, નગોડ, સંદેશરો, અને નર્યું જીરું અને વરિયાળી દેખાતાં હતાં. અને આ બાજુ અણિયારનાં વૃક્ષોએ મને ખૂબ આકર્ષ્યો. વર્ષો પહેલાં આ બાજુ મઢણનાં વૃક્ષો પણ હતાં. મઢણનો કાંટો વાગે તો બહુ જ ખરાબ.

અણિયારનાં બાવળ જેવાં વૃક્ષ દેખ્યાં. માવજીભાઈના કૂવા ઉપર જ આ વૃક્ષ હતું. અણિયારની વધારે સુકાઈ ગયેલી શીંગ બકરું ખાય તો મરી જાય છે. તેને બાવળ જેવી પાંદડી થાય છે. અણિયારનો કાંટો લાલ થાય છે. બાવળનો ધોળો થાય છે. અણિયારને વાંકી આંકડિયા શીંગ આવે છે. અહીંના લોકો અર્બુદ ઉપર આ અણિયારની છાલને ઘસીને ચોપડે છે અને તેનો પાઉડર ભભરાવે છે. આ બાજુ ઇંગોરિયાં પણ ઘણાં છે. આ લોકો અગ્નિ અનુસાર ચિકિત્સા કરે છે પણ હવે અહીં ઇત્તર તબીબી શાસ્ત્રો પેઠયાં છે તેથી દોષ અનુસાર અને અગ્નિ અનુસાર ચિકિત્સા હવે અહીં નહિવત્ રહી છે. મારી દઢતા અને આ રખડપટ્ટી જોઈ રમેશને પણ અગ્નિ અનુસાર ચિકિત્સા અને ઔષધિ જડીબુટ્ટીના પ્રભાવ માટે રખડવાનું મન થઈ આવ્યું અને સોજાથી આગળ ચાલ્યા. અહીંના ચરા અને આંઘ્રામાં અણિયાર અને મઢણ ખૂબ છે પણ આયુર્વેદના નિઘંટુમાં તેનો ઉલ્લેખ નથી કારણ પિલ્લક જેવી કેટલીય ઔષધીઓ નથી.


પ્રકરણ ૩

સોજાથી શામળાજી અને દેવની મોરીમાં પરિભ્રમણ

સોજાથી શામળાજી

સોજાનગરીથી પેલું પુસ્તક ઉઘાડવા માટે ઘણી જ મહેનત કરી પણ પુસ્તક રાખનાર અને વાંચનાર માણસો આવ્યા જ નહિ. તેમાંય કાંઈ દૈવનો સંકેત છે. નવું જે સોજા ગામ બંધાયું છે ત્યાં દરબારની મેડી ઉપર એક કલાક બેઠા. અને ચૈત્ર માસમાં ખેતરોમાં વરિયાળી લીધા પછી ઠૂંઠાં અને સાંઠા સતત ખડકેલાં દેખાતાં હતાં. અહીંથી ફલુ થઈ જેપુર થઈ દેસાઈ કંપે ગયા. ત્યાં લીંબુનાં પાન ઉકાળીને "ચા" પીને સીધા જ હિંમતનગર ગયા. ત્યાંથી સંજીવની થઈ શામળાજી તરફ પ્રયાણ કર્યું. સોજાથી શામળાજી જતાં વચમાં સાબરનો ડેરોલ પુલ ઓળંગીને રાત્રે શામળાજી પહોંચ્યા. ત્યાં ખીચડી-શાક સાથે નરસિંહભાઈની લસણ અને કેરી–ડુંગળીની ચટણી ખૂબ જ સ્વાદ સાથે ખાધી. વનવાસીઓ તાજી જ ચટણી ખાય છે. તેઓ વાસી ખાતા નથી. જીરું પણ તાજું વાટે છે. લસણ પણ તાજું અને મરચું આખું તથા મીઠું ઓછું નાખે છે. આ બધાં જીવતાં જાગતાં એન્ઝાઇમ્સ છે. આ લોકો દિવસમાં બે વાર ખાય છે. અમે પણ આવી એન્ઝાઇમ્સવાળી ચટણી સારા પ્રમાણમાં ઝાપટી. ભરપૂર જીરાવાળી ચટણીએ મારી રહીસહી ગરમીને તથા થાકને દૂર કર્યા. અને જમીપરવારીને ચાંદનીની શીતળતા અનુભવતા અમે ઊંઘમાં પડ્યા. આ પહાડોની હવા તથા શીતળતા તરત જ નિદ્રાને લાવી દે છે. માનવ ઉપયોગી રહીસહી વનસ્પતિની ખોજ કરવી અને તે માટે રબારી, ભરવાડ અને ભીલોની સાથે ફરવું તથા તેનાં ઝૂંપડાંમાં સૂવું તથા તેમની સાથે પ્રસંગોમાં આવવાથી મને ચિત્તશુદ્ધિ મળી


છે. આયુર્વેદની ભક્તિનું ફળ એકમાત્ર ચિત્તશુદ્ધિ છે એમ મને લાગે છે. આખા દિવસના થાકે અને શામળાજીની શીતળતાના પ્રભાવથી જ એકી ઊંઘે સવાર થઈ ગઈ. અહીં જોયું કે શામળાજી કૃષ્ણનું સ્વરૂપ છે. કૃષ્ણ એ વિષ્ણુનો અવતાર હતા. આ બધા પ્રદેશને દેવની મોરીનું રાજ્ય કહેવાતું. દેવની મોરી એ નામ ખૂબ સુંદર છે. શામળાજી એ દેવ છે અને મોરી એટલે નગરી. આ બહુ પુરાતન નગરી હતી. મેશ્વો નદી અહીંથી વહે છે. તેની પથારીમાં હજારો વર્ષ પુરાણું મંદિર મેં દશેક વર્ષ પહેલાં જોયું હતું.



દેવની મોરી પાસેના પુરાતન અવશેષો


[આ મંદિરનું અસ્તિત્વ બતાવતો નકશો વિદ્યાપીઠ સાથે વિશાળ ક્ષેત્રમાં માટીના બાંધકામવાળો બતાવે છે. વખત જતાં તે દટાઈ ગયો હતો. તે પછી પૂર આવવાથી ખુલ્લો થયેલો છે, જે અત્યારે સરોવરમાં ડૂબેલો છે.]

આ મંદિર અકબંધ નીકળ્યું હતું. તેનું સ્વરૂપ પણ જેવું ને તેવું જ પુરાણું તથા ઘુંમટવાળું-ગોળાકાર ઘુંમટવાળું હતું. આની પ્રદક્ષિણા મારામાં નવું જોમ અને ભક્તિરસ સીંચતી હતી. ફરવાનો રસ્તો પણ સુંદર હતો. નજીકમાં પાઠશાળા અને નાની રૂમો તથા ગટર સીસ્ટમ પણ હતી. તે ખોદતાં તેમાંથી માટીના સિક્કા અને વાસણો નીકળ્યાં હતાં.



દેવની મોરી પાસેના સિક્કા

[પહેલાં સોનાનું ચલણ હતું, કાગળનું નહિ. સિક્કા ૪૦૦૦ વર્ષે બગડે નહિ તેવા મજબૂત હતા. આ રીતે આર્યો ચોકસાઈપૂર્વક પોતાનો વ્યવહાર ચલાવતા હતા. તે વખતે પણ સિક્કા પાડવાની ટંકશાળો હતી. સમાજમાં નામાનો વ્યવહાર પ્રચલિત હતો તેમ અનુમાન થઈ શકે.]



દેવની મોરીના મેશ્વો તટમાં મંદિરમાંથી નીકળેલાં માટીનાં વાસણો


[અહીંની માટી લાલ છે અને તેમાંથી બનાવેલાં વાસણો જાણે મશીનમાં બનાવેલાં હોય તેવાં સફાઈદાર, આકર્ષક અને સગવડભર્યાં માલૂમ પડે છે.]



દેવની મોરી પાસેનાં વાસણના અવશેષ


[૪૦૦૦ વર્ષે પણ માટીનો કાંઠલો ભાંગતો નથી તથા રંગ પણ જતો નથી. એટલે તેની મજબૂતાઈ કેટલી હશે અને સચ્ચાઈ કેવી હશે તે આ અવશેષો ઉપરથી આપણને જાણવા મળે છે.]

આ માટી કેવી મજબૂત અને સારી રીતે પકવી છે કે આજે ચાર હજાર વર્ષે પણ વાસણો એવાં જ નીકળે છે! આવી દેવની મોરીનાં દર્શન કરી અમે બોલુન્દ્રા જવા તૈયાર થયા.



દેવની મોરીનો નકશો

[શામળાજીનું રાજ્ય અલગ હતું. એટલા પ્રદેશમાં ત્યાંના ઠાકોરે સાહેબનું વલણ ચાલતું હતું. અત્યારે પણ તેમના વંશજો છે. આજુબાજુના પહાડો લીલા રાખવામાં તેમનો ફાળો ઘણો જ મોટો છે.]



દેવની મોરી ઉપર ગ્રુપ

આ શામળાજીના પહાડોમાં બે મુખ્ય વનસ્પતિઓ દેખાય છે તેમાં (૧) સાગ અને (૨) ગૂગળનાં ઝાડ શામળાજીના વિસ્તારમાં હું અનેકવાર ફર્યો છું અને રાતવાસોયે રહ્યો છું. અને અહીંનાં સાગનાં વનોમાંથી પસાર થયો છું. મિસ્ટર હાથી જ્યારે આ બંધ બાંધતા હતા ત્યારે તેમનાં કવાર્ટરમાં હું એક મહિનો રહ્યો છું. તે વખતે આ સાગનાં અસંખ્ય વૃક્ષો જોઈ મને પણ એમ થતું હતું કે આટલા બધા સાગ અરવલ્લીમાં છે અને બીજે ક્યાંય નથી તેનું શું કારણ? પણ જેમ હિમાલયમાં દેવનું વૃક્ષ દેવદાર અસંખ્ય પ્રમાણમાં છે, તેમ આ સાગ સાબરકાંઠાનો એક દેવદાર છે. અહીંના સાગ સાઠથી એંશી ફૂટ ઊંચા થયેલા મેં જોયેલા છે. આ અભ્રમાં અડીને અભ્ર સાથે વાતો કરતાં હોય તેવાં ગગનચુંબી વૃક્ષો મેં

શામળાજીના પર્વતોમાં જોયાં. એટલે જ તેનું નામ "અભ્રંલિહઃ" પડ્યું છે. આની શાખાઓ વગેરે ધોળા રંગનાં હોય છે. પાન સામસામાં ઘણાં મોટાં, ખરસટ હોય છે. પાનને ચોળતાં લાલ રંગ હાથે લાગે છે. ફૂલના પુષ્પમંડપો શાખાઓને છેડે શાખા–પ્રતિશાખાઓમાં આવેલા હોય છે. તેના ઉપર સફેદ રંગનાં અનેક ફૂલો આવે છે. આમાંથી ઘણાં જૂજ ફૂલોમાંથી જ ફળ પાકે છે! ફળ ભૂરા રંગનાં, સખ્ત અને બહુધા ચાર ખાંચિયાવાળાં હોય છે. આની ઉપર રુવાંટીનું અસ્તર પણ હોય છે.

ઉનાળામાં આનાં પાન ખરી જાય છે. આવડાં મોટાં પાન ઉનાળામાં એટલું બધું પાણી શ્વાસ વાટે બહાર ફેંકી દે છે કે ઝાડ બિચારું સુકાઈ જાય છે. અને આવાં બોડાં વૃક્ષો જોઈને જાણે જમીન ઉપર મોટા ઊંચા ખીલા રોપ્યા હોય તેવું લાગે છે. પણ આ પાંદડાં શ્વાસોચ્છ્વાસનું કાર્ય કરતાં હોય છે. પ્રભુની આ અજાયબી કેવી સુંદર લાગે છે. મારે મન આવાં સુંદર વૃક્ષો નીરખવા મળે તે એક લહાવો છે.

પાન ખરતા અગાઉ ઘણા વખત પહેલાં તેની તૈયારીઓ ચાલી રહે છે. શાખા ને પાંનની ડીંટડીના સાંધા આગળ એક કાળાશ પડતી રેખા પાન ખરવા માટે જણાવા લાગે છે. તે પછી પાન ખરતાં જ વૃક્ષ પર્ણ વગરનાં નગ્ન અને શુષ્ક લાગતાં હોય છે અને જાણે સુક્કાં ધડ થઈ ગયાં હોય તેવાં દેખાય છે.

આ સાગનાં વૃક્ષોનાં પાન લોકોને અમૂલ્ય પાઠ આપે છે, જે આ ખરતાં પાન તેના જન્મદાતાને પણ ભૂલતાં નથી. તેમ જો માણસ પણ ખરતા પહેલાં સમાજને પોતાનું કર્મરૂપી ફળ અર્પે તો તેમાં તેની સાર્થકતા છે. આ પાન બધાં થડ આગળ પડે છે અને તે કહોવાઈને પોતાનું ખનીજ તત્ત્વ આ જ વૃક્ષને પાછું અર્પણ કરે છે. આ સાગનું વૃક્ષ ઋતુને અનુકૂળ થઈ રહેવાની શક્તિ

ધરાવે છે. ચોમાસામાં પોતાનાં મોટાં મોટાં પાન દ્વારા ઝાડમાંથી વધુ પડતો પ્રવાહી ભેજ બહાર કાઢી નાખે છે એટલા જ માટે તેને મોટાં પાન હોય છે અને ઉનાળામાં ગરમીના કારણે વિકાસનો હ્રાસ થતો હોવાને લીધે પાનને ખેરવી નાખે છે. એ મંદિરમાંથી નાગધરા આગળ થઈ, હું રોજ નાહીને હરિશ્ચન્દ્રની ચૉરી પાસે થઈ સરોવરની આસપાસ ફરતો ત્યારે સાગનાં પાંદડાં મારા પગમાં અથડાતાં હતાં. એ રીતે દેવના સ્વરૂપ જેવાં સાગનાં વૃક્ષો શામળાજીની છત્રછાયા જેવાં બની રહ્યાં છે. બીજું આ પહાડો ઉપર મેં ૧૯૨૭માં ગૂગળનાં ઘણાં જ વૃક્ષો જોયાં હતાં. પણ હાલમાં તે કપાઈ ગયાં છે. તારંગા ઉપર પણ આ ગૂગળનાં વૃક્ષો ઘણાં હતાં. સાથે સાથે મકરોડાનાં વૃક્ષો પણ ઘણાં હતાં, જેને ટીંબરૂં જેવાં ફળો લાગે છે. આ ફળોનો ઉપયોગ પગના વાઢિયા મટાડવામાં ત્યાંના લોકો કરે છે. કૃત્રિમ કિડની દ્વારા ડાયેલીસીસ કરીને તમારામાં રહેલું યુરિયા બહાર કાઢે છે. કારણ કે કિડની પેશાબ બનાવતી નથી, પરંતુ આ સાગનાં મૂળિયાંને બકરીના દૂધમાં સિદ્ધ કરીને તેમાં સાકર ભેળવીને પીવામાં આવે તો તે અટકી ગયેલા પેશાબને તરત જ બહાર કાઢે છે. અને મૂત્રાઘાતમાં પણ પેશાબને બનાવીને તે બહાર કાઢે છે. આ સાગનાં વૃક્ષોનાં પાન ખરસટ–કરકરાં છે. વૈદ્ય સુશ્રુતે તેનો અનુશસ્ત્રમાં ઉલ્લેખ કરેલો છે. પહેલાં તો વૈદ્યો આ પાન દ્વારા આંખનાં પોપચાંમાં થયેલા ખીલ, આંજણી વગેરેને ખોતરીને મટાડતા હતા. હું. સ્વામીજી તથા અમારા એન્જિનિયર શ્રી છોટાભાઈ શંકરભાઈ પટેલ અહીં ફરતા હતા ત્યારે આ સાગનાં પાનમાં રણછોડજીના મંદિરના ઓટલે જમણ કરતા હતા.



સાગનું વૃક્ષ

[દેવની મોરીનું દેવદાર વૃક્ષ એટલે જ સાગ. આ બાજુના નાનામોટા અનેક પહાડો અહીંથી છેક લુછડિયા સુધી સાગથી છવાયેલા છે. બહુ જ ઊંચા નહિ, નીચા નહિ છતાં પાંદડાં બહુ જ લાંબાં માલૂમ પડે છે.]

આજથી ત્રીસ વર્ષ ઉપર જ્યારે હું આ પહાડો ફરતો, ત્યારે અહીં ગૂગળનાં વૃક્ષો ઘણાં જોતો. તેની બીજી જાત હાલરડી પણ મને દેખાતી હતી. સાથે કોઈ કોઈ કડાપાનાં વૃક્ષ પણ દેખાતાં હતાં. ઇન્દ્રજવનાં વૃક્ષ આ પહાડોનું હંમેશનું ઘરેણું જ રહ્યું છે. આ ગૂગળનાં ઝાડ પાંચથી બાર ફૂટ ઊંચાં મેં જોયાં છે. તારંગા ઉપર બહુ જ સારા પ્રમાણમાં ચમકદાર વૃક્ષો જોયાં. તેની શાખાપ્રશાખાઓ જાડી ડાંડી જેવી હતી. તેની ઉપરની કાગળ જેવી પાતળી ભૂરી છાલ ચમકતી અને ઊખડેલી હતી. અને તેની નીચેની છાલ લીલી

હોવાથી તે ભાગ લીલો ભૂરો માલૂમ પડે છે. અહીંના પર્વતો એમ કહે છે કે આ અમારો ગૂગળ પાણીમાં ઉકાળીને સીધો જ કેમ વાપરતા નથી. અને તાંબા જેવી ભસ્મો નાખીને મને નકામો ખરાબ બનાવો છો ? આમ સીધો જ તમે મને વાપરશો તો તમારા વાત-વ્યાધિઓમાં મારો ખપ એટલો પડશે કે તમે તમારાં રોગમાંથી મુક્ત થશો. સૂર્યના તાપથી તે વૃક્ષો તપતાં ત્યારે તેમાંથી એક પ્રકારનો નિર્યાસ નીકળે છે તેને જ ગૂગળ કહેવામાં આવે છે. આ ગૂગળ મેં અહીંયાં ઘણો જ જોયો છે અને ખાધો છે. તે સ્વાદમાં કડવો છે અને તેની ચમક સુવર્ણ જેવી છે. આ ગૂગળનાં વૃક્ષોનાં પાન જાડાં અને ટૂંકાં હોય છે. શિયાળે ખરેલાં જોયાં હતાં. ચોમાસે વરસાદ થવાની સાથે ફરીથી પાછાં નવાં પાન ફૂટે છે. ફળ રાતા રંગનાં સૂક્ષ્મ હોય છે અને ઉનાળે આવે છે. ફળ ઘઉંલા જેવાં નાનાં, લીલા રંગનાં હોય છે. ચોમાસાની શરૂઆતમાં પાકી જાય છે. આ ઝાડમાં જ જખમ કરવાથી એક જાતનો ચીકણો રસ ઉનાળામાં નીકળે છે. શિયાળામાં ગુંદર જેવો બંધાય છે. આનાં ફળ ખાવાથી એક પ્રકારની સુગંધ મોંમાંથી આવે છે. ગૂગળનાં નામોમાં તેનું એક નામ કૌશિક છે અને બીજું નામ કુમુદિની છે. આ ગૂગળ એક રસાયન છે અને વયઃસ્થાપક અર્થાત્ વયને સ્થિર કરનારો છે.

જે માણસ ગૂગળનું સેવન કરે છે તેની ત્વચાને કરચલીઓ પડી ગઈ હોય તોપણ તેથી તે મુક્ત થાય છે. તેને વળિયાં અને પળિયાં આવતાં નથી અને ધોળા થયેલા વાળ કાળા થાય છે. ગૂગળ જરા અવસ્થાને પણ દૂર કરે છે. બુદ્ધિ, દૃષ્ટિ, બળ, ઓજ અને વીર્ય એ સર્વની વૃદ્ધિ કરે છે. વાર્ધકયશોપમાં ઘણો જ ફાયદો આપે છે. કોઢ, પ્રમેહ, અશ્મરી, શૂળ, આધ્માન, વિસર્પ રોગ તથા લોહીના બગાડના રોગોને તે દૂર કરે છે. ભૂતો વગેરેને પણ તે દૂર કરે છે. તેની સુગંધથી હવામાં રહેલાં દૂષિત તત્ત્વો અને જીવજંતુને નાશ કરે છે.

હવાને સ્વચ્છ બનાવે છે. હોમહવન આદિ પ્રક્રિયા દ્વારા લોકોને શાંતિ પમાડવામાં તથા મંગળ કાર્યમાં આ ગૂગળનો ઉપયોગ કરવામાં આવે છે. આ ગૂગળની પાંચ પ્રકારની જાતો છે, જેમાં મહિષાક્ષ, મહાનીલ, કુમુદ અને પદ્મ તથા હિરણ્ય છે. એ પાંચેય જાતો મેં અરવલ્લીમાં જોઈ હિરણ્ય ગૂગળ સોનાઘાટીમાં થાય છે. આ ઘાટી પાનરવા જતાં આવે છે. તેનો ચઢાવ ઘણો જ ઉંચો છે, તેનું ઉતરાણ ઘણું જ નીચું છે. આ ગૂગળનો રંગ સોના જેવો છે. તારંગા ઉપર જે ગૂગળ થાય છે તે ભાળોક જેવા વર્ણ જેવો મને લાગ્યો છે, જેને પદ્મ કહેવામાં આવે છે. આભાપુર પાસે પરોસડાની આગળ પોળાના શિવમંદિરના અંદરના ભાગમાં છેક કાછરોટિયા પહાડ સુધી આ ગૂગળ કુમુદ ચંદ્રવિકાસી પોયણાં સમાન લાગતો હોવાથી તેને કુમુદાક્ષ કહેવામાં આવે છે. સોનગઢના ડુંગરા ઉપર પોશીના નજીક જે ગૂગળ મેં જોયો તે મહાનીલ ગૂગળ હતો. ત્યાં પણ તેલ જેવા રંગનું ઝરણું જોયું. આ ડુંગર ચડતાં હું માંડ બચ્યો હતો અને મરડાંશીંગીના છોડ જોઈ લોથપોથ થઈ પાછો ફરેલો.

અહીં ફરતાં ફરતાં જે વનવાસીઓને વા થતો હતો તેમાં મેં આ ગૂગળને ઉકાળીને ખાવાનું કહ્યું. પણ લોકો ભસ્મને કારણે ગૂગળને બદનામ કરે છે અને માને છે કે ચકલીની ચાંચ જેટલો ગૂગળ વાપરવાથી શુ ફાયદો થશે? પણ હું કહું છું કે તમે ગૂગળ સીધો જ તોલા બે તોલા ઉકાળીને પીવાનો રાખો. આ રીતે શામળાજીના આજુબાજુના પહાડો અને દેવની મોરીનો આ પ્રદેશ મારા હૃદયને એટલો તો ગમ્ય થઈ પડયો છે કે મેં અહીં જ આયુર્વેદ યુનિવર્સિટી બનાવવાનું સૂચન કર્યું હતું. રાત્રે અમે ધોળી કરણના નીચે ઘાસ ઉપર તથા પૂનમની ચાંદનીની શીતળતામાં ફર્યા. આ શ્યામ સરોવરમાં પાણી ભરાયા છતાં મંદિરનો ઉપરનો ભાગ હજુ દેખાય છે. આ પ્રદેશમાં આદુની ખેતી

થાય છે. તેનું આદુ ખાવાની મને મઝા પડી છે. આદુને પાકતાં જમીનમાં નવ મહિના લાગે છે. આદુ દળદાર અને રેસા વિનાનું હોય છે. તેમાં રહેલી તીખાશ અગ્નિને તરત જ પ્રજ્વલિત કરે છે. ભીલ લોકો પોતાની છ ગુંઠા જમીન હોય તોપણ તેમાં આદુની ખેતી કરે છે. અહીં શામળાજીના મેળામાં આ આદુ વેચાય છે. અહીંના મંદિરમાં પૂનમનાં દર્શનનો લહાવો પણ લેવા જેવો છે. અને દિવ્ય આકાશપુત્રી ઉષા કૌમાર્યની વિવિધરંગી દિવ્ય ઓઢણી લહેરાવતી અહીંયાં પ્રકટતી જોઈને મારામાં આનંદનો ઊભરો છલકાઈ ગયો.

પ્રકરણ ૪

દેવની મોરીથી બોલુન્દ્રા

ઋષિભૂમિમાંથી સીધા દેવભૂમિમાં

આ ઋષિભૂમિનાં કોતરોમાં ઇટેડો, જેને અમે અટેડી કહીએ છીએ અને જેને આયુર્વેદની ભાષામાં મરડાશીંગી કહેવામાં આવે છે, તેનાં અહીં જંગલોનાં જંગલો હતાં. તેને ઢોરો ખૂબ જ પ્રમાણમાં ખાય છે. આ ભાગમાં લાલ એરંડો ખૂબ થતો અને મઠના વાવેતરનું તો ભારતભરનું મોટામાં મોટું કેન્દ્ર અહીં હતું. મઠના રોટલા અહીં ખવાતા અને દુકાળમાં મઠનો જ ઉપયોગ કરાતો. એટલે જ તે સમયે મઠ સસ્તા હતા. જ્યારે આ મુલકમાં મઠ ખવાતા ત્યારે તાવ હતો નહિ, હૃદયરોગ થતો નહિ. 'મદનપાલ નિઘંટુ'એ પીનસકાસજિત્ કહીને મઠનું ગૌરવ ખૂબ વધારી દીધું છે. વાગ્ભટે તો મઠને મેદ ઉતારનાર ગણાવ્યા છે. અમારે માવજીભાઈએ મઠનાં વખાણ ઘણાં કર્યાં હતાં. કહેતા કે આ ભૂમિમાં મઠ એટલા બધા થતા. અત્યારે તો ઊગતા જ નથી. આયુર્વેદે મઠને **વનમુદ્ગ** નામ આપ્યું છે. આનું નામ વનમુદ્ગ એટલે જંગલના મગ અથવા જંગલી મગ કહેવામાં આવે છે.

આવા મઠનો ઉપયોગ

"જે ખાય મઠ તેને ન જોઈએ લઠ" આમ અહીંના લોકો કેળવાયેલા મજબૂત બાંધાના હતા. હારેલો જુગારી બમણું ખેલે તેમ જ્યારે અહીંના ખેડૂતો ખેતીમાં પાછા પડે ત્યારે કહેતા કે હારેલો ખેડૂત મઠથી સંધાય. આમ મૂઠીભર મઠના દાણા ઓરવાથી કેટલાય મઠ ઉત્પન્ન થતા. એવો આ મુલક છે. પણ અત્યારે તે જોવાનું ખાસ થયું નહીં. શ્રી લીલાભાઈ કહેતા કે વૈદ્યરાજ, અહીંના લોકો

જ્યારે તેમનું હાડકું ભાગે ત્યારે પણ આ જ મઠના રોટલા ખાતા તથા તે જ લોટથી લેપ બનાવીને મારતા. આમ ભાંગેલાં હાડકાં જોડાઈ જતાં. તેમણે બીજી નવી વાત એ કરી કે પહેલાંના જમાનામાં વાલોળનાં પાનનો રસ કાઢી કિત્તા વડે આ રસ વડે લખતા હતા. પહેલાં શાહી ક્યાં હતી? પણ તેઓ કહેતા કે જેમ લખાણ જૂનું તેમ તેના અક્ષર વધારે સ્પષ્ટ ઊપડતા. ઝાડામાં કે અન્યત્ર લોહી પડતું હોય તેમાં મઠ હિતાવહ છે તથા તેનો યૂષ પણ. મઠનાં મઠિયાં ખાવાનો ચાલ ગુજરાતમાં છે. અને અમદાવાદમાં મઠના ખાખરા ખૂબ ખવાય છે. મઠના છોડનો જે ભૂકો થતો તે ઢોરો માટે ખૂબ જ પુષ્ટિકારક બનતો. આ સાબરના કાંઠે ગદ્ધાપુરી નામની નગરી હતી અને અત્યારે વૌઠાના મેળામાં ૪૫૦ રૂપિયે આ ગધેડું વેચાય છે. ઘોડા કરતાં ગધેડાની કિંમત અત્યારે વધારે છે. આ ગધેડાને મઠ ખવડાવવામાં આવતા. ગધેડીનું દૂધ શાખાવાતમાં ખૂબ જ ઉપયોગી છે. સોજા અને આગલોડના મુલકના લોકોની સરભરાની મારા મનમાં મહેક રહી ગઈ છે. પછી તે પ્રદેશ પૂરો કરી શામળાજીના આદુંનો આસ્વાદ લઈને અમે ઓલુન્દ્રા તરફ આગળ ચાલ્યા.

પોતાના ભૂતકાળને ભૂલી જનાર પ્રજા ભવિષ્યને કદી સારી રીતે નહીં પિછાની શકે. તેથી મેશ્વો નદીનો ભૂતકાળ જોવા હું ચાલ્યો. અહીં અગ્નિહોત્રનું મથક છે. પરમ જ્યોતિનો આવિર્ભાવ જે બ્રાહ્મણોને થયો છે તેમનાં શબ્દોમાં જરા જેટલોય અવિશ્વાસ મૂકવાનું પાપ હું કરતો નથી. વિગતો ભેગી કરવી, તેને બરાબર ગોઠવવી. તેનો અરસ-પરસનો સંબંધ જોવો, સંત મહાત્માને મળવું, ભીલોની સાથે ફરવું, કથોળિ લોકોનાં ગોતરાં અને પછી તેના ઉપરથી અમુક નિષ્કર્ષ ઉપર આવવું એ વૈજ્ઞાનિક પદ્ધતિ આગલા આંઠેય ભાગમાં અપનાવી છે અને આ નવમા ભાગમાં તેનું સ્વરૂપ પૂર્ણ સ્વરૂપે વિકસાવ્યું છે. એમાં ધર્મ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, આરોગ્ય અને વૈદક બધું જ છે.

આ રીતે આ નવમો ભાગ એ જીવનદર્શન છે અને વૈજ્ઞાનિક છે. મેં જોયું કે આ લોકોએ આ વનૌષધિઓથી જીવન ટકાવી રાખ્યું છે. ખરી રીતે સર્વ ઉન્નતિનું મૂળ પ્રજાની જીવનશક્તિ છે. ટોરડાના વૈદ્ય રવિશંકરે આમળા–ખાખરાનો પ્રયોગ કરાવ્યો ત્યારે મેં માહિતી મેળવી કે પહેલાંના વૈદ્યો આવા કેટલાય રસાયન પ્રયોગો કરાવતા હતા. મારો ખાખરામાં બાફેલાં આમળાંનો પ્રયોગ ડાહ્યાભાઈ કુલાભાઈ પટેલે પણ જોયો હતો.


न जरां न च दौर्बल्यं नातुर्यं निधनं न च ।
जग्मुः वर्षसहस्राणि रसायनपराः पुरा ॥

આ રસાયનપ્રયોગોથી હજારો વર્ષનું આયુષ્ય પ્રાપ્ત થાય. અરે મરણ પણ ન થાય, અરે અક્ષયધામમાં તે બ્રહ્મપદને પામે ! અને એ રીતે આ મુલકમાં કામી, વૃદ્ધ ચ્યવનઋષિને પણ અશ્વિનોએ ફરીથી યુવાન બનાવ્યા હતા. અને ત્રણે લોકોમાં કીર્તિ ફેલાવી હતી. વૈદ્યો પણ આવા રસાયન પ્રયોગો કરાવતા હતા અને કરતા હતા. અને આવા વૈદ્યો ધ્યાનચક્ષુ અને જ્ઞાનચક્ષુ વડે આયુર્વેદનું જ્ઞાન મેળવતા હતા અને સતત ગુરુસેવા કરતા હતા. જ્ઞાનચક્ષુ દ્વારા દર્શન થાય તે સ્થૂલ ચક્ષુ કરતાં વધારે સાચુ હોય છે. અહીંના વૈદ્યોએ અત્યંત સૂક્ષ્મ એવા એક ઇંચના ૨૫૦૦૦મા ભાગ જેવડા કેસાદ, લોમાદ, કકેરૂક, મકેરૂક જે કોઢ વગેરે ઉત્પન્ન કરે છે તેવા જીવાણુઓ જોયા હતા. અને જે આંતરડાંમાં ચોંટી રહે છે તે અંત્રાદ, ઉદરાવેષ્ટ જેવા કૃમિઓને પણ જોયા હતા. એવા ઋષિઓની ભૂમિવાળો મેશ્વો તટ એ ભારતીય સંસ્કૃતિનું એક અનુપમ રત્ન હોવાથી હું ત્યાં ગયો.

શામળાજીથી સીધા જ હવે અમે બોલુન્દ્રા ઊપડ્યા. પણ દુઃખ એ થયું કે દર વખતે જે શામળાજીના મેશ્વો નદીના નાગધરામાં નાહીને નીકળતો એ ધરો આ વખતે મેં પાણી વગરનો જોયો.

ગાબટથી આગળ, ગાબટ અને માલપુરની વચ્ચે માતરિયો ધરો સાત ખાટલાનું ઓણ જાય તેટલો ઊંડો હતો, જેમાં લાલિયા લુહારે પારસમણિનો હીરો નાખ્યો હતો તેમાં પણ નહાવા જેટલું પાણી મેં જોયું નહીં, તેમ નાગધરામાં પણ પાણી આ વખતે જોયું નહીં. એટલે જ વિશ્રામભવનમાં નળના પાણીએ નાહવું પડયું. આ નાગધરાના પાણીથી હું દર વખતે પાવન થઇને મારો શારીરિક થાક ઉતારતો, પણ આ વખતે મારો થાક પૂરેપૂરો ઊતર્યો ન હતો. પણ અહીંના મહારાજે નાસ્તો તથા આદિવાસી ભાઈઓએ ચટણી પણ ખવડાવી હતી, જેનાથી મારું દિલ ખુશમિજાજમાં હતું. શિયાળામાં લસણની ચટણી અને ચૈત્રમાં કેરીની ચટણી તથા તેમાં જીરું નાખેલો બાફલો મને તેઓ આપતા. શામળાજીથી સીધા રાયગઢ તરફ જતાં વચમાં ગદાધર અને ટીંટોઇ થઈ મોડાસા તરફ રસ્તો જાય છે. તે રસ્તે જતાં વચમાં ત્રિભેટે જીવનપુર ગામ પાસે થઈ અમે બોલુન્દ્રા ગયા. જીવનપુર પહેલાં બ્રાહ્મણવાડા ગામ જોયું. જીવનપુરથી જમણા હાથે વળતાં બોલુન્દ્રા અને સરડોઇ તથા મેઢાસણ તરફ જતો પાકો ડામર રોડ શરૂ થાય છે. બોલુન્દ્રા જતાં વચમાં મેશ્વોનો પુલ આવ્યો. અહીં આવતી મેશ્વો આગળ બ્રાહ્મણવાડા બાજુ નાદરી અને મેશ્વોનો સંગમ થાય છે. ૧૯૪૭માં આ નાદરી તટ પર ખૂબ જ ફર્યો હતો. આજેય આ નાદરીના તટનું આકર્ષણ મારા હૃદયમાં તાજું જ છે. તે પછી એકલી મેશ્વો બોલુન્દ્રા થઇને આગળ નીકળે છે. દૂરથી બોલુન્દ્રા જોતાં આ ગામની ભવ્યતા અને તેની પાવનતાની સુવાસ જણાઇ. આ મેશ્વો નદીનો વળાંક બોલુન્દ્રાને અડીને હતો અને દૂરથી જાણે બોલુન્દ્રા કોઇ ટાપુ ના હોય તેમ મને લાગ્યું.

મેશ્વોકિનારાનું બોલુન્દ્રા અને સાબરકિનારાનું સોજા બંનેની જમીનની માટીમાં જ ફેર છે. સોજા ભણી અણિયારનાં મોટાં મોટાં વૃક્ષો થતાં હતાં અને અહીં લીલાધરભાઇના ખેતરમાં આ અણિયારનું



મેશ્વોનો પુલ

ઝાડ છે. આ વૃક્ષનો ઘેરાવો આંબા જેટલો છે. ખીજડાના કાંટા જેવા જ આના કાંટા (સમી) છે. તેનાં પાંદડાં ખીજડાનાં પાન કરતાં સહેજ મોટાં હોય છે. તેના ફળમાં પાપડી બાઝે છે. પાપડીનાં બીજ પાતળાં તથા મીઠાં લાગ્યાં. ગ્રંથિ અને અર્બુદ ઉપર તેની છાલનો ઉપયોગ થાય છે. આનો ભૂકો વ્રણને શુદ્ધ કરે છે. અણિયારને મળતાં મઢણનાં વૃક્ષો થાય છે, અને હાલમાં પણ છે. મઢણની પાપડી આવળના જેવી અને લાલ હોય છે. આનો કાંટો બહુ જ ઝેરી હોય છે. આનો ઘેરાવો તથા આની ઊંચાઇ અણિયારથી નાનાં હોય છે. આનાં પાનાં અણિયારનાં પાનાંને મળતાં જ હોય છે. આનાં જે ફલ આવે છે તેમાં ત્રણ કલર હોય છે. આ મઢણને હું વેલંતરો કહું છું. તે પીળો, સફેદ અને જાંબુડિયો આમ ત્રણ રંગમાં થાય છે. તે હિસાબે સાબરના પશ્ચિમ કિનારાની વનસ્પતિઓ

આમ જુદી જ હોય છે અને મેઘવો બાજુની વનસ્પતિ પણ જુદી જ છે. ખેલુન્દ્રાના પાદરમાં પેસતાં જ આજુબાજુ ડુંગરોથી ઘેરાયેલું આ ગામ જોવાની ઘણા વખતથી મારી ઇચ્છા હતી. હવે અમે કૃષ્ણાશ્રમમાં પેઠા અને પહેલાં પેસતાં જ હરડેનાં વૃક્ષનાં દર્શન કર્યાં. સાબરકાંઠામાં હરડેનાં અપાર વૃક્ષો હતાં.



હરડેનાં ફળોથી લચી પડેલું વૃક્ષ

મારા ગુરુવર્ય સ્વ પ્રભાશંકરભાઈ કહેતા કે ભાઈ, જેને શરદી બારે માસ રહેતી હોય તેને વળી આ આયુર્વેદનું જ્ઞાન કેવી રીતે થશે ? ત્યારથી હું હરડેનું સેવન કરતો થયો છું. અને હાલમાં પણ આ હરડેનું સેવન ચાલુ છે. મારી આખી જિંદગી એટલે કે મારા એક એક કોષ આ હરડેના અણુઓથી રંગાયેલા છે. કારણ મેં આ હરડેનો ઉપયોગ ન કર્યો હોત તો. આટલું જીવી શક્યો ન હોત. આ હરડેએ મારી માતાની ગરજ સારી છે.

"नास्ति यस्य गृहे माता तस्य माता हरितकी" જેની માતા ના હોય તેને માટે માતાના સ્વરૂપમાં આ હરડે તેની રક્ષા કરે છે. આ હરડેના પ્રયોગથી હું સ્થિર અને જરાથી દૂર બન્યો છું. આ હરડેના ગુણો મેં બરાબર અપનાવ્યા છે. આ હરડેના વૃક્ષમાં રહેલી દિવ્યતાએ મારો કાયાકલ્પ કરી દીધો છે. આ હરડેના પ્રયોગથી માણસના શરીરની ત્વચા કોમળ અને ત્વચાનાં છિદ્રો ખુલ્લાં રહે છે. અને ત્વચાના અને કોષ્ઠના અનેક જાતના રોગો તેને થતા નથી. હરડેનું સેવન કરનાર નીરોગી રહીને આ લોકમાં અને પરલોકમાં સારી રીતે કાર્ય કરી શકે છે. આચાર્ય ચરકે ત્રણ એષણા બતાવી છે. પ્રાણૈષણા, ધનૈષણા અને પરલોક એષણા. સ્થૂલ શરીરને અને સૂક્ષ્મ શરીરને પણ આ હરડે શુદ્ધ કરે છે. શરીર, મન, ઇન્દ્રિય અને આત્માના સન્નિકર્ષ વડે જ્ઞાન થઈ શકે છે, જેથી આત્મચિંતન અને ભગવત્સ્મરણ થઈ શકે છે. આ શરીર અને મનની શુદ્ધિ વગર જ્ઞાન થતું નથી. જેમ મીરાંએ રામરતનરૂપી ધન મેળવીને પોતાનું જીવન અને કાયા અમર બનાવ્યાં તેમ હું પણ આ હરડેરૂપી રતન મેળવીને ઘણો જ કૃતાર્થ અને પાવન બન્યો છું. માટે જ તમને હરડેની મહત્તા બતાવું છું.

हरी हरीतकी चैव गायत्रीं च दिने दिने ।
मोक्ष–आरोग्य–तपःकामी चिंतयेत् भोक्षयेत् जपेत् ॥

સૂક્ષ્મ શરીરના સુખ માટે હરિનું નામ, શારીરિક એટલે ભૌતિક પંચમહાભૂતનું શરીર નીરોગી રહે તે માટે હરડેનો ઉપયોગ તથા સર્વ સાધનાની સિદ્ધિ માટે ગાયત્રીની ઉપાસના જ જરૂરી છે, જેના દ્વારા માણસ જીવનમાં સફળ થઈ શકે છે.

આ બોલુન્દ્રાના પર્વતો મેં નર્યાં હરડેનાં વૃક્ષોથી ભરેલા જોયા. અને આ કાંઠો ફરીને હું નાચી ઊઠ્યો. એક એવો વૈદ્ય પાક્યો કે જે

આખી દુનિયા ફર્યો. ભારતના લોકોએ તેને ચરક નામ આપ્યું. તે પૃથ્વી પર્યટન કરીને આવ્યો ત્યારે હિમાલયની પાસે બધા વૈદ્યોએ ભેગા થઈને તેને પૂછ્યું કે તમે આખી સૃષ્ટિમાં ફર્યા છો તો તમને કયું વૃક્ષ શ્રેષ્ઠ લાગ્યું. ચરકે તરત જ જવાબ આપ્યો : હે, પંડિતો, તમે મારી પ્રતિજ્ઞાપૂર્વકની સત્ય વાત સાંભળો, જેમાં એક પણ જાતની શંકા કરવાને સ્થાન નથી. હરડે જેવું શ્રેષ્ઠ વૃક્ષ કે ફળ મે. જોયું નથી. આવી સર્વોત્તમ હરડેના આ ઝાડને હજારો ફળ લાગેલાં હતાં.


અહીંયાં પણ આ હરડેનાં વૃક્ષોને ઝૂમખાંબંધ ફળો લાગેલાં હતાં. મેં પહેલી જ વાર ચૈત્ર માસમાં ફળ લાગેલાં જોયાં. બીજી બાજુ ફૂલ શરૂ થવાની તૈયારી હતી. આ ફૂલમાંથી હરડે થઇ મોટી થતાં જ ખરી પડે છે. જેને આપણે હીમજ કહીએ છીએ. જાંબુના જેવાં નાનાં ઊગતાં પાન નવાં ફૂટતાં દેખાતાં હતાં. પૂર્ણ વિકસિત પાન ૬" થી ૮" લાંબાં અને ૨" થી ૩" પહોળાં હોય છે. છેડો અણીદાર હોય છે. મારા ગુરુનું આ પ્રિય ઔષધ હતું. આ હરડેનાં ફળ ખાવાથી નીરોગી અને નીડર બનાય છે. હરડે શરીરને વિશાળ બનાવે છે તથા ઉત્તમાંગ(શિર)ને શુદ્ધ બનાવે છે. મારા ગુરુ કહેતા કે મારી સાત પેઢી આ હરડે ખાવા અને ખવરાવવામાં ગઇ છે. તેઓ જીવ્યા ત્યાં સુધી હરડે ખાધી છે. હરડે શરીરના તેરેય વેગોને અનુકૂળ રાખે છે. વાયુના વેગોનુ અનુલોમન કરે છે. શરીરમાં રહેલા કચરાને બહાર કાઢે છે. મને કહેતા કે ભાઇ, તમે હરડે ખાવ છો તો સો વર્ષ સુધી મરશો નહીં. અમે હરડે ખાઈને સુખી થયા છીએ, તમે પણ ખાશો તો સુખી થશો. આ તેમનો જીવનમંત્ર હતો. આ હરડેનાં સંસ્કૃત નામો નીચે પ્રમાણે છે:

અભયા, અમોઘા, અમૃતા, અવ્યથા, બલ્યા, ભિષગ્વરા, ભિષક્પ્રિયા, ચેતકી, ચેતમુખી, દેવી, દિવ્યા, ગિરિજા, હૈમવતી, હરીતકી, હિમજા, જયા, જીવંતિકા, જીવંતી, જીવપ્રિયા, જીવ્યા, કર્કરશૃંગી,

કાયસ્થા, નંદિની, પાચની, પંચરસા, પથ્યા, પ્રમથ્યા, પ્રાણદા, પૂતના, રસાયનફલા, રોહિણી, રુદ્રપ્રિયા, શક્રા, શક્રશ્રીષ્ઠા, શિવા, શ્રેયસી, સુધા, સુધોદ્ભવા, વનતિક્તા, વયસ્થા, વિજયા : આટલાં હરડેનાં સંસ્કૃત નામો છે. આ હરડે મારા માટે જીવન છે. આનું દૈવી નામ યથાર્થ છે. દુનિયાના ઓછામાં ઓછા ૨૫ ટકા લોકોના લોહીમાં આ હરડેના પરમાણુઓ આજે પણ ફરી રહ્યા છે. છતાં આજે સાબરકાંઠામાંથી હરડેનું વન મૂળ સાથે ખોદી નંખાયું છે, ત્યારે ખરેખર મને એક વાત યાદ આવે છે :

" દુનિયાને ઊંધાં ચશ્માં
ડાહ્યા દીવાના લાગે. "

આ રીતે આખા ને આખા વનનો સમૂળો નાશ કરવો એવી ડાહ્યા માણસોની પ્રવૃત્તિ કેવી ગણાય ? ૧૯૪૭માં જ્યારે હું આકળવ્યાકળ ગયેલો ત્યારે એક સંતે કહેલું કે અહીંનો ડુંગર એકલી હરડેથી ભરેલો છે. આજે ત્યાં હરડેનું એક પણ વૃક્ષ જોવા મળતું નથી. અહીં બોલુન્દ્રામાં હરડેનું વૃક્ષ જોયા પછી શ્રી શુકદેવજીએ કહ્યું કે અહીં આજુબાજુ હરડેનાં ઘણાં વૃક્ષો હતાં. તે ઉપરથી જણાય છે કે અહીં ત્રિફળાનાં ત્રણે વૃક્ષોનાં જંગલો ભરપૂર પ્રમાણમાં હોવાં જોઇએ. બહેડાં અને આમળાનાં હજારો વૃક્ષો મારા અગાઉના પર્યટનમાં મેં જોયેલાં તે આજે ન જોવાથી મને ખૂબ દુઃખ થયેલું. પરંતુ સીસ્ટેમેટિક પ્લાનિંગમાં આવી હરડે જેવી અનેક દિવ્ય ઔષધિઓના કોલસા થઈ ગયા. ટીકનાં વૃક્ષોને સ્થાન મળી ગયું છે.



હરડેની ડાળી સાથે શુકદેવજી

અહીં હરડેનાં પાન સહુએ ખાધાં. તેના પાનની અણી તીક્ષ્ણ હતી. સ્વાદ હરડેના જેવો તૂરો હતો. શ્રી શુકદેવજીએ કહ્યું કે હરડેના ઝાડ નીચે બેસવાથી પણ દસ્ત સાફ આવે છે. પહેલા સ્ટેજમાં ફૂલ પછી જે નાનાં ફળ લાગીને ખરી પડે છે તેને હીમજ કહેવામાં આવે છે.




ડાળી સાથે હરડેનાં ફળ બતાવી રહેલા પૂ. શુકદેવજી

આ હીમજ કાચી ખરી ગયેલી હરડે છે તે જાણવું ખાસ જરૂરી છે. બીજા સ્ટેજમાં સહેજ મોટાં ફળ ખરી પડે છે. તેને હરડાં

કહેવામાં આવે છે. અહીં અમે જે હરડે જોઇ તે ખાસ્સી ૧॥ થી ૨ તોલાની હતી. જેમ બોરડી ઉપર બોર લાગે છે અને જાંબુડી ઉપર જાંબુ લાગે છે તેમ ઝૂમખાબંધ હરડેનાં ફળ લાગેલાં હતાં.




હરડેનું ઝમખું



હરડેનાં ફળ ઝૂમખામાં

સાપઉતારામાં મેં હરડેનાં વૃક્ષ જોયાં હતાં. તે પણ આટલાં સમૃદ્ધ ન હતાં ૧૯૪૭માં શ્રી શંકરલાલ બેંકર અને અનસૂયાબહેન સાથે શ્રી દાદુભાઇ અમીનના બંગલામાં આબુ ઉપર રહેતો ત્યારે


ત્યાં પણ મેં હરડેનાં વૃક્ષ જોયાં હતાં. આબુ પણ અરવલ્લીનો એક ભાગ છે. સદ્ભાગ્ય છે કે હરડે જેટલાં મહુડાના ઝાડ કપાયાં નથી. આ રીતે હીમજ–હલીલસ્યાહ, પીળી હરડે જે અહીં થાય છે તે હલીલજર્દ અને જે મોટી હરડે થાય છે તે હલીલકાબુલી કહેવાય છે. આ ત્રણે વસ્તુતઃ એક જ વૃક્ષનાં ફળ છે. પરંતુ અવસ્થાભેદથી ભિન્ન થાય છે. હરડે વૃક્ષનાં કાચાં કોમળ ફળ ગોટલી બાઝતાં પહેલાં સ્વયં ખરી પડે છે અથવા તો તેને તોડીને સુકાવવામાં આવે છે જેને હીમજ કહેવામાં આવે છે. ગુજરાતમાં આ હીમજનો ઉપયોગ કરવામાં વધારે આવે છે. ગોટલી બાઝયા બાદ પ્રૌઢ અવસ્થામાં જે અપરિપકવ ફળ લેવાય છે તેને હરડાં કહે છે અને ઝાડ ઉપર નવ મહિના બરાબર પાકે છે તે પરિપકવ ફળ હરડેના નામથી ઓળખાય છે. પ્રાચીન કાળમાં ભારતવર્ષમાંથી હિમાલયના માર્ગે કાબુલ તરફ થઇને તુર્કસ્તાન, ખુરાસાન, ઈરાન વગેરે દેશોમાં મણબંધ હરડે જતી હતી. તેથી તેનું હરડેકાબુલી નામ પડયું હતું. મારે કહેવું પડશે કે સાબરકાંઠાની હરડે સૌથી શ્રેષ્ઠ છે. ફળ નાનાં મોટાં ભૂમિને હિસાબે તથા પાણીના લીધે થાય છે. ઓરિસાની મહાનદીનાં બીલાં અને હરદ્વારનાં બીલાં નાળિયેર જેવાં જોયાં છે. ગુજરાતમાં જે બીલાં થાય છે તે ક્રિકેટના બોલથી મોટાં થતાં નથી. અહીં ભલે આમળાં નાનાં થાય છે, પણ તે રેસા વગરનાં છે અને મીઠાં છે. તેવી જ વાત ગુણમાં હરડેની છે. શ્રી શુકદેવજીએ કહ્યું કે રાતનો ઉજાગરો કરવાથી આંખ ભારે લાગતી હોય તો હરડે પાણીમાં ઘસીને આંજવાથી હલકી થઈ જાય છે. ખરી પડેલી પાકટ હરડેનાં ફળોનો ઢગલો અહીં ચિત્રમાં આપ્યો છે.



ખરી પડેલી પાકટ હરડેનો ઢગલો

ચૈત્ર સુદિ એકાદશીએ આમળાં ખાવાનું માહાત્મ્ય

ચૈત્ર સુદિ એકાદશીએ આમળાં ખાવાનું ખૂબ માહાત્મ્ય છે. જીવન બનાવવામાં આ આમળાંનો ઉપયોગ કરવો જોઇએ. કારણ કે તેમાં ખટાશ રહેતી નથી. ૧૯૪૭થી હું આમળાના વનમાં ફરું છું. ધોળવન અને કાળવન એ આમળાનું વન છે. દર વરસે ચૈત્ર સુદિ અગિયારસે ભગવાન મને અહીં લાવે છે. છેવટે એક આમળું પણ ખવડાવે છે. આ વખતે પણ ચૈત્રી પૂનમ હતી. તે દિવસે રેસા વગરનું આમળું ખાવા મળ્યું. એમાં બિલકુલ ખટાશ નહીં ! જાણે હમણાં જ ભરહાડમાં બાફ્યું ના હોય તેવું પોચું હતું. સાબરકાંઠાનાં આમળાંની સાઈઝ ભલે મોટી ના હોય પણ મીઠાશની મોટપ વધારે છે.



આમળાંનું વૃક્ષ—પાન અને ફળ સાથે

આ આમળાનાં વૃક્ષની શીતળતાએ તો મારા દિલમાં સ્થાન મેળવી લીધું છે. અને તેની શીતળતાની મીઠાશ તેનાં ફળોમાં રહેલી મીઠાશની સમાન જ હતી. ૧૯૪૭ થી ૧૯૫૬ સુધી સેંકડો વખત ધઉંઆવ પહાડમાં આમળાંના વનમાં મેં ફર્યા કર્યું છે. તેની મધ્યમાં થઇને આરપાર નીકળ્યો છું. હરણાવ બંધ પાસેના આમળાંના વનમાં પણ ફર્યો છું... એકવાર સ્વામીશ્રી રૈત્રાનંદતીર્થજી સાથે ચૈત્ર સુદિ અગિયારસે આમળાં ખાવાનો લહાવો મને પ્રાપ્ત થયો હતો. એકવાર ચૈત્રી આમળાં દાંતાનાં જંગલોમાં ખાધાં. આ વખતે મેં બોલુન્દ્રામાં જે આમળાં ખાધાં તે માખણ જેવાં, ખટાશ



આંમળાની ફળ સાથેની ડાળી

વગરનાં તથા રેસા વગરનાં હતાં. આમળાંના વૃક્ષ ઉપર તે વખતે સ્ત્રીકેસર અને પુંકેસર જોવા મળ્યા.




આમળાનાં પુંકેસર અને સ્ત્રીકેસર સાથેની ડાળી

આયુર્વેદ તો સવારના પહોરમાં આ આમળાંના વૃક્ષનું દર્શન કરવાનું કહે છે. તેમાં આમલી જેવા ઝીણાં ઝીણાં પાનની ડાળી હંમેશા મારા દિલને હરી લે છે. આમળાંનું ફળ આછું લીલું હોય

છે. તેનાં પાન ઘેરા લીલા રંગનાં હોય છે. તેનું થડ સફેદ લીલું હોય છે. કુદરતનો લીલો રંગ તેનાં બધાં જ પાસાં સાથે આમળાના વૃક્ષમાં જોવા મળે છે. આમળામાં હરડેના જેટલા જ ગુણો છે અને ઉપરાંત બે ગુણો વિશેષ છે. ડાયાબિટિસ મટાડનાર તથા રક્તપિત્ત મટાડનાર. રૂક્ષ હોવાથી આમનું પણ પાચન કરે છે. આંબલી, કોકું, કોકમ, લીંબુ, બિજોરું, આ બધાંની ખટાશ આમળાની ખટાશ સાથે જોડશો નહિ. આમળાની ખટાશ હૃદ્ય છે. કારણ કે આ ખટાશનો પ્રભાવ જુદો છે. આ આખા વિસ્તારને અર્બુદારણ્ય કહેવામાં આવે છે. અર્બુદને અમારા આયુર્વેદમાં કેન્સર કહે છે. કારણ કે પરુ-પસની બદબૂ તેમાં હોતી નથી. તેને ધરતીકંપ લાગતો નથી. જેમ અર્બુદ અચલ અને સ્થિર છે તેમ આ ડુંગરા પણ અચલ અને સ્થિર છે. આ પર્વતો કોઈ વખત ધરતીકંપનો ભોગ બન્યા નથી. અહીંના ડુંગરા અનેક વનૌષધિઓથી સમૃદ્ધ હતા. પણ કાળની ગતિ ગહન છે. જંગલો કપાઈ ગયાં અને હવે કપાળમાં વાળ જોવા મળે કે આ બાજુ વૃક્ષ જોવા મળે. અહીં અમે પહેલી જ વખત પીળો ધતૂરો જોયો.

આ પીળા ધતૂરામાંથી પશ્ચિમના લોકો હાયોસાયેમાઇન, સ્કોફોલેમાઈન, અને એટ્રોપીન નામનાં વેદનાશામક ત્રણ તત્ત્વો કાઢે છે. તે દમશ્વાસમાં વપરાય છે. ચીનમાં શરાબની સાથે મિશ્રણ કરીને એક જે શરાબ બનાવાય છે, તે સંવેદનશક્તિ દૂર કરે છે. આમાંથી એક લોશન બનાવે છે. તેનો ઉપયોગ મોં ઉપર થતી ફોલ્લી અને પગ ઉપરના સોજા ઉપર કરે છે. આ પીળા ધતૂરાના છોડને પીળા રંગનાં ફૂલ હતાં અને તે ધોળા અને કાળા ધતૂરાનું વર્ણન આગલા ભાગોમાં મેં કર્યું છે પણ ક્રોસ બી પાર કરીને પીળો



પીળો ધતૂરો

રગતરોહીડો જોઈ હું નાચી ઊઠ્યો છું. અહીં કાળા ધતૂરાના છોડ પણ ઘણા હતા. આના જેવી જ વનસ્પતિ, જે મને પહેલી જ વાર જોવા મળે છે, તેનું નામ અક્કલગરો છે.



અક્કલગરો ફૂલ સાથે

આ અક્કલગરાનાં મૂળિયાં મેં ખોદીને કાઢ્યાં અને થોડાં ચાખ્યાં તો મારા મુખમાં થોડા કલાકો સુધી ઝમઝમાટી થઈ રહી. જીભ ઉપર તમતમાટ થઈ રહ્યો. અમારા કેટલાક વૈદ્યો આ અક્કલગરો ખોટો છે અને આ જેઠીમધ ખોટી છે તેવું પ્રતિપાદન કરે છે તે સાથે

હું સંમત નથી. કેટલાક મૂળ છોડ બીજા દેશના લોકો લઈ ગયા છે. તેના છોડ કે ઝાડ અહીં પાછા વિકસશે તેનો મને વિશ્વાસ છે. આ આયુર્વેદનાં મૂળ એટલાં તો ઊંડાં છે કે તે અરવલ્લીનાં ડુંગરા અને ખીણોમાં ભરેલાં છે. સાબરના તથા હરણાવના પટાંગણમાં ભરાયેલાં છે. તેને એટમ બૉમ્બ પણ સ્પર્શી શકે તેમ નથી. આયુર્વેદે તો સ્વરભેદ, ગળાના રોગ, મૂંગાપણું, બેસ્વાદપણું, જડતા વગેરે રોગોમાં અક્કલગરો વાપર્યો છે. અહીં અમે તેના ફળના ગોટા સાથે છોડ જોયો.



અક્કલગરો—ફૂલ સાથે

અમે તેના થોડા રેસા કાઢીને ચાખી જોયા. અને તેનો રસ ગળામાં ઉતાર્યો અને મોં તથા કંઠ ચોખ્ખાં થયાં. જેમ શિલાજિત ખાવાથી મોં ચોખ્ખું થાય તેવું થયું. આગળ જતાં દમવેલ જોઈ. તેનું સંસ્કૃત નામ પાતાળગારુડી છે.



દમવેલ-પાતાળગારુડી

સાબરકાંઠામાં મેં અનેક વેલા-વેલીઓ જોયાં છે અને કેટલીકને તો અહીંના ભીલ લોકો સારી રીતે જાણે છે. અહીંથી આગળ જતાં કાળો ધંતૂરો જોયો. તેની ડાળી તથા ફળ બધાં કાળાં જ હતાં. આયુર્વેદનાં રસરસાયનમાં કાળો ધંતૂરો ઘણો જ વાપર્યો છે. તે સોતોને પહોળા કરીને જ્વરને ઉતારે છે. તેથી જ તેનો ઉપયોગ મહાજ્વરાંકુશમાં કરાયો છે. ધંતૂરાના રંગ ઉપરથી ધોળા, પીળા, કાળા નામ પડ્યાં છે. આ ત્રણે જાતના ધંતૂરા સાબરકાંઠામાં આવેલા છે. તેમાં કાળો ધંતૂરો વિશેષ ગુણવાળો ગણાય છે. દમ ઉપર તાત્કાલિક સારવાર માટે થોડીક માત્રામાં તે ખૂબ અસરકારક છે પણ તે માણસને શોષી લે છે તે જાણવું જરૂરી છે. કેટલાક વૈદ્યો ઠંડી વાઈને આવતા તાવમાં આ ધંતૂરાના પાનનાં રસનાં ટીપાં દર્દીમાં આપે છે. મારા હાડવૈદ્ય મિત્ર આનાં પાનની લૂગદી ભાંગેલાં હાડકાં ઉપર બહુ જ વાપરે છે. ઈન્ફ્લુએન્ઝામાં અભ્રકભસ્મ અને

લક્ષ્મીવિલાસ રસ અપાય છે. તેમાં પણ આ ધંતૂરો આવે છે. ધંતૂરો થોડીક માદક અસર પણ કરે છે. આગળ જતાં અમે ચંપાની ચાર જાત જોઈ. અહીં સોનચંપાનાં પહેલી જ વાર દર્શન કરીને હું પાવન બન્યો છું.



સોનચંપો

વર્ષોથી હું ભણતો હતો કે—

> पुष्पेषु चंपा नगरीषु लंका ।
> नृवरेषु रामः कविकालिदास ॥

ત્યારે જ મને થતું કે આ ખડચંપાની સુગંધમાં ઠેકાણું તો છે જ નહીં અને એને ફૂલમાં શા માટે શ્રેષ્ઠ કહ્યો હશે? પછી જ્યારે સોનચંપો જોયો ત્યારે મને તેની ઉત્તમતા યથાર્થ લાગી ખડચંપાનાં ફૂલો ઠેર ઠેર થાય છે.

આ ચંપો પૂનમને દિવસે રાત્રિના અભ્રમાં કેવો સુંદર લાગે છે! ચંપાનાં સુશોભિત પુષ્પોથી લચી પડતી ડાળી જાણે મને કાંઈ નવીન વાત કહેવાની હોય તેમ મારી તરફ જોઈને તેણે મને આકર્ષિત કર્યો હતો. ચંપો મારી તરફ ઝૂકીને જોતો હોય તથા મને આવકાર આપતો હોય તેમ મને લાગ્યું. તેની ડાળી સાથે સ્પર્શ કર્યો ત્યારે મારી જોડે પહેલાંની મિત્રાચારી હોય તેમ તેણે પણ મારી સાથે પાંદડાંરૂપી આંગળીઓવાળી ડાળીરૂપ હાથ મિલાવ્યા, તેથી તો હું ઘણો જ આનંદવિભોર બનીને નાચી ઊઠ્યો. મને લાગ્યું કે આ વનસ્પતિસૃષ્ટિમાં પરોપકારની ભાવના કેટલી બધી સમાયેલી છે કે તેની આગળ જીવતાંજાગતાં મનુષ્યો પણ પાણી ભરે! વનસ્પતિસૃષ્ટિમાં તેના એકેએક અણુમાં બીજાને મદદ કરવાની ભાવના સમાયેલી છે. આ નાગચંપાનાં અને સોનચંપાનાં દર્શનથી મારી આ મુસાફરી મારા જીવનમાં મને યાદગાર બની રહેશે. અહીં આગળ અમે નાગચંપો જોયો. નાગકેસર અમે લોઢીવામાં ખૂબ જ



નાગચંપો

વાપરીએ છીએ. તેની સુવાસ પણ સારી લાગી છે. અહીં ખૂબ જ અરીઠાવાળું અરીઠાનું વૃક્ષ જોયું. ઈંગોરિયાં અને અરીઠાં આ પર્વતોની ખાસ પ્રસાદી છે અને અરીઠાનાં ઝાડ સાબરના કાંઠે ઘણાં જ

સ્થાનો પર થાય છે. પદ્ધારા ભણી ઇંગોરિયાનાં અને અરીઠાનાં વૃક્ષો ઘણાં જ જોયાં.



અરીઠા—ફળ સાથે

[અરીઠાના ફીણનાં રસનાં ટીપાં જો મરણોન્મુખ, નિશ્ચેતનશા બનેલ દરદીના નાકમાં મૂકતાં જાગૃત ન થાય તો સમજવું કે જીવવાની આશા નથી. મૂર્છા, હિસ્ટીરિયા, અપસ્મારનાં દર્દોમાં તેના ફીણનાં ટીપાં મૂકવાથી એકદમ જાગૃત થાય છે આથી જ તેની પાસે "રિષ્ટ" ઊભું રહી શકતું નથી. તેથી તેનું નામ અરિષ્ટ પાડ્યું છે.]



અરીઠા—ફળ અને પાન સાથે

[અરીઠાના ફળથી ઊલટી થાય છે. શરીરની તથા માથાની ચીકાશ તદ્દન દૂર કરવામાં તેને ઉકાળી તેનું પાણી વાપરવું.]




અરીઠાનાં પાન

[અરીઠાના પાનની સારી ઘટા આવે છે. તેથી તેના પાનને લીધે ઝાડ સુંદર ભરાવદાર લાગે છે. તેમાં પાનની મુખ્ય સળી ઉપર ૧ થી ૩ જોડી ઘણું કરીને આવેલી હોય છે. પાન લાંબાં, ટેરવે ઘણું કરીને બુઠ્ઠાં કે ખાંચવાળાં હોય છે. તે ખરસટ અને અક્કડ હોય છે. ફૂલ ધોળાં, ફળ ત્રણખાંચિયાં અને ખંડવાળાં હોય છે અને એ દરેક ખંડમાં એક કાળું લીસું બીજ હોય છે.]

અરીઠીનાં ઝાડ અરીઠા જેવાં જ થાય છે. સાબરકાંઠામાં અરીઠી અને અરીઠા બન્ને થાય છે. પણ આનાં પાન અરીઠાનાં પાન કરતાં પાતળાં, લાંબાં અને ટેરવે અણીદાર હોય છે અને ઝાડનો ફેલાવો અરીઠાના ઝાડ જેટલો ઘણું કરીને થતો નથી. અરીઠા કરતાં અરીઠીનાં ફળ કંઈક નાનાં અને થોડા ગળવાળાં થાય છે.

અહીંના લોકો અરીઠાને પાણીમાં મેળવીને તેનો ઉપયોગ કરે છે અને તેનાથી મેલ દૂર કરે છે. ગમે તેવી વાઈ આવતી હોય તો તેના પાણીનાં ટીપાં નાકમાં મૂકવાથી વાઈ દૂર થાય છે. વિષહર પ્રયોગોમાં પણ અરીઠાનું પાણી પીવા આપવાથી વમન થઈને વિષ બહાર નીકળીને જીવ બચી જાય છે. ધરોઈ બંધ પાસે મહોર નગરીનાં ખંડેર જોયાં. અમે ટ્રૅકટરમાં બેસીને ત્યાં ગયા હતા. ત્યારે રસ્તામાં ઈંગોરિયાનું વન જોયું તેમ આ બાજુ અરીઠાનાં વૃક્ષો જોયાં. તેના ઝાડ ઉપર ઘણાં જ ફળો લાગેલાં હતાં. ફળ સાથે નવા પાનની તાજી ફૂટ આવેલી હતી. આ બાજુ જે બહેડાં અમે જોયાં તે ચિત્ર-વિચિત્રના સ્થાન ઉપર જોયાં હતાં તેવાં નહીં પણ "અક્ષ" એટલે આંખ જેવાં હતાં. તેને ચાર પાસાં હતાં. આવું ફળ પહેલું જ જોયું. બીજાં ફળની અપેક્ષાએ આ ફળ કદમાં તથા વજનમાં મોટું હતું. કુદરતની આ રચના કોઈ ઓર લાગે છે. તેને સમજવી બહુ જ કઠિન છે. વનસ્પતિ-કુદરતના સૌંદર્યમાં વધારો કરવાની પોતાની ફરજ અદા કરે છે. આમ બહેડાં પણ કાંઈ નવીન તાજગી બતાવતાં હોય તેમ સંધ્યાના સમયમાં હું તો તેને નીરખતાં ત્યાં જ સ્થિર બન્યો. તેનાં ફળ "કર્કન્ધુ" એટલે કે મોટા બોર જેવાં અગર "કાર્પાસફલસદશ" એટલે કપાસનાં જિંડવાં જેવાં લાગતાં હતાં. અને કોઈ ઘરમાં અંધારું હોય અને જાણે !"જ્યોતિ" આ ફળોને દિવ્ય પ્રકાશમાં બહાર ના લાવતાં હોય તેમ તેનાં ફળો તેની પ્રવૃત્તિમાં સભરતાપૂર્વક તેના અંધકારને ઉલેચવા અદ્યતન શક્તિ

દ્વારા નિરર્થક પ્રયાસ કરતા હોય તે જોઈને ત્યાં જ હું ઊંડા વિચારમાં ડૂબ્યો. તેનાં પાન ૨" થી ૨॥" લગભગ લાંબાં હતાં. તેનાં પાન અણીદાર ન હતાં પણ અર્ધગોળાકાર હતાં. તેનો પૃષ્ઠ-ભાગ આછો લીલો અને અંતઃભાગ ઘેરો લીલો હોય છે. તેનાં નવાં પાનની કૂંપળો નીલવર્ણ અને કથ્થઈ વર્ણની હતી. જાણે તેણે નવા જ પલ્લવોનો શણગાર સજ્યો હોય તેવાં તેનાં પાન સ્નિગ્ધ અને લીસાં હતાં. અહીંનાં ફળ મોટાં હતાં.



બહેડાં-"રસાયનવરા"-ત્રિફળાનાં ત્રણ ફળોમાંનું એક ફળ

અહીંથી આગળ અમે ત્રણ માઈલ દૂર દાદાજીની ડુંગરી તરફ ગયા. ૫-૬ ફૂટ ઊંચા મરડાશીંગના છોડ શ્રી શુકદેવજીએ બતાવ્યા. કિનારા પર કરકરીવાળાં પાન સાથે નવાં પાન જોયાં. એની શીંગો મરોડવાળી હોય છે. અહીંના લોકો તેને આટેડી કહે છે. એના છોડ ૩ થી ૮ ફૂટ ઊંચા હતા અને આખી ડુંગરી એનાની છવાયેલી હતી. છોડ ઉપર ઘણી જ શાખાઓ નીકળેલી હતી. તેના આખા ઝાડવા ઉપર ભૂરી રૂંછાળ હતી. પાન સહેજ ખાંચિયાવાળાં હતાં, તેની કોર ઉપર કાંગરી હતી. પાન ઉપર આંગળી ફેરવતાં ખરસટ લાગતાં હતાં. અહીંના એક ભાઈએ કહ્યું કે ફળ ચોમાસે આવે છે અને તે રાતા રંગનાં હોય છે. જરા કરમાય છે એટલે નારંગી રંગનાં થઈ ફિક્કા આસમાની રંગનાં થઈ જાય છે. ફળ અથવા શીંગ હરણનાં શીંગડાંની પેઠે આંટીવાળાં હોય છે. તે પાંચ પોલવાળાં હોય છે. એ દરેક પોલમાં સૂક્ષ્મ બીજ હોય છે. આ મરડાશીંગી ઉપલેપક, ગ્રાહી, પૌષ્ટિક અને જ્વરઘ્ન છે. અહીંના લોકો મરડો મટાડવામાં તેને વાપરે છે. છોકરાંને જો મરડો થયો હોય તો દહીંમાં ઘસીને પાય છે. તેનાં મૂળનો ઉકાળો રક્તશુદ્ધિમાં વાપરે છે. છપ્પનિયા કાળમાં એનાં ઝાડવાં ઢોર માટે આશીર્વાદરૂપ નીવડ્યાં હતાં. એનાં પાનાં, ફલ, કાચી શીંગો પિવડાવવાથી ઢોરોમાં દૂધનો વધારો થાય છે. નાના બાળકના મરડામાં વૈદ્યો તેને છૂટથી વાપરે છે.


ઢોરોને જે ખાન ખવડાવે છે તેમાં આ મરડાશીંગ, મઠ, કપાસિયા, ડાંગરની કુશકી, તલનો ખોળ આ બધું રસ વધારનાર છે અને ઢોરના દૂધમાં પૌષ્ટિકતા લાવે છે, જ્યારે અત્યારે ખાન પણ બનાવટી બનાવે છે. મહુડાનું ખાન આ લોકો સર્વશ્રેષ્ઠ માને છે. પશ્ચિમનું જોઈ ઢોરનું ખાન પણ બદલાયું અને તેને વિજ્ઞાન કહે છે. તે કોઈ રીતે જ્ઞાન કે વિજ્ઞાન નથી પરંતુ કેવળ બનાવટ છે, જેના કારણે તંદુરસ્તી ચાલી ગઈ છે.

આ પ્રવાસમાં મને સૌથી વધુ આનંદ મહામાનવ શ્રી શુકદેવજીના સાથનો મળ્યો



આયુર્વેદ અને જ્યોતિષના ધુરંધરો

ચૈત્ર માસના ભરબપોરના ધોમધખતા તાપમાં પણ આર્ય સંસ્કૃતિના પરમ ઉપાસક અને આયુર્વેદપ્રેમી શ્રી શુકદેવજી બોલુન્દ્રાથી ચાર માઈલ દૂર આ ત્રાંગટનો છોડ બતાવવા અમારી સાથે ઘણા ઉમંગથી જોડાયા. ચારેક માઈલ દૂર જતાં અમને ઊભા રાખીને એક વાડ પાસે તેમણે ત્રાંબટની ડાળી બતાવી. અહીં તેનાં પાન સાથે ડાળીનો ફોટો આપ્યો છે.



ત્રાંબટ—પાન અને ડાળી સાથે

[મૂત્રકૃચ્છ્ર અને અશ્મરી મટાડનાર તથા ધાતુ પૌષ્ટિક કરતું મહાન ઔષધ ત્રાંબટ પાનમાં તેની ડીંટડીને મથાળેથી ત્રણ નસો ઊભી નીકળેલી હોય છે તે તેની હેઠળની બાજુ સ્પષ્ટ દેખાય છે.]



ચાંમટનો આખો છોડ

તેનાં પાન આંતરે આવે છે તેની ડીંટડી ટૂંકી હોય છે અને તે ગીચ રૂંછાળથી ભરેલી હોય છે. પાન ૨ થી ૪ ઇંચ લાંબાં અને ૨ થી ૨ાા ઇંચ પહોળાં હતાં. તેની બન્ને સપાટીએ તારાકૃતિના

ખરસટ વાળ હોય છે. પાનની કોર પર કરવતી જેવા દાંતા હોય છે. પાન ડીંટડી પાસે ઘણું કરીને ગોળાઈ લેતું અને ટેરવે અણી થતું હોય છે. ત્રાંબટને "રૂંછાળી ધામણી" કહે છે. ફૂલ અને પત્ર, કોણમાંથી નીકળેલાં હોય છે. તે પીળાં રંગનાં હોય છે. એનાં મૂળનો કાઢો અને ફાંટ સાકર સાથે પેશાબની ગરમી પર અપાય છે. પેશાબના રોગમાં ધમાસો, ગોખરું, ગરમાળો, જવખાર, શિલાજિત, આ બધું તો હું વાપરતો હતો પણ હવે ત્રાંબટ જોઈ ખૂબ રાજી થયો. કારણ કે પેશાબના રોગીઓ ઘણા છે. અહીંના લોકો તેને ધાતુપુષ્ટિમાં રામબાણ ઔષધ તરીકે વાપરે છે.

શ્રી શુકદેવજીભાઈ સાથે અહીંના માણસે આવી અમને છોડ શોધી આપ્યો. આવા પરગજુ માણસો અહીં રહે છે. ત્યાંથી અમે ભાટકોટા ગામે ગયા. અત્યારે તે ગામ વેરવિખેર છે, પરંતુ જૂના ભાટકોટામાં એક સતી થઈ ગઈ. બસોએક વર્ષ પહેલાંની વાત છે. આ સતીબાઈની ગાયો ચોરી જતા ચોર પાછળ તેનો ધણી ગયો અને દૂર ઘણી મારામારી થઈ. તરત અહીં ખબર પડી. સતીની આંખો લાલ થઈ ગઈ. પોતે વિધવા બની હોવાનું એને દર્શન થયું અને પોતે સતી થઈ. આ બાજુ ચોર લોકોએ તેના ધણીને મારી નાંખેલો. આ સતીના શાપથી ભાટકોટા ગામ ઉજ્જડ જેવું ઊભું છે.

અહીંથી અમે દાદાજીના મૂળ આશ્રમે ગયા. સ્વ. દાદાજીની આ મૂળ તપોભૂમિ હતી. અહીં મેશ્વો નદના કાંઠે દાદાજીએ આશ્રમ સ્થાપેલો. હારીત અને શાર્ઙ્ગધર જેમ સંહિતા-ગ્રંથોમાં ગણાય છે, તેમ આ મેશ્વો નદી નદ તરીકે ગણાય છે. આ જગ્યા મને ખૂબ પવિત્ર લાગી છે. આ જગ્યાએ મેશ્વોમાં ભરચક પાણી હતું. સામે તાંબાના ડુંગર દેખાય છે. અરવલ્લીની હારમાળાનો આ છેલ્લો ભાગ જણાતો હતો. બકરો જ્યારે તોફાન કરે ત્યારે

માથું ભોંયમાં નાંખી ઉછાળે તેમ આ મેશ્વો નદ તોફાન કરતો વેગથી વહી જાય છે. સાબરકાંઠાની નદીઓમાં મેં એક વિશેષતા જોઈ કે અમુક જગ્યાએ ભરપૂર પાણી તો અમુક ભાગ સાવ કોરો. એટલે પાણીનાં વહેણ અંદરની સપાટીએ વહી રહ્યાં હોય છે.



સતીમાતાનો પાળિયો

અહીં સામે દધાલિયાના ડુંગર પણ લીલાછમ દેખાયા છે. તેમાં તાંબાનો ભાગ છે એમ કહેવાય છે. આ દધાલિયાના ડુંગરની હારમાળા ઘણી લાંબી છે. ટોરડાની હારમાળાની માફક આ ગીચોગીચ નથી, પણ છેવટનો ભાગ છે. દાદાજીના પુરાણા આશ્રમ સામે મેશ્વોના કિનારે રાજપુર અને બાકરોલી ગામ આવેલાં છે. દધાલિયાના ડુંગર ઉપર કાળકા માતાનું બહુ પુરાણું મંદિર છે. અહીંની ભીલ પ્રજાની જીવતીજાગતી આ દેવી છે.


દાદાજીને દૈવી સંસ્કાર આપનાર ડુંગરપુરના સ્વામી પરમહંસ હતા. પરમહંસ એ અવધૂત કોટી છે. આવા જીવોથી આ ભારતીય સંસ્કૃતિ રક્ષાયેલી છે. હંસનો ગુણ જ એ છે કે મોતીનો ચારો કરવો અને દૂધ તથા પાણીમાંથી દૂધ જુદું કરવું. એમાં પરમ વિશેષણ લગાડયું છે. હરદ્વારના મેળામાં મેં બેત્રણ પરમહંસનાં દર્શન કર્યાં. તેમને મારું મસ્તક નમે છે. બોલુન્દ્રાથી બેએક માઈલ દૂર પાણીથી ભરેલ આ મેશ્વો નદ પણ મેષનાં સાત નામવાળો છે. શાંત દેખાતાં સાતેય નામો તોફાનોમાં તેના ગુણ જણાવે છે. મેઢ્ર, ઉરભ્ર, ઉરણ, ઊર્ણાયુ, મેષ, વૃષ્ણિ અને એડઠ એ સાત મેષનાં સંસ્કૃત નામો છે. મેશ્વોની પ્રતિષ્ઠા તો મેં ત્યારે જોઈ કે જ્યારે ગોરઠિયા મહાદેવ પાસે ગરમ પાણીના કુંડ જોયા. નદ એટલે શાંતિ, સંતોષ અને આનંદ. મેશ્વોના ગમે તે કિનારે જાઓ. આ ત્રણ તમને મળશે. ગૌતમ જેવા ઋષિએ મેશ્વોના કિનારે ગોરઠિયા મહાદેવ પાસે આશ્રમ બાંધ્યો. મેશ્વો અનેક ડુંગરોની વચ્ચે થઈ વહી રહ્યો છે. આ ભાગ જોઈ અમારા મનમાં ઘણી પ્રસન્નતા છવાઈ ગઈ. દધાલિયાના પર્વતોની હારમાળા ઋષિઓના આશ્રમોનાં સંસ્મરણોથી અનેરી ચેતના પ્રગટ કરતી હતી. અહીં બોરડીની લાખ જોઈ. શ્રી શુકદેવજીએ કહ્યું કે ગમે તેવો લોહીવા હોય પણ વાલ બે વાલ દહીં સાથે આપવાથી ગર્ભાશયમાંથી વહેતા લોહીનું તરત સ્તંભન કરે છે.

એટલે કે લોહીવા મટાડવા માટે ગર્ભાશય કઢાવવું પડતું નથી અને આયુર્વેદ મિથ્યા સર્જરીને માનતો પણ નથી. પરંતુ લાખ જેવાં દ્રવ્યો આપી ગર્ભાશય શુદ્ધ રાખવામાં માને છે. કેવળ બકરીનું દૂધ




ડુંગરપુરના સ્વામી પરમહંસ શ્રી દાદાજી

પીને રહે અને પાણી બંધ કરીને રહે તોપણ આ લોહીવા એટલે "અધોગામી રક્તપિત્ત" મૂળથી મટી જાય છે. આ સાથે ચણી બોરડી. ઓના ઝુંડમાં લાખનો ફોટો આપ્યો છે. મેં પણ બોરડીની લાખ પ્રથમ વાર જોઈ.



બોરડીની લાખ

જેમ જેમ આયુર્વેદની ચિકિત્સા ઉપરનાં વાદળાં હટતાં જાય છે તેમ તેમ વધુ પ્રકાશ મળતો જાય છે. અમરકોશમાં નદીનાં બાર નામો છે: નદી, સરિત્, તરંગિણી, શૈવલિની, તટિની, હ્લાદિની, ધુની, સ્રોતસ્વિની, દ્વીપવતી, સ્રવન્તી, નિમ્નગા, અને આપગા. એટલે કે આની નદીને નદ કહ્યો છે. તેનો અર્થ હું એમ સમજું છું કે તેના પેટાળમાં દરિયા જેટલું પાણી છે. બારેજડી અને શ્યામ સરોવર બંધાતી વખતે તેની કોલોનીમાં હું બબ્બે માસ રહ્યો છું. આની ગહનતાને લીધે શામળાજીએ જ આના કિનારે વાસ કરેલો છે.




શામળાજી

આ વિસ્તારમાં રસાયનવરા, ચારે જાતના ચંપા, ત્રણ જાતના ધંતૂરા જોયા, બ્રાહ્મી જોઈ, કૈલાસપતિનું વૃક્ષ જોયું. તેનું ફળ શ્રીરંગ અવધૂતે નર્મદાકિનારેથી મને મોકલ્યું હતું. શરદી,



કૈલાસપતિ

સોજો અને વાયુનો નાશ કરનાર અક્કલગરો અહીં સારા પ્રમાણમાં હતો. અહીં પાનકંદાનો છોડ જોયો તે પાનકંદો ફુલવાડીમાં ખૂબ જ




પાનકંદો—ફળ સાથે

પ્રમાણમાં જોયા હતા. પણ આ પાનકંદો ફળ સાથે જોઈને હું ખૂબ રાજી થયો છું. દરેક ફળમાં ૮–૮ બીજ હતાં. જર્મનીના વૈજ્ઞાનિકો

કીડની અને હાર્ટ માટે આમાંથી દવા બનાવે છે. અહીં મેં જે ફોટો લીધો છે તેમાં લાંબી રુવાંટી સાથે ફળ ચોંટેલાં દેખાય છે. એનાં ફૂલ લાંબી સળી ઉપર આવે છે. આ પાનકંદાનાં પાન કુરલી જેવાં પણ તેથી લાંબાં ને પહોળાં હોય છે. એની નીચે ડુંગળી જેવો કંદ કે ગાંઠો હોય છે. તે ચોમાસાની શરૂઆતે આવી જાય છે. વરસાદ પડે ત્યારે એમાં પાન આવે છે. તે વખતે ફૂલ હોતાં નથી. પોશીના અને પાનરવામાં ઢગલાબંધ ઊગે છે. આ કંદ ઝેરી ગણાય છે અને ગૂમડાં ફાડવામાં આ કંદનો ઉપયોગ થાય છે.

જ્યારે હું રાયગઢ તરફ જાઉં છું ત્યારે "માનાસા" ડુંગરને હંમેશાં પ્રણામ કરું છું, કારણ કે તેની તળેટીમાં જગન્નાથ વૈદ્યને મળવાનો અણમોલ લહાવો મળે છે. તેમણે અશોકવૃક્ષ રાયગઢના ડુંગરામાં બતાવ્યું હતું. તેને આ વખતે ફળ આવ્યાં હતાં.

અ એટલે નહિ અને શોક એટલે 'ગમગીની'. જેના વૃક્ષ નીચે બેસવાથી પણ શોક રહેતો નથી. સ્ત્રીઓ માટે ઉત્તમ જડીબુટ્ટી અશોકની જ છે. આપણા સામાન્ય લોકો આ જગન્નાથજી જેવા સાધુસંતની બતાવેલ જડીબુટ્ટી ઉપર વધારે વિશ્વાસ રાખે છે. સાબરકાંઠાના લોકો જડીબુટ્ટી ઓળખવાની બાબતમાં પૃથ્વી પરના બીજા કોઈ પણ લોકોના કરતાં ઘણા પાવરધા થયેલા છે અને આ જ્ઞાન પરંપરાથી પોતાની પ્રજાને વારસાગત તરીકે આપે છે. પરંપરાથી મળતું જ્ઞાન એક ખાસ અનુભવી જ્ઞાન જેવું થઈ ગયું છે પણ એવી પરંપરા ઢીલી પોચી પડી જાય કે તૂટી જાય તો એવા જ્ઞાનનો ધીમે ધીમે લોપ થાય. પરંતુ આ અશોક રાયગઢના ડુંગરા ઉપર બતાવતા શ્રી જગન્નાથજી જેવાએ આ પરંપરા સાચવી જડબુટ્ટીઓને ખરેખર જીવતી રાખી છે. અશોકનાં લાલ કેસરિયાં ફૂલ અને સુંદર ફળ જોઈ હું નાચી ઊઠ્યો છું.



અશોક—ફળ સાથે




અશોક—શીંગ-ફળ-ફૂલ સાથે

અહીં જૂઈ, જાવેલ અને જાઈ એ ત્રણેનો ભેદ જોવા મળ્યો. દરેકનાં ફૂલ એકએકથી મોટાં હોય છે. અહીં અક્કલગરો જોઈને અમે આફરીન થયા. કહે છે કે પોપટને બોલતાં ન આવડતું હોય તો અક્કલગરો આપવાથી બોલતો થાય છે. અક્કલગરો ઉષ્ણવીર્ય હોવા છતાં વીર્ય વધારે છે. અહીં અમે ગોળ ભારા સાંકળ જોઈ. (ચિત્ર પૃ. ૧૦૪ પર આપ્યું છે)

શ્રી શુકદેવજીભાઈએ કહ્યું કે હાડકાંના દુઃખાવા ઉપર, વાગવા–ભાંગવા ઉપર તેનાં પાદડાંના રસનો ઉપયોગ અહીંના લોકો કરે છે તથા તેની ઉપર બાંધે છેય ખરા. મેં ત્રણધારી અને ચારધારી હાડસાંકળ જોઈ હતી. પણ આ ગોળ ભારા સાંકળ પહેલી જ વાર જોઈ તેથી ઘણો અચંબો થઈ ગયો।

હાડસાંકળની વેલ થાય છે. પાનની ડીંટડીના થડમાં બન્ને બાજુ એકેક નાનું પહોળું ઉપપાન હોય છે. પાનની સામી બાજુએથી શાખાઓના સાંધાઓની ગાંઠ ઉપર એકેક સૂતળી જેવો પાતળો તંતુ આવે છે, જે અધવચથી નીચે સાંધાવાળો હોય છે. આ સાંધા ઉપર પુષ્પપત્ર જેવું એક સૂક્ષ્મ પત્ર આવેલું હોય છે. ફૂલ આવવાનું હોય ત્યારે આ તંતુ નહિ નીકળતાં તે જ જગ્યાએથી એક પુષ્પ ધારણ કરનારી સળી નીકળે છે.




ગોળ ભારા સાંકળ



મોંગો

સાથે સાથે રતાળુની એક જાત જોઈ, જેને અહીંના લોકો મોંગો કહે છે. ભીલ લોકોનો મોગોનો ખોરાક આદિકાળથી જ ચાલ્યો આવ્યો છે અને તેના વેલા થાય છે. સાબરકાંઠાનાં રતાળુ સુંદર જાંબલી રંગનાં થાય છે, જેનો વર્ણ મને ખૂબ જ ગમ્યો છે. આ રતાળુ શીતળ

અને કામોદ્દીપક છે. જોકે વનવાસી લોકોને માટે મહુડાં પણ કામોદ્દીપક રહ્યાં છે. આગળ અહીં ભાત નામનો છોડ જોયો. તેનાં પાંદડાંમાંથી કમોદ જેવી વાસ આવતી હતી. આ પાંદડાંને ભાતમાં નાખવાથી ભાતની મીઠાશમાં ઓર જ સ્વાદ આવે છે.



ભાત છોડ



દાદાજીની ટેકરી પાસે મેશ્વો નદ

અહીં દાદાજીની ટેકરી પાસે મેશ્વો નદ એક અનેરો આનંદ આપે છે અને તેની પાછળના દધાલિયાના પહાડો હું જિંદગીભર ભૂલી શકું તેમ નથી અને આ નદીઓ તથા પહાડ જોઈને મારા મનમાં વિશાળ ભાવ ઉત્પન્ન થાય છે. ખાસ કરીને આ અરવલ્લીના પર્વતોમાં ધરતીકંપ થતો નથી અને તે અચળ રહ્યા છે.

શુકદેવજીની ભાગવતવાણી

કૃષ્ણાશ્રમની મહાન વિભૂતિ શ્રી શુકદેવજી કહે છે કે વેદમાં લખ્યું હોય તે પ્રમાણે ક્રિયા કરવી તે આપણી ફરજ છે. વેદનું જ્ઞાન તે સુપર સાયન્ટિફિક જ્ઞાન છે. સૃષ્ટિભરમાં તેનાથી ચઢિયાતું બીજું કોઈ જ્ઞાન નથી. કોઈ પણ સત્ય જોઈતું હોય તો વેદના જ્ઞાન ઉપર

જ આવવું પડશે. આપણા પૂર્વજોને ખગોળ અને આયુર્વેદનું અપૂર્વ જ્ઞાન હતું. પરંતુ અંગ્રેજી શાસન દરમ્યાન બ્રિટિશરોએ આપણું મોં ફેરવી નાખ્યું છે. બુદ્ધિજીવી વર્ગ વેદની વાતોમાં શંકાશીલ બની ગયો છે, જ્યારે પરદેશી વૈજ્ઞાનિકોની વાતમાં બુદ્ધિજીવી વર્ગ આંધળોભીંત થઈ તૂટી પડે છે એમાં અંગ્રેજ શાસનના ગુલામી માનસનું પ્રતિબિંબ છે. આપણા પંચગવ્ય ઉપર મોસ્કોના વૈજ્ઞાનિકોએ પ્રયોગો કર્યા. ગાયનું દૂધ, ગાયનું દહીં, ગાયનું ઘી, ગાયનું છાણ અને ગોમૂત્ર આ પાંચે ઉપર પ્રયોગો કર્યા. અને એ વૈજ્ઞાનિકોને ભારતનાં ગામડાંઓમાં છાણથી લીપેલાં ઘરોમાં સત્યનું દર્શન થયું. એ વૈજ્ઞાનિકોએ રિપોર્ટ બહાર પાડ્યો. તેમાં લખ્યું છે કે ગાયના છાણ અને મૂત્રમાં રેડિયોએક્ટિવિટીઝ સામેની પ્રતિકારશક્તિ વિપુલ પ્રમાણમાં છે અને સર્વોત્તમ જંતુઘ્ન ગુણ રહેલો છે. તેમ જ ગાયના ઘીના ધુમાડામાં પણ એ જ ગુણ રહેલા છે. એ વૈજ્ઞાનિકોએ તો એટલે સુધી ભલામણ કરી છે કે હવેના અણુયુગમાં રશિયાએ જીવવું હોય તો ખાસ કરીને મોસ્કોના એકેએક મકાનની દીવાલો ઉપર આ છાણ લીંપી દેવામાં આવે તો રેડિયોએક્ટિવિટીઝની અસરો અને વિષાણુજન્ય રોગોમાંથી બચી શકાય. ગાયના છાણમાં જો ખુદ આટલી શક્તિ હોય તો દૂધ-ઘીમાં કેટલી શક્તિ રહેલી હશે ? સંસ્કૃત શ્લોક ટાંકીને શ્રી શુકદેવજી બોલ્યા—

अग्रमग्रं चरंतीनां, ओषधीनां रसं वने,
तासां ऋषभपत्नीनां, पवित्रं कायशोधनम् ।
तन्मे रोगांश्च शोकांश्च, पापं मे हर गोमय ॥

વનમાંથી અનેક ઔષધિઓના રસનું ભક્ષણ કરનારી જે ગાય, તેનું પવિત્ર અને શરીર શોધન કરનાર હે છાણ ! તું મારા રોગનો અને માનસિક શોક તેમ જ પાપનો નાશ કર.

ગાયના છાણથી લીંપેલાં ભારતનાં ઘરો ખરેખર સુપર સાયન્ટિફિક છે.

શ્રી શુકદેવજીએ કહ્યું કે માણસના મન સાથે ચંદ્રને સંબંધ છે. ગાંડપણમાં પણ પૂનમ અને અમાસ આવે છે. પૂનમના દિવસે ગાંડપણ વધે છે. મેન્ટલ હૉસ્પિટલમાં દરદીઓ ઉપર સતત દેખરેખ રાખી આ બાબત અભ્યાસ કરતાં આ વાતની ખાતરી થઈ. આ ઉપરથી પરદેશીઓએ લ્યુનેટિક એસાઇલમ નામ–લ્યુના એટલે ચંદ્ર ઉપરથી પાડયું છે. ચંદ્રના માણસના મન સાથેના સંબંધને લીધે જ શાસ્ત્રોમાં અગિયારસે વ્રત, ઉપવાસ કરવાનો આદેશ આપ્યો છે.

શામળાજી વિષે પૂછતાં શ્રી શુકદેવજીએ કહ્યું કે શામળાજી કૃષ્ણનુ સ્વરૂપ હોવાથી મૂર્તિ શ્યામ છે. કૃષ્ણને દાઢીમૂછ નથી તેનું કારણ એ છે કે કુમાર અવસ્થા અને યુવાવસ્થા વચ્ચેની આ ઉંમર છે. અને શ્રીકૃષ્ણ સતત એ ઉંમરમાં જ રહે છે. તેથી આવા નિશ્ચિત અને નિર્ભીક મહામાનવનો એકે વાળ ધોળો થતો નથી. કૃષ્ણ એ વિષ્ણુનો અવતાર હોવાથી શામળાજી મંદિરમાં કૃષ્ણની મૂર્તિ આગળ ગરુડને પણ સ્થાન અપાયું છે. શ્યામ સ્વરૂપને લીધે અહીંની ભીલ પ્રજા તેમને કાળા બાપજીથી ઓળખે છે.

શ્રી શુકદેવજીએ વેદની વાતોમાં અનન્ય શ્રદ્ધા અને ભક્તિ મેળવવા માટે ખૂબ ભાર મૂકયો હતો. આયુર્વેદ અને જ્યોતિષ તેમ જ ખગોળવિદ્યા વેદનાં અંગો હોવાથી તેનાં વિધાનોનું વિશ્વાસપૂર્વક અનુકરણ કરવા જણાવ્યું હતું.

વનસ્પ ત ઉપાસક, ભારતીય સંસ્કૃતિના પ્રખર ટેકેદાર, જ્યોતિષવિદ્યાના મહાવિદ્વાન તેમ જ અગ્નિહોત્રી, લોકોને અભ્યુદય તરફ લઈ જનાર, શામળાજી મંદિરના પુનરુદ્ધારના સાથી, મેશ્વો તટના મહર્ષિ, આકાશદર્શનની ઓબ્ઝર્વેટરીના સભ્ય અને પેઢીગત રાષ્ટ્ર, ભૂમિ, પરંપરા, સંસ્કૃતિ, દેશ, સંસ્કૃત ભાષા, જાતિ, ધર્મ, વેદના અઠંગ ઉપાસક અને વારસદારને મનોમન કરોડો નમન કરી અમે કૃષ્ણા-

શ્રમથી વિદાય લીધી. તેઓ અમારી સાથે મેશ્વોનો કિનારો ફર્યા તેનો આનંદ ભુલાય તેમ નથી. બે વર્ષ અગાઉ અમે સરડોઈમાં ગાયત્રીના પરમ ઉપાસક શ્રી ભક્તિભાઈના દર્શને ગયા હતા, પરંતુ તે વખતે આ ભાગ રહી ગયેલો, જે આ વખતે પૂર્ણ થયો.

ભગવાન ચરકે આયુર્વેદના મહર્ષિઓનાં જે નામ લીધાં છે, તેમાંના વસિષ્ઠ, માઉન્ટઆબુમાં વસિષ્ઠ આશ્રમ ઉપર આજે પણ હયાત લાગે છે. મેશ્વો ઉપર ગોરઠિયા મહાદેવ પાસે ગૌતમ ઋષિનો આશ્રમ યવન આક્રમણ પછી પણ ગરમ પાણીના કુંડ સાથે ઊભો છે. આગલોડમાં સાબરના કિનારે અગત્સ્યાશ્રમ, ભિલોડા જિલ્લામાં ચ્યવન ઋષિનો આશ્રમ તેમ જ ભૃગુકુંડ તરીકે ભૃગુ ઋષિ, અરવલ્લીમાંથી નીકળતી મહીસાગર, જેને સોમ નદી મળે છે, એ મહીસાગરના કાંઠે ગાલવ ઋષિનો આશ્રમ આજે પણ હયાત છે. નિચલગઢમાં વાલખિલ્યવંશી ઋષિઓ આજે પણ જીવતા લાગે છે, તેવી જ રીતે શ્રી શુકદેવજીના દાદાજી મહર્ષિ તરીકે આજે પણ અમને જીવંત લાગ્યા છે. તેમનો ફોટો જોતાં જ મને શાંતિ મળી છે.

પ્રકરણ ૫

લસણનું પરમ ધામ લૂસડિયા

લૂસડિયા એ આયુર્વેદના મિશનરીનું પરમ ધામ હતું

કાળા બાપજીને માનનાર આખોય ભીલ સમાજ આયુર્વેદના મિશનને વરેલો છે. આ ક્ષેત્રમાં યમ–નિયમનો ભંડાર અને પાકો બ્રહ્મજ્ઞાની એવો એક સમર્થ વૈદ્ય રહેતો હતો. તે વૈદ્ય રામજીનો પરમ ભક્ત હતો. તે આસ્થાપૂર્વક રામજીની આરાધના કરતો હતો. તેમણે વૈદકનું મિશન ઉપાડ્યું હતું. કાળા બાપજીની પ્રેરણાથી આ માણસના હાથે ઘણાં અલૌકિક કાર્ય થતાં હતાં. દેવની મોરીના દરબારે તે વૈદ્યને ઘણો સાથ આપ્યો હતો. તે મોતિયો ઉતારતો, પરવાળા સીવતો, ખીલ કાપતો, વેલ ઉતારતો, ભગંદર ફોડતો, પથરી કાઢતો, રૂમડીજળોનો ઉપયોગ કરતો, ફસ ખોલીને ખરાબ લોહી કાઢતો, આંખમાં સસલાનો કોર્નિયા નવો બેસાડતો અને ભીલ લોકોનાં ટોળેટોળાં અહીં ઠલવાતાં હતાં. દવામાં તે લંઘન ખૂબ જ કરાવતો. અને તાવ ઊતર્યા બાદ પાચન ઔષધિમાં તેલિયો દેવદાર, ભોરીંગણી ને સૂંઠ કવાથમાં આપતો. વાયુના તાવમાં ગળો, સૂંઠ, ધમાસો આપતો અને સન્નિપાતના તાવમાં ગ્રંથિકાદિ કવાથ અને પિત્તના તાવમાં ખડસલિયો પિત્તપાપડો, દાહમાં વાળો અને નાગરમોથનો રસ તથા લીમડો ખૂબ વાપરતો હતો. તે કહેતો કે—

> "સન્નિપાત ને મૃત્યુમાં, નથી તફાવત કોય,
> જીતે તેને વૈદ્ય જે, ખરો પ્રતાપી હોય."

આવો ઘોર સન્નિપાત તે અહીં દિવ્ય ઔષધો દ્વારા મટાડતો. જીર્ણજ્વરમાં અહીંની ગાયોનાં દૂધનું ફીણ પાતો. ટાઢ વાઈને આવતા તાવમાં તે આકડાનો ઉપયોગ કરતો અને તાવમાં કેટલાય ધૂપ વાપરતો.

અતિસારમાં તે અહીંની કડાછાલનો અને બીલાનો ઉપયોગ કરતો. પાકા બીલાનો ગર્ભ તે સીધો જ ખવડાવતો. સંગ્રહણી છાશ પિવડાવીને મટાડતો અને તે પણ બકરીના દૂધની છાશ. ખાંસી માટે ખૂબ જ મશહૂર બિભીતક અવલેહ આપતો હતો.

અજાતણું મૂત્ર સમાન લેઈ,
બહેડાં સિઝવો મૃદુ આંચ દેઈ;
તેમાં મધુ નાખી ભજો ત્રિદિન,
ખાંસી, કફ, શ્વાસ જશે પ્રવીણ

બકરીનું મૂત્ર દસ શેર લાવવું તથા તેમાં બહેડાં નંગ સો નાખીને તેને રાંધવાં; પક્વ થાય ત્યારે તે બહેડાંના ઠળિયા કાઢી નાખીને જે ભાગ રહે તેમાં મધ મેળવીને તે ખાવું. આ અવલેહ ખાંસીને, શ્વાસને તથા બળવાન કફને હણે છે.

તે વૈદ્ય જમ્યા પહેલાં બધાને શામળાજીમાં થતા આદુંનો રસ પાતો. આદું એટલે આર્દ્રક. શરીરને હંમેશાં આર્દ્ર એટલે લીલું રાખે છે તેથી આયુર્વેદે તેને આર્દ્રક નામ યથાર્થ જ આપ્યું છે. "આ" એટલે જન્મવું "દુ" એટલે બીજો. ઘરડા કોષોને કાઢી રોજ તાજા નવા કોષો બનાવે તેનું નામ આદું. "સાજાને શિવા (હરડે) અને માંદાને લંઘન" એ તેનો જીવનમંત્ર હતો. લવિંગ, મરિયાં અને બહેડાંની છાલ એ ત્રણ સરખા ભાગે લઈ તે સર્વની સમભાગે તે ખેરસાર લેતો. એ ચારેયના ચૂર્ણને બાવળની અંતરછાલના કવાથની ભાવના આપીને તે જ કવાથમાં તેની ગોળી બાંધતો. એ ગોળી આઠ ઘડી થતાં બધા જ પ્રકારની ખાંસીને મટાડે છે. અહીંના કૂવાનું પાણી પાચક છે. તે પાણી તે દરદીને પાતો. દરદીને બકરાં પાસે સુવાડતો. ઉપર કહેલી ખાંસીની ગોળી આપતો. અરડૂસીના રસમાં માટીનું લાલ નળિયાનું ઠીકરું છમકારીને તે રસ દરદીને પાતો, અને બકરાંના દૂધ દોતી વખતે ઉપરતું

ફીણ પાતો. આ રીતે દરદીઓનો ક્ષયરોગ તે મટાડતો. તે વૈદ્ય ક્ષય જેવા અનેક રોગો મટાડીને આ કેન્દ્ર બનાવ્યું. તે સમયે તે ખૂબ પ્રખ્યાત હતું, પણ જેમ ઢાકામાં મલમલ બનાવનારનાં કાંડાં કપાયાં તેવા જ હાલ આ લોકોના થયા હતા. સાચો ઇતિહાસ બહાર આવશે તે દિવસે ઘણું જ જાણવાનું મળશે. શ્વાસમાં તે અહીં થતા ભારંગમૂળનો ઉપયોગ કરતો. આમવાતમાં અહીંના આદુંની બનાવેલી સૂંઠ અને એરંડમૂળનો ઉપયોગ કરતો. સાગના પાનાથી ખીલ કાપતો અને ચામેડ ભરતો. દેવદાલીના રસથી અને વીકળાના પાનથી કમળો મટાડતો. આ રસ સૂંઘાડીને તે કમળાનું પીળું પાણી ઝરાવીને કાઢી દેતો ને પીળો કમળો ઝારતો હતો.

"કાઢવા ક્ષય ઉત્પતિ, સદા અરડૂસી સેવને;
ભરોસો આ જડી કેરો, પજો કમલાક્ષિ સર્વને."


આ રીતે અરડૂસીને ભિષગ્માતા કહેતો અને દૂરદૂરથી આવેલા ક્ષયના રોગીનો રોગ મટાડતો. મેદવાળા રોગીને મઠના રોટલા ખવડાવતો તથા ગૂગળ પણ ખવડાવતો. સવારમાં આઠ તોલા પાણીમાં બે તોલા મધ નાખીને ખવડાવતો. કૃમિમાં લીમડો અને ઇન્દ્રજવ, તથા મુખપાકમાં જાઈનાં પાનાં ખવડાવતો. ડાયાબિટીસમાં આમળાં, હળદર તથા ગળોનો રસ પાતો. ઉત્તાન અને ગંભીર નામના પત્તના રોગમાં ગળો અને દિવેલ પાતો તથા મીઠું બંધ કરાવતો. કૉલેરામાં લીંબુનો રસ પાતો અને લૂસડિયાનું લસણ ખવડાવતો. તેની લશુનાદિવટી બનાવતો હતો. વાઢિયામાં અહીંના મધપૂડાનું મીણ આપતો. અને ઇંદ્રવરણાં ઉપર પગ ગદડાવતો અને મકરોડા ચોપડતો. અર્શમાં અહીંની હરડેનો ઉપયોગ કરતો, સોજામાં રસવંતી વાપરતો તથા અમ્લપિત્તમાં કડવાં પરવળ વાપરતો. પથરી તોડવામાં જવખાર અને શેમળાનું મૂળ વાપરતો. મેદ ઉતારવામાં "કૃશોદરા"–અજમાનો ઉપયોગ કરતો. હૃદયરોગમાં અર્જુન વાપરતો. આમળાંના રસથી હેડકી

મટાડતો હતો. આ રીતે લૂસડિયાનો ધન્વંતરિ જેવો વૈદ્ય બ્રિટિશ શાસનની શરૂઆતમાં કેવી રીતે અસ્ત થયો તે ઇતિહાસ કહેશે ત્યારે લોહીનાં આંસુ સરશે, પરંતુ આર્યોએ વૈદ્યકવિદ્યા એકદમ છોડી દીધી નથી તે સૌ લોકો યાદ રાખે.

આયુર્વેદમાં દર્શનને મહત્ત્વનું સ્થાન છે. શામળાજીનાં દર્શન તો થાય છે, પણ તે દોરવણી પણ આપે છે. પશ્ચિમના મિશનરીઓ મથીને તૂટી ગયા પણ કાળા બાપજીનો પ્રભાવ તોડી ન શક્યા. આયુર્વેદનું જ્ઞાન દૈવી કૃપા વિના થઈ શકતું નથી. તેથી મેં આગળ જણાવ્યું છે કે ગાયત્રીના ઉપાસકો ધારે તો મંત્રબળથી ઘણું જ કરવા સમર્થ નીવડે છે. પોર્ચુગીઝના ફીરંગી મિશનરી પણ ભાગી ગયા અને પોર્ટુગાલના પ્રોટેસ્ટંટ મિશનરીઓ તથા રોમન કેથોલિક મિશનરીઓ પણ ફરાર થઈ ગયા. ધર્માન્તર કરાવવા જેવું પાપ એક પણ નથી. એમાંય પ્રજાની ગરીબીનો લાભ લઇને ધર્માન્તર કરાવવાં તે નીચતા છે.

અહીં શામળાજીમાં અમે ભોજન લીધું ત્યારે દેવની મોરીના ઠાકોર સાહેબ હાજર હતા. દર્શન કાયાકલ્પ કરે છે. સત્યયુગના વખતનું આ મંદિર પ્રાચીન છે. આ કાળા બાપજીના દર્શનથી સૌ કોઈ પાવન અને પવિત્ર બને છે. તેથી અહીં પ્રસાદી લઈને અમે કૃતાર્થ થયા. પ્રસાદની મહત્તા સત્યનારાયણની કથામાં ગવાય છે. તે સાવ સાચી વાત છે. પ્રસાદનો અનાદર કેટલો વિનાશ અગર કેટલું ખરાબ કરે છે તે એ કથા દ્વારા આપણને જાણવા મળે છે. અમે આ પ્રસાદી લઇ શ્યામ સરોવરના કિનારે આવ્યા. અહીંના પહાડો ઉપર સાગનાં અને ઇન્દ્રજવનાં ઝાડ વિપુલ પ્રમાણમાં છે.

અહીંના લોકો ઇન્દ્રજવને કડો ખાસ કહે છે. આ વખતે ઇન્દ્રજવ ઉપર કળીઓ ખૂબ જ લાગેલી હોવાથી તેનો ફોટો અહીં આબેહૂબ આપ્યો છે.



ઇન્દ્રજવની ડાળી—ફૂલ અને કળી સાથે

શામળાજીના આ પહાડો ઉપર ખરણીનાં વૃક્ષો અમે ઘણાં જ જોયાં. આ વખતે તે પૂરબહારમાં ખીલેલાં હતાં. તેનાં ફળનો રંગ તેના છોડની શોભામાં અભિવૃદ્ધિ કરતો હતો. મોતીના ચૂર્ણ જેવાં ધોળાં અને ઝરણોનાં ચમકતાં જલબિંદુઓના જેવાં સુંદર ખરણીનાં




ખરણીની ડાળો—ફૂલ અને પાન સાથે

પુષ્પો સ્પષ્ટ રીતે દહીંની શ્વેતતાનું અનુકરણ કરતાં હતાં. ખરણીનો ઉપયોગ દૂધમાંથી દહીં બનાવવામાં થતો. મોટે ભાગે અહીંના પહાડો ખરણીનાં વૃક્ષોથી આચ્છાદિત હતાં અને ચાંદની સમાન લાગતા હતા.

લૂસડિયા નામ શા માટે ?

આ વિભાગમાં લસણની ખેતી અઢળક પ્રમાણમાં થાય છે એટલે જેમ ખાખરા ઉપરથી ખાખરિયાંનો પટ્ટો નામ પડ્યું તેમ લસણ ઉપરથી લસણિયો નામનો અપભ્રંશ થઇને લૂસડિયા નામ પડ્યું છે. માઈલોના માઈલો લસણના પાકથી ખેતરો ઊભરાતાં. અને લસણના પાકમાં તે દુનિયાભરમાં કેન્દ્ર ગણાતું અને હજુ પણ ગણાય છે. ભારતમાં બીજા એકે પ્રાન્તમાં આવી લસણની ખેતી થતી નથી. પહેલાં હું ચુનીકાકા સાથે આવ્યો ત્યારે ત્રણે દિવસ સુધી મેં અહીં લસણ ખાધું હતું. તેના જેવી તીખાશ મેં બીજામાં જોઈ નથી. અહીંના લાલાશ પડતી માટી અને ડુંગરો લસણને માટે અનુકૂળ છે. શામળાજીમાં આદુંની ખેતી અને લૂસડિયામાં લસણની ખેતી ભારતભરમાં સર્વશ્રેષ્ઠ છે. અહીંના લસણની કળીઓ બહુ જ મોટી હોય છે, અને આમળું બનારસ જેટલું મોટું હોય તે કેવળ મોટો ભ્રમ છે. નાનું આમળું અને અહીંનું મધ્યમ લસણ પાંચેય રસોથી સભર છે. જે વાયુ, દમ અને કફને મૂળથી ઉખેડી દે છે. સાબરકાંઠા એ દેવભૂમિ છે અને આખા કાંઠાના માણસોએ આ લસણની તાજી ચટ્ણી ખાઈને પોતાનો અગ્નિ જાળવી રાખ્યો છે. અગ્નિ જાળવવો એટલે કે શરીરને સ્થિર મજબૂત બનાવવું તે લસણમાં રહેલી અપાર શક્તિને જ આભારી છે. આ પ્રદેશના લોકો ખડતલ અને સો વર્ષેય મોતિયા વગરના મેં જોયા. અહીંના ભીલોમાં માનવતાની લાગણી મને જોવા મળી છે. લસણ ખાતા હોવાથી આ લોકોને હૃદયરોગ તથા આમવાત થતો નથી. આ લોકોની વિશિષ્ટતા એ છે કે લસણની ચટણી તેમાં જીરું વાટીને તાજી જ ખાય છે. તેઓ કહે છે કે વાસી ખોરાકમાંથી ઊલટો અગ્નિ વધારે ખરાબ બને છે. આગલોડનો સાબરનો કિનારો જીરું અને વરિયાળીના પાકથી સભર હતો, જ્યારે આ મેશ્વોનો કિનારો આદું અને લસણની ખેતીથી સભર છે. અહીંના પહાડોમાં ઠેર ઠેર મરડાશીંગી અમે જોઈ.



મરડાશીંગી


[મરોડવાળી શીંગ તથા તેનાં મોટાં પાનાં સાથેનું આબેહૂબ ચિત્ર અહીં મૂકયું છે.]

પોશીના, આંબા મહુડા આશ્રમ પાસે હું સોનગઢનો ડુંગરો ચઢ્યો ત્યારે તે ડુંગરા ઉપર અપાર મરડાશીંગીનું વન જોવા મળ્યું

હતું. માથોડા જેટલા ઊંચા આ છોડ તેનાં ફળથી સુશોભિત છે, તેનાં પાંદડાં મોટાં હોય છે. તેને અમળાઈ ગયેલી આમળોટાવાળી શીંગો લાગે છે, જેને મરડાશીંગ કહે છે. મધુર, સ્નિગ્ધ, શીતળ તથા મેધાકર છે, કફ તથા શુક્રને વધારનારી, ઐશ્વર્યકર, રક્તશુદ્ધિકર, બલપ્રદ છે. પ્રાણ દેનાર, કૃમિનાશક, તરસ શમાવનાર અને રક્તપિત્તને મટાડનાર છે, તથા તાવનો સદંતર નાશ કરનાર છે. નાના આંતરડામાંના સોજાને ઉતારી મરડો મટાડે છે. તેના મૂળનો રસ હોજરીનો સોજો પણ મટાડે છે. કોંકણ પ્રદેશમાં તેના મૂળનો રસ ડાયાબિટિસ મટાડે છે અને આ છોડની છાલનો કવાથ અતિસાર અને પ્રવાહિકાને તરત જ બંધ કરી દે છે. પેટમાં ચૂંક આવતી હોય તો આ લોકો મરડાશીંગીના ફળનો પાઉડર ફકાવે છે. છોકરાંને આફરી થઈ હોય તોપણ તેનો ઘસારો આફરી દૂર કરી દે છે. મરડાશીંગીના છોડનાં પાંદડાંને ચારગણા પાણીમાં ઉકાળીને, ગાળીને તેના કવાથની એનીમા-બસ્તિ અલ્સરેટીવ કોલાઈટીસ એટલે જે મરડામાં ચાંદાં પડ્યાં હોય અને લોહી-પરુ વહેતું હોય તેને તરત જ મટાડીને ગજબનો ફાયદો કરે છે અને આ ચાંદાંને રૂઝવી દે છે. તેના ફળના આંટા એટલે મરોડ હોવાથી તેનું સંસ્કૃત નામ ઋષિમુનિઓએ "આવર્તિના" પાડ્યું છે તથા "આવર્તફલા" એવું સુંદર આકાર ઉપરથી નામ પાડ્યું છે. કુદરતની ગૂંથણીકળા કેવી સુંદર લાગે છે! આ છોડનાં ફૂલ લાલ રંગનાં હોય છે. મરડાશીંગ દોઢથી બે ઇંચ લાંબી હોય છે. કૃમિનો નાશ કરી અન્ત્રાદ વગેરે રાઉન્ડ વર્મ, હૂક વર્મ, થ્રેડ વર્મ અને ટેપ વર્મનો નાશ કરે છે.

આ બાજુનું રતાળું ખૂબ જ મીઠું છે. તે આથો લાવીને સડીને ખરાબ વાયુ પેદા કરી પેટ ફુલાવતું નથી, જ્યારે વાંસદા-ધરમપુરમાં જે કડવો કંદ થાય છે અને ત્યાંના લોકો તેને ચીરીને પાણીના વહેળામાં રાખીને પછી તે કંદને બાફીને ખાય છે તેનાથી પેટ ફૂલી જાય છે. ખરેખર મેશ્વોનું પાણી ખૂબ જ પાચક અને ગૅસ


મટાડનારું તથા ભૂખ લગાડનાર હલકું મને લાગ્યું છે. દેવની મોરીના ઠાકોર મને ઉમદા સ્વભાવના લાગ્યા. તેઓ છેક સુધી મારી સાથે ફર્યા. અહીંના રામજી મંદિરમાં અમે ભીલ પ્રજાની રામભક્તિમાં અપાર શ્રદ્ધાનો અનુભવ કર્યો અને પ્રતાપના મેનોગ્રામમાં ભીલ અને પ્રતાપ



રામજી મંદિર

સાથે છે તેનું અહીં દર્શન કર્યું. જંગલમાં વસવાટ કરવો એ પણ એક મોટું પ્રારબ્ધ છે. જંગલ એટલે કુદરતનું સાન્નિધ્ય અહીં મંદિરમાં અવધૂતની ધૂણીમાંથી શ્રી રમેશભાઈએ ભસ્મ લઈ બધાને પ્રસાદી આપી. સાથે લાવેલાં થેપલાં અને કેરીની ચટણી ખાઈ અહીંનું શીતળ પાણી પીને અમે પાછા શ્યામ સરોવરની પાળ ઉપર થઈ શામળાજી પરત આવવા નીકળ્યા. આવતાં બહુ જ ખંડકાળ જમીન દેખાઈ. આ પ્રદેશમાંની નાની નાની ડુંગરીઓ અમને આકર્ષતી લાગી. અહીં પહેલાં ગીચ જંગલ હતું પણ જાગીરદારીના એ માલિકીહક્ક મળતાં આ હજારો વર્ષ જૂનાં ઝાડો કાપી પૈસા ઉપજાવી લીધા. પુત્રથી દશગણું અધિક વૃક્ષ છે તે વાત પણ હવે માણસ ભૂલી ગયો છે. આ યુગમાં માણસે જમીન ખોદી પોલી કરી દીધી છે. હાથમતી અને સાબરના કિનારે પણ કપરકાબી અને ચાઈનાકલેનાં કારખાનાંવાળાઓએ જમીન ખોદવા માંડી છે. પેટ્રોલના વપરાશે જમીનનું પેટાળ પોલું થઈ ગયું છે. પવિત્ર નદીઓ લોકમાતા કહેવાય તેમાંથી મશીનો દ્વારા રાત-દિવસ પાણી ખેંચીને તથા બંધો બાંધીને નદીને આંતરી દીધી છે અને તેના જ પ્રતાપે આ સાબર જેવી નદીઓ સૂકી ભઠ જણાય છે. અચિન્ત્ય પ્રભાવવાળી ઔષધીઓ કાપીને તેના કોલસા કરી વેચાવા લાગ્યા છે. હવે તો જંગલમાં ભીલ લોકોનેય રાંધવા લાકડું મળે તેમ નથી. આ રીતે આયુર્વેદના પરમધામને ખોડું બામણું કર્યું છે. લૂસડિયાનું મિશનરી કેમ્પ જોઈ દુ:ખ થયું. જે દેશમાં દૂધ-ઘીની નદીઓ વહેતી ત્યાં ગરીબી પૂર્ણ રૂપે ફેલાઈ છે. તેનો જ લાભ ધર્માન્તર કરાવનારાઓએ લીધો. આ સાબરકાંઠાનો પ્રદેશ સૂર્ય અને શિવ-શક્તિનો ઉપાસક રહ્યો છે. કિશનગઢની શિવ-શક્તિ, શામળાજી એટલે કૃષ્ણની પ્રતિમાઓ છતાં આ ભૂમિમાં મિશનરી કેન્દ્ર કઈ રીતે સ્થપાયું તે કાંઈ સમજાતું નથી. એક વાત સમજાય છે કે આપણે પરદેશીઓને અપનાવ્યા તે જ ભૂલ છે. મિશનરીઓએ અહીંના લોકોને જાણીજોઈને આદિવાસી નામ આપ્યું. એટલે પોતાનો અડ્ડો છેક

સુધી રાખવાનો તેમનો આશય જણાઈ આવે છે. રહ્યાંસહ્યાં આયુ-વેદનાં સ્થાન પર પ્રકાશ પાડવાનાં પ્રમાણો લૂસડિયાંએ આપ્યાં છે.



લૂસડિયાના ઇસ્પિતાલ

અહીંના ટેકરા ઉપર રામજી મંદિર છે. એક જ ઘર છે તથા પાસે ધોળો આકડો જોઈને ઘણો જ આનંદ થયો. જવલ્લે જ આ શ્વેત પુષ્પવાળો આકડો જોવા મળે છે. વાગ્ભટે એને "સદાપુષ્પ" નામ આપ્યું છે. આચાર્ય વાગ્ભટે તો આ સદાપુષ્પનો એટલે આકડાનો ઉપયોગ કલ્પસિદ્ધિસ્થાનમાં શોધનક્રિયામાં વમનકલ્પ તરીકે કર્યો છે. વમનક્રિયા કરાવવા માટે જે કલ્પ બનાવવામાં આવે છે તેમાં જેઠીમધનાં, સફેદ કાંચનારનાં, ગૂદાનાં, મીઠાં ગિલોડાનાં, કદંબનાં, નેતરનાં, શણનાં, આકડાનાં મૂળને પાણીમાં રાતે પલાળી મૂકી સવારે તે પાણીને મસળીને ગાળીને મીંઢળની ફાંકી સાથે પીવાથી યોગ્ય રીતે ઊલટી

થાય છે, જેને સમ્યગ્ વમન થયું કહેવાય દોષો સારા પ્રમાણમાં નીકળી જઈને કફજ વિકારોમાં તે ઘણો જ આરામ આપે છે. આ ધોળા આંકાડાનાં ફૂલની ચોકડી દમ, ખાંસીવાળાને મરી સાથે વાટીને મધ સાથે ચટાડવાથી તેમાં ઘણી જ રાહત થાય છે. એને બારેમાસ પુષ્પ આવતાં હોય છે. આ પુષ્પની માળા હનુમાનજીને ચઢાવવામાં આવે છે. હનુમાનને પવનસુત કહ્યો છે. આ આકડો શરીરમાં એટલે પેટમાંના આફરાના તથા વાયુના દરેક જાતના રોગોમાં ઉપયોગી છે. ધોળા આકડાનાં ફૂલમાંની ચોકડીનો દમમાં તથા શ્વાસમાં વૈદ્યો છૂટથી ઉપયોગ કરે છે. અમારા સાતસો વર્ષ ઉપરના મહાન વૈદ્યરાજ શ્રી લોલિમ્બરાજે લખ્યું છે કે—


> भगवन् भास्करक्षीर । पामाऽहं अभिवादये ।
> यत्र देशे भवान्प्राप्तः तद्देशे न व्रजाम्यहम् ॥

હે ભગવાન ભાસ્કરક્ષીર! આકડાના દૂધ! આ પામા ખસ, ખરજવું તમને વંદે છે. જે દેશમાં આપ પધારો છો તે દેશમાં હું (ખસ, ખરજવું) કદી જતી નથી.

આયુર્વેદમાં જેટલાં સૂર્યનાં નામો છે તેટલાં જ આકડાનાં નામો આપ્યાં છે. આકડાનું પાન સૂર્યની શક્તિ પોતાનામાં ગ્રહણ કરે છે. એથી તે ઔષધના રૂપમાં કફવાળા દરદીને તથા વાતીકવિકારોમાં હિતકર થાય છે.


દેવગઢબારિયા પાસે માઢનાં જંગલોમાં હું ગયો હતો. ત્યાંના વૈદ્યરાજ બધા જ રોગોમાં આ આકડાનો ઉપયોગ કરતા અને તેનાં પરિણામ પણ સારાં આવતાં. દીપન પાચન લીંબુનાં પાન ચામાં નંખાવીને અમે અહીં ચા પીધી. સાબરકાંઠામાં કુદીનો ગુફાની ઉપર તથા ભદ્રેસર મહાદેવ જેવો ક્યાંય અમે જોયો નથી. અહીંનું રામજી મંદિર એમ

દર્શાવે છે કે અહીંના ભીલોના ઉપાસ્ય દેવ રામ છે. અને અહીં અમે રામજી મંદિરના મહંતની ગાદી જોઈ. તેનો ફોટો અહીં મૂક્યો છે.




ખૂમડિયાના મહંતની ગાદી

આ મહંતની ધૂણી સો વર્ષે પણ તેવી ને તેવી જીવતી જાગતી હોય તેવી દેખાય છે.




લૂસડિયામાં રામજી મંદિરમાં અલખ ધૂણી

અહીંના ડૉક્ટર શ્રી ડેનિયલભાઈ સ્વભાવે માયાળુ અને સારા લાગ્યા. તેમણે આ ધોમધખતા ભરબપોરના તાપમાં અમારા બધાની શુશ્રૂષા એવી કરી કે અમને એકેયને આ ઉનાળાની લૂ લાગવા દીધી નહીં. તેમનો ગ્રુપ ફોટો આ સાથે છે.



લૂસડિયામાં ડૉક્ટર શ્રી ડેનિયલભાઈ સાથે ગ્રુપમાં

આ બધાં ઘોર જંગલોમાં ફરવામાં અમારા સહાયક સાથીદાર તરીકે શ્રી મનુભાઈનો સારો ફાળો છે.




સહાયક સાથીદાર

લૂસડિયાથી સંજીવની

લૂસડિયાના નામની ઉત્કંઠાને લીધે આ નામ હું ક્યારેય ભૂલી શકું તેમ નથી. કારણ કે જેમ એન્જિનને ગરમી પૂરી પાડવા માટે કોલસા તથા અગ્નિની જરૂરિયાત છે, તેમ લોકોના શરીરના ધાતુઅગ્નિ અને જઠરાગ્નિને ટકાવવા અને બરોબર જાગતી રાખવા તથા વધારવા માટે લસણ સર્વશ્રેષ્ઠ છે. તેથી આ લસણની ભૂમિ લૂસડિયાને મેં નમસ્કાર કર્યા. આયુર્વેદના ક્ષેત્રમાં એલોપથીનું ઊભું કરેલું ક્ષેત્ર એ દૂધપાકના તપેલામાં દહીં મેળવ્યા જેવું લાગ્યું.

અહીંના કૂવાનું પાણી પી સાથેના પીપમાં ભરી લઈ પછી શ્યામ સરોવરની પાળ ઉપર થઈ અમે રાયગઢ ગયા.



ભૂસહિયાનો કૂવો

[પર્વત ઉપરના કૂવાનાં પાણી આયુર્વેદના મતે પચવામાં હલકાં સમજવાં અને આ કૂવાનું પાણી ત્રણેય દોષનુ શમન કરતું હોવાથી રાજયક્ષ્મા (ક્ષય) ઘટાડે છે.

જીવનં, તર્પણ, હૃદ્યં, હ્લાદિ, बुद्धिप्रबोधनम्,. लघु अमृतं]

ત્યાંથી ગાંભોઈ ઉપર થઇને હિંમતનગર ભાઈ રમેશની સંજીવનીમાં મુકામ કર્યો. સંજીવની એ મારું વિશ્રામસ્થાન હતુ. ત્યાં આવીને મગ–ભાત ખાધાં. જે ભૂમિ વરસમાં ચાર વખત મગ પકવતી તેને મિશનરીઓએ વેરાન કરી દીધી અને મકાઈ પકવતી કરી દીધી. મને મકાઈને બદલે મગભાત મળ્યા એટલે સંતોષ થયો. જે પવિત્ર

નદીમાં સ્નાન કરીને પવિત્ર થવાતું ત્યાં આજે ગટરોનું પાણી ઠાલવવામાં આવે છે તથા તે જ પાણીથી બટાટા પકવવા માંડ્યા છે. કરોડોની વાવો ઉજ્જડ કરી નાખી છે. માણસને જીવવું મુશ્કેલ લાગે છે. બધા સવારમાં ઊઠે ત્યાંથી લઈ રાત સુધી પ્રવૃત્તિમાંથી ઊંચા જ ન આવે એવું જીવન થઈ ગયું છે. અને સવારના ઊઠો ત્યારે આગળ નવા નવા પ્રોબ્લેમ ઊભા જ હોય તેવી દશા આપણા લોકોની અંગ્રેજો કરી ગયા.

પ્રકરણ ૬
નાદરીનું રમ્ય દર્શન

શીંગાણાનું વડું મથક




નાદરી પહાડ

૧૯૪૭માં પૂજ્ય સ્વામીશ્રી રેવાનંદજી સાથે જીપ ગાડીમાં નાદરી પહાડ ચડ્યો હતો. તે વખતે એક બાઈ પ્રસૂતિની પીડાથી પીડાતી હતી. સ્વામીજી સંધ્યાકાળે જઈ સહદેવીને આમંત્રી આવ્યા. અને સવારે તે સહદેવીનું મૂળ લાવી ઘસીને પાયું તેમ જ માથે મૂળ બાંધ્યું અને તુરત તે બાઇને પ્રસવ થઈ છુટકારો થયો. આ વખતે સૌ પ્રથમ મેં સહદેવી જોઈ. ત્યાર બાદ મારા હૃદયમાં તે સ્થાનનું

સતત આકર્ષણ રહ્યા કરતું હતું. ફરી ઓગણત્રીસ વર્ષે આજે તે તરફ જવાનો લહાવો મને મળ્યો. તે વખતની યાદ રહેલી સહદેવીનાં દર્શનાર્થે અમે નાદરી પહાડ ઉપર ગયા. આ વખતે મને સારી રીતે સહદેવીનાં દર્શન થયાં. સહદેવીના છોડ ૧ થી ૩ ફૂટ ઊંચા હતા. તેનાં પાન લાંબાં અને આંતરે આવેલાં હતાં. આ વખતે તેનાં ફૂલ મેં સારા પ્રમાણમાં અને જાંબુડિયા રંગનાં જોયાં હતાં. આની બન્ને જાતો અહીં જોવામાં આવી. એક શ્વેત જાત અને બીજી નીલ જાત હતી ભૂરા રંગની સહદેવી સિધ્મ નામના કુષ્ઠનો નાશ કરે છે. જમણા હાથ ઉપર સહદેવીનું કોમળ મૂળ બાંધવાથી જ્વર, ભૂત વગેરે બાધાઓ મટે છે. સહદેવીનો રસ ઉત્તમ વ્રણરોપણ છે. સહદેવીનો રસ બગડ્યા સિવાય લાંબો વખત રહી શકે છે. તેનાં પાંદડાંનો સ્વરસ પથરીઓ તોડે છે. એનાં મૂળિયાં માથા નીચે રાખીને સૂઈ જવાથી નિદ્રા સારી રીતે આવે છે. તાવમાં પરસેવો લાવવા માટે આનો ઉપયોગ કરાય છે. મૂત્રાશયના વરમમાં તેમ જ અશ્મરીમાં છોટાનાગપુર તરફ આખો છોડ વાપરવામાં આવે છે. તેને સેદરડી પણ કહે છે. અહીંના લોકો તાવમાં તેનો ખરડ કરે છે. તરિયા અને ટાઢ વાઈને આવતા તાવમાં સહદેવીના પાનનું ચૂર્ણ ૧॥ માસો અને ૭ મરી સાથે વાટીને રવિ અને મંગળ-વારે આપવાથી ઘણો જ આરામ થાય છે. અગાઉના પર્યટનમાં કંપા સુધી બે કે ત્રણ વાર શ્રી નાગજીભાઈને ત્યાં આવી ગયેલો. નાદરી ગામ કોરાણે રહી જતું તે જોવાની અધૂરી ઇચ્છા આ વખતે પૂરી કરી. ૧૯૪૭માં જોયેલો પ્રદેશ આજે ફરી જોયો ત્યારે પ્રથમ તો એવું લાગ્યું કે હું ક્યાંક ભૂલો પડી ગયો છું. કારણ કે ડુંગરો સાવ બૂઠા બઠ થઈ ગયા હતા. વનભૂમિ રણભૂમિ જેવી આજે મને લાગી. આજે અમે ગાડું કંપા ઉપર થઈ નાદરી પહોંચ્યા. ગામડાના લોકોમાં બ્રિટિશ હકૂમતે અને વલંદા વગેરે મિશનરીઓએ આપણી વનસ્પતિના ગુણોને ભુલાવીને અવગુણ બતાવવામાં મોટો ભાગ ભજવ્યો છે. એટલે લોકો પોતાના ગામના પાદરની વનસ્પતિઓ કપાવા દે છે. જીવનની

જરૂરિયાતની વસ્તુ માટે સહકારી સંઘો કે ખરીદ વેચાણ મંડળીઓ ઊભી થાય છે પણ આ વનૌષધિઓના ઉછેર તથા રક્ષણનું સંચાલન પણ જીવન માટે જરૂરી છે. વનસ્પતિનું મહત્ત્વ આ લોકો સમજ્યા નથી; નહીં તો આટલાં બધાં જંગલો કપાયાં ના હોત. અહીં ગામમાં પેસતાં જ ખરીદ વેચાણ મંડળના પ્રમુખ શ્રી બાદરભાઈ મળી ગયા. તેઓ પુરાણાં સ્થાનોને બતાવવા અમારી સાથે જોડાયા.




નાગધરા ઉપર આશુતોષ-ગરુડેશ્વર મહાદેવ

જ્યાં નાગરાજને મુક્તિ મળી એ ધરો હાલ નાગધરાના નામથી ઓળખાય છે. નાગધરો અને પક્ષીન્દ્ર તીર્થ, ફણીન્દ્રનાથ અને વૈકુંઠ તીર્થ એ બધાં તીર્થસ્થાનો નાગ અને ગરુડના યુદ્ધપ્રસંગોમાં બનેલા


ખાસ પ્રસંગો છે. સાબરકાંઠામાં નાગ અને ગરુડ બન્ને જાતિઓ હતી. ૧૯૪૭ થી ૧૯૫૦ સુધી મેં તેનો ઇતિહાસ સાંભળ્યો છે. નાગયુદ્ધોનું સ્થાન નાદરી છે. આર્યજાતિ અને દેવજાતિના વિજયની આ દિવ્ય ભૂમિકાઓ છે. અહીં થયેલાં યુદ્ધો પુરાતન સંસ્કૃતિનું તેની શિલ્પ-કલાકૃતિથી ભાન કરાવે છે. અસુરો અને નાગ જાતિની વસ્તી ખેડબ્રહ્માની આજુબાજુના પ્રદેશમાં હતી. ઇડરિયા ગઢ ઉપર ઇલ્વલ અને બલ્વલ નામે ભારે બળવાન અસુરો રહેતા હોવાનું ઈડરના ઇતિહાસમાંથી મળી આવે છે. નાગ લોકોનું રહેઠાણ ઇડરગઢના કામનાથ અને મહાકાળેશ્વરની ખીણોમાં હતું. ત્યાં તેમનાં સુંદર ઘાટનાં મકાનો, જળાશયો અને ઉપવનો હતાં. ગરુડ નામે જાતિ છે. અને નાગ નામની જાતિ છે. આ બન્ને જાતિની ઉત્પત્તિ એક જ પિતાથી છે. પણ તેમનાં યુદ્ધો જોરથી થયેલાં છે. આજથી ૪૦૦૦ વર્ષ પૂર્વે નાગો અને ગરુડનું ભયંકર યુદ્ધ થયેલું હતું. ગરુડની સંસ્કૃતિ ઉપરથી ગરુડના રાજાની સત્તાના પ્રભાવે ખેડબ્રહ્માની આજુબાજુ ગરોડિયા–ગરોડા–ગોતા–અને ચાંચલપુરનાં ગામોમાં હું રાતવાસો રહ્યો છું. નાગ અને ગરુડના યુદ્ધના અંતે નાગ જાતિ નબળી પડી ગઈ. આબુ પર્વતનો અર્બુદાસુર મરાયો અને અરવલ્લીનો આરાસુર નાશ પામ્યો. ઈડરના પર્વત ઉપર રહેનારા ઈલ્વલ તથા બલ્વલનો અંત આવ્યો. અને સાથે શક્તિનો પ્રભાવ જામ્યો. આ વિશાળ પ્રદેશો આર્ય રાજાને કબજે થયા. નાગ અને અસુરો મહાન થયા પછી ગરુડે ઈડરનું રાજ્ય સમૃદ્ધ બનાવ્યું. "વેણીવત્સાજ" નામના સૂર્યવંશી રાજાએ ઇડરનું રાજ્ય તથા આજુબાજુનો પ્રદેશ ખૂબ જ સમૃદ્ધ કર્યો. નાગની સંસ્કૃતિ પરથી "નાગધરા" અથવા "નાદરી"નું નામ અપાયું છે. આ નાગધરા ઉપર મેં જે ગરુડેશ્વર મહાદેવ જોયું, તે નાગ અને ગરુડના યુદ્ધ પછી જે નાગ હણાયો તે વખતનું આ પુરાણું સ્થાન ગરુડેશ્વર મહાદેવના નામથી ઓળખાય છે. આટલા જ માટે મને આ ગરુડ અને નાગના ઇતિહાસનો ઉલ્લેખ કરવો અહીં આવશ્યક લાગ્યો છે.

આ ગરુડેશ્વર મહાદેવ અતિ પુરાણા છે. અહીં બાજુમાં એક મોટો કુદરતી કુંડ છે, જેને અહીંના લોકો નાગધરો કહે છે.



નાગધરો

દુષ્કાળના સમયમાં આ કુદરતી કુંડને ખોદતાં તેની ઊંડાઈ માપી શકાતી ન હતી. તેના કિનારા ઉપર કલેડીનું વૃક્ષ જોયું.



નાગધરાના કિનારા ઉપર કલેડીનું વૃક્ષ


[કલેડીના મૂળની છાલની પોટીસ (દળીને લોટ જેવું) ઊંડા ઘા-વ્રણ, ફ્રેક્ચર અને અંડકોશની વૃદ્ધિ(Orchitis)ને મટાડી દે છે.]

પહેલવહેલાં મારા મિત્ર શ્રી નરેન્દ્ર હાથી સાથે હું અહીં આવ્યો ત્યારે તેમણે મને અરવલ્લી પહાડનાં મૂળિયાં પૈકીનાં બે તીર્થો બતાવ્યાં. (૧) માણેકનાથનો પહાડ (૨) નાગધરો. ખેડબ્રહ્માથી પશ્ચિમ દિશાએ આઠ માઈલ દૂર માણેકનાથનો પહાડ આવેલો છે. ત્યાં માણવકનાથ મહારાજનું તપશ્ચર્યાનું સ્થાન છે તથા એક મોટી ગુફા છે. ગુફામાં પિત્તળના તથા માટીના ઘોડા છે. બહારની બાજુએ સતીનું સ્થાન છે. ત્યાં મહારાજ માણેકનાથની સમાધિનું સ્થાય છે. ગુફામાં ભોંયરું છે. તેમાં લાંબી નાળ છે. તે એટલી તો લાંબી છે કે અમદાવાદના માણેકચોકમાં તે નીકળે છે. ગુફામાં જ્યાં ઘોડા રહે છે ત્યાં બાજુમાં મોટી પથ્થરની શિલા છે તે નહેરના મોઢિયા ઉપર ઢાંકેલી છે. તેની નીચે સ્પ્રિંગ છે. તે ખસે ત્યારે તેના પ્રવેશદ્વારમાં પ્રવેશ થઈ શકે. આ પહાડ પણ આયુર્વેદની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનો છે. ભાઈશ્રી હાથી સાથે નાદરીનો પહાડ હું ખૂબ જ વાર ચઢ્યો છું. તે વખતે તે ખૂબ જ ઔષધોથી ભરેલો હતો. જ્યારે જ્યારે નાદરી આવતો ત્યારે કોટેશ્વર ખાસ જતો. ખેડબ્રહ્મા આસપાસ ત્રણેય ગંગાના કિનારે તથા અંદર મળી કરોડો શિવલિંગ છે. અને કોટી શિવલિંગમાં પ્રધાન શિવલિંગ કોટેશ્વરનું છે. ચાર ગૌઈની ખેડ બ્રહ્માક્ષેત્રની પ્રદક્ષિણા ફરતાં પંચકોશીની પૂર્ણતા આ કોટેશ્વર તીર્થ કરવાથી થઈ શકે છે. કોટેશ્વર પાસે ગુપ્ત સરસ્વતીનો વાસ છે. કોઈ કોઈવાર નદી જેવો પ્રવાહ પ્રગટ થાય છે અને ઘણીવાર ગુપ્ત થઈ જાય છે. હરણાવ ધઉંનો વિસ્તાર ૪૦ ધઉંનો છે. તેમાં ભીમાશંકરી અને કોસંબી આ અરવલ્લીનાં મૂળિયાંમાંથી નીકળે છે. ક્ષીરનીમ્બા મંદિર ઉપરથી તમે જોશો તો આખું ખેડબ્રહ્માનું ચાર ધઉનું મેદાન સ્પષ્ટ દેખાશે આજુબાજુ નાદરી અને માણેકનાથનો ડુંગર સ્પષ્ટ દેખાય છે. અંબામાતાનું મૂળ ક્ષેત્ર આ હતું. હાલના માતાજીના મંદિરની આસપાસ નવદુર્ગાનું મંદિર હતું અને વચ્ચે અંબાજીનું મંદિર હતું. આ વખતે મારા પરમ મિત્ર પશુચિકિત્સક શ્રી વરદભાઈને

ત્યાં હું એક મહિનો રહેતો હતો અને આ બધો ઇતિહાસ મેળવતો હતો. શ્રી વરદભાઈ સાથે નાદરી પહાડ ઉપર હું ઘણીવાર આવજા કરતો. નવદુર્ગાતીર્થમાં શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કૂષ્માણ્ડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિદાત્રી એ પ્રમાણે નવદુર્ગાનાં મંદિરો હતાં અને અંબિકા માતા વચ્ચે હતાં. એ નવ પૈકી બે મૂર્તિઓ મુખ્ય દરવાજાની નીચેથી બ્રહ્મચારિણી યાને સરસ્વતી અને મહાગૌરિણીની નીકળેલી છે. આ બધો મુલક જ્યારે હ્યુ:એનસંગ આવ્યો ત્યારે ખૂબ જ વિકસિત હતો. અને હરણાવ કલચર એ આર્યોનું મુખ્ય કેન્દ્ર હતું. અને આયુર્વેદના ક્ષેત્રે વનસ્પતિનું વ્યવસ્થિત વાવેતર તથા રક્ષણ થતું હતું. એ રીતે નાદરી પહાડને હું અરવલ્લીના મૂળિયા તરીકે ગણું છું. તેનું પાણી તથા વનસ્પતિ અજોડ છે તે મારાથી ભૂલી શકાશે નહીં.

પ્રથમ અમે વરતોલ પાસે નાગધરા પાસે કલેડીનું વૃક્ષ જોયું હતું. પણ આ વખતે તેને શીંગો આવી હતી. આમ શીંગો સાથેના કલેડીના વૃક્ષને જોવાનો લહાવો મળ્યો હતો.


કૌંચાની શીંગો જેવી સહેજ જાડી અને રૂંછાળાં જે ખૂજલી લાવે છે તે સહુ પ્રથમ અહીં જોઈ.



કલેડીના વૃક્ષની કૌંચા જેવી શીંગો
[અહીંના લોકો કાંટો ગમે તેટલો ઊંડો ગયો હોય તોવ ખેંચી કાઢવામાં કઢાયાનો ગુંદર બાંધે છે.]

કલેડીનો ગુંદર કાંટા કાઢવા વપરાય છે. અહીં સહદેવીના છોડ ધરામાં ઊંડાણે જોયા, પણ છાંયો થઈ ગયો હતો અને અંતર ઘણું હોઈ નજીકથી ફોટો લઈ શકાય તેમ ન હતું. કુંડ ઉપર આશુતોષ મહાદેવના મંદિર તરફ અમે ગયા. સાબરકાંઠાનાં ઘણાં તીર્થો મે જોયાં. તેમાં અહીં મહાદેવનું લિંગ કોઈ જુદા જ પ્રભાવવાળું લાગ્યું. ભગવાને મારામાં અજબનું આકર્ષણ જમાવી દીધું. અમારી સાથેના શ્રી બાદરભાઈએ આ મહાદેવ વિષે કહ્યું કે અહીંના પહાડોની ગુફાઓમાં બે સંતો આજે પણ હયાત છે. તેઓ અદૃશ્ય સ્વરૂપે અહીં અવારનવાર પૂજા કરવા આવે છે. ઘણી વખત શ્રી બાદરભાઈએ આ સંતો દ્વારા અદૃશ્ય રીતે થતી શિવપૂજા જોઈ હતી. અમે ઘંટનાદ અને શંખનાદ સાંભળ્યા છે. અનેક ચમત્કારો જોયા છે. ગામની સમૃદ્ધિ આ શિવાલયને આભારી છે. આ ધરો કુદરતી છે. તેની પાછળ પીંગલ નાગ અને ગરુડનો ઇતિહાસ મેં આ જ પ્રકરણમાં વર્ણવ્યો છે. આ ધરાને ખેડબ્રહ્મા અને કચ્છભુજના ભુજિયા ડુંગર સાથે સંબંધ છે. આવી બધી બ્રહ્મપુરાણની વાતો તેમણે કરી. ત્યારે મને લાગ્યું કે શિવભક્તોએ તો જિંદગીમાં એક વખત પણ આ સ્થળનાં અવશ્ય દર્શન કરવાં જોઇએ. આ દર્શનથી અલૌકિક આનંદ અને દિવ્ય ચેતનાનું સ્ફુરણ થાય છે. આ પૌરાણિક સ્થળો વાચકોનાં મન-દિલ લોભાવે તેવાં છે. આ ધરાનું પાણી આજે પણ પીવામાં વપરાય છે. નાદરી પહાડ ઉપર છેક ટોચ ઉપર આજે બે ઊંડા ખાડા એક ફૂટ પહોળા પાણીથી ભરેલા દેખાય છે. આ રીતે હિમાલયઅને અરવલ્લીના પહાડો પણ પાણીના અખૂટ પ્રવાહવાળા જણાયા છે.

પહાડોની વચ્ચે જૂનું નાદરી ગામ ખંડેર રૂપે દેખાય છે. મૂળ મૂડેટીના સૂરજમલજીની જાગીરનું આ ગામ ખૂબ પૌરાણિક અને ઐતિહાસિક છે. થોડી ભક્તિ અને પૂજાથી તરત પ્રસન્ન અને સંતુષ્ટ થનાર આશુતોષ ગરુડેશ્વર મહાદેવના દર્શનની ઝંખના પૂરી



નાદરી ગામ પાછળની ટેકરી

થાય તેમ નથી. ફરી શિવરાત્રીએ આવવાનો માનસિક સંકલ્પ કરી અમે વાડોઠ થઈ વડાલીના રસ્તા પર આગળ વધ્યા અને ઈડર થઈ સીધા હિંમતનગર સંજીવનીમાં આવ્યા.


નાદરી પહાડ પાસેના પહાડ ઉપર એક જૂની ચોકી પણ દેખાય છે. તે ઉપરથી પણ આ પહાડનું માહાત્મ્ય સમજવું જરૂરી છે.



નાગધરા ઉપર ડુંગરી ઉપરની ચોકી

[ભીલ લોકો આ પહાડ ઉપર ઘણી જ લડાઇઓ લડ્યા છે તે દર્શાવતી ચોકી.]

અત્યાર સુધી મોટી મોરીનાં જંગલોમાં અને ઠેર ઠેર કડાયો અગર કલેડીનાં પાન, મોટી મંજરીઓ જોઈ હતી પરંતુ આ વખતે શીંગ પહેલી જ વાર જોઈ. આજે ચંઈગમ પરદેશ ટનબંધી જાય છે.



કલેડીની ડાળી ઉપર શીંગ અને મંજરી


[મેં પણ આ શીંગો પહેલવહેલી જ જોઈ છે. ખૂબી તો એ છે કે આ વૃક્ષો જેવાં કે ગરમાળો, કદાધો વગેરેમાં કેટલાંક એવાં પણ છે કે ચોમાસામાં ફૂલ આવે છે તેમ અમુક જ સીઝનમાં ફળ આવે તેવું

પણું નથી. કઢાયાનો ગુંદર ટ્રેગાકેન્દ્ર–શલ્યને ખેંચી કાઢનાર ગુંદર–
તરીકે વપરાય છે. લાકડું ખૂબ જ હલકું હોવાથી વીણા અને
સિતાર બનાવાય છે.]


આ બધા પહાડોમાં જૈન અને બુદ્ધ સલ્તનત વખતે ભોળિયા
લોકોની આણ ફરી ગઈ અને દેવની મોરીમાં મંદિરને "સ્તૂપ" શબ્દ
લાગ્યો. તારંગા મંદિરનો ઘાટ, શિલ્પ વગેરે જોતાં તે દેવદેવીનું મંદિર
હતું, પણ હાલ તો તારંગાના નામે જૈન ભગવાન બિરાજે છે. આવા
થોડા ફેરફાર થયા. પરંતુ પૂર્ણા નદીને કાંઠે શિવગુરુ નામના એક
બ્રાહ્મણને ત્યાં વૈશાખ સુદ પાંચમને દિવસે કાલડી ગામે એક પુત્રનો
જન્મ થયો હતો. શિવગુરુ વૃદ્ધ થયા હતા, સંતાન ન હતું. પણ શંકર
ભગવાનની આરાધનાથી પુત્રની પ્રાપ્તિ થઈ હતી. શંકરની કૃપાથી જે
પુત્ર મળ્યો તેના ઉપરથી તેનું નામ શંકર પાડ્યું હતું. નર્મદાના
તટ ઉપર મહાન જ્ઞાની પુરુષ ગોવિંદપાદ પાસે એમણે દીક્ષા લીધી.
આઠ વર્ષે યોગસિદ્ધિ મેળવી, પરકાયાપ્રવેશ કર્યો તે વખતથી આ
શિવમંદિરો પાછાં અસલ સ્વરૂપે થયાં છે પણ એત્રણ જગ્યાએ
તેમનાં અડપલાં થઈ ગયાં છે. બત્રીસ વર્ષની ઉંમરે તેમણે સમાધિ
લીધી. તેમનો અદ્વૈતવાદનો સંદેશ આ ભૂમિમાં ઠીક ઠીક ફેલાયો.
તેમણે કહ્યું કે મનુષ્ય જ્યાં સુધી માટી તુલ્ય દેહમાં આસક્તિ રાખે
છે ત્યાં સુધી તે અત્યંત અપવિત્ર રહે છે, તેને જન્મ–મરણ અને
વ્યાધિઓના ભોગ બનવું પડે છે અને બીજા કલેશ ભોગવવા પડે
છે પણ જ્યારે પોતાના કલ્યાણસ્વરૂપ થાય, અને શુદ્ધ આત્માનો
સાક્ષાત્કાર કરે છે ત્યારે તે બધા જ કલેશોમાંથી મુક્ત બને છે. તેમનો
આ સંદેશો અહીંની આ ભીલ પ્રજામાં ઊતરેલો જોયો. અને બ્રહ્મ
તથા આત્માની એકતાનો અનુભવ તેમના જીવનમાં થયો. ભગવાન
શંકરે કહ્યું કે આત્મજ્ઞાન ન મળે તો સેંકડો કલ્પ વીતી જાય તોય
મુક્તિ ના મળે.

આ રીતે ભગવાન શંકરાચાર્ય જ્યારે એક વખત આ મુલકમાં પધાર્યા ત્યારે જે શિવમંદિરોમાં બુદ્ધવાદ પેઠો હતો, તેમાં પાછી શિવસંસ્કૃતિની સ્થાપના થઈ અને એ પુરાતન શિવમંદિરો સજીવન થયાં ત્યારે પાછા લોકો આસ્તિકવાદ તરફ હતા તેવા ને તેવા થઈ ગયા. કિશનગઢ, શામળાજી, કલેસરી, પોળોનાં શિવમંદિરો અને અનેક સૂર્યમંદિરો તેનો જીવતો જાગતો પુરાવો છે. અને બે હજાર વર્ષ ઉપર હ્યુ એન સંગે કરેલી નોંધ તેનો જીવતો પુરાવો છે. તે કેટલીય વનસ્પતિઓ સાથે લઈ ગયેલો અને હરણાવ સંસ્કૃતિને શિવસંસ્કૃતિ તરીકે બિરદાવી હતી. આ રીતે ભગવાન શંકરાચાર્યના અદ્વૈતવાદનાં મેં અહીં ઠેર ઠેર દર્શન કર્યાં છે અને પથ્થરનાં બારણાં તથા દસ હજાર વર્ષ જૂનાં વાલ્મીકિ ઋષિનાં સંસ્મરણો નિહાળ્યાં છે.

આમ આ નદી નાદરીના પર્વતમાંથી નીકળી રાજેન્દ્રનગરથી આગળ શામળાજી જતાં આવે છે અને તે મેશ્વોને મળે છે.



શામળાજી જતાં નાદરીનું દશ્ય



શામળાજી જતાં નાદરી નદીનો પુલ

નાદરીનો પહાડ એ એક ઐતિહાસિક પહાડ છે અને ખેડબ્રહ્મા પાસેની નગરીનું મુખ્ય અંગ છે. તથા આ બાજુ આ ભૂમિમાં બાવળ, કદમ, ખેર, રાયણ, મહુડો, બહેડાં, આમળાં, શેમળો, કણઝી, વડ, પીપળો, ઉમરડો, ગરમાળો, બીલી, શેવણ, કાંટી, અણિયાર, અરીઠી, ઈંગોરિયાં, બોર, પીલુડી, હાસરડી, અટેડી, બોરસલી, જલજાંબુનાં સેંકડો હજારો વૃક્ષો અહીંના ડંગાવાળાઓએ વહેરીને કોલસા પાડીને રાતોરાત કૃત્રિમ રસ્તા કરીને ખટારાના ખટારા ભરીને કોલસાનું વેચાણ કરી દીધું તથા ડુંગરાને સાવ ભુટ્ટાબટ્ટ કરી મૂક્યા. આમાં બાવળ પણ ખલાસ થયો. બાવળની કુદરતે દીધેલી ભેટ એ બહુ જ કીમતી ભેટ છે. સોના કરતાંય બાવળ મને વધારે કીમતી લાગ્યા છે. બાવળમાં રહેલી અજબ શક્તિ અને તેનો કપાય-તૂરો

રસ એટલો ઉપયોગી છે કે આપણા દાંતોની રક્ષા તેના વડે થઈ શકે છે. બજારુ તુચ્છ ટૂથ પાવડરો કે કૃત્રિમ વિલાયતી બાવળોએ જે સ્થાન પ્રાપ્ત કર્યાં છે તેથી તો આપણા દાંતો સમૂળા પેઢામાંથી ઢીલા પડી જાય છે. આ આપણા દેશી બાવળમાં રહેલો રસ દાંતોને મજબૂત તથા સ્થિર રાખે છે. આના પાનામાંથી વૈદ્યો ભસ્મોમાં બાવળના રસની ભાવના આપે છે અને તે જ પાનામાંથી બબુલ રસ ક્રિયા બનાવીને આંખોમાં આંજવાથી નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આના કાંટા વાગતાં કાંકરો વાગ્યો હોય તેવા ખૂંચે છે. આનાં પીળાં ફૂલો આવે છે. તે આ વખતે થોડા રહ્યાસહ્યા બાવળોમાં જોયાં. અને જાણે બાવળ પોતાનાં નવ પલ્લવ ધારણ કરીને પીળાં પુષ્પો રૂપ ઘરેણાંથી અલંકૃત લાગતા હતા. અમારા ગુરુ કહેતા કે ભાઈ, આપણાં વૃક્ષો આપણા પુત્ર કરતાંય શ્રેષ્ઠ છે. કારણ કે પુત્રો પાસે યાચના કરતાંય તે આપણને પાણીનો પ્યાલોય પાતા નથી પરંતુ આ પરોપકારી વૃક્ષ યાચના વગર જ તેમની શતળતા, તેમની મધુર સુવાસ અને ફળો વગેરે આપણને આપે છે તથા તેમનાં એકેએક અંગ મનુષ્યના હિત માટે જ બ્રહ્માએ તૈયાર કર્યાં હોય તેમ આપણને ખપમાં લાગે છે. છેવટે તેનો છાંયો બિચારો મનુષ્યના શરીરનો સથવારો રહ્યો છે. આવાં જંગલોનાં જંગલો વનસ્પતિથી ભરપૂર હોય ત્યારે કૃત્રિમ એરકન્ડિશન કરતાં આ કુદરતી એરકન્ડિશન વિશેષ અગત્યનું લાગે છે એટલે કુદરતની આ ભેટ કાંઈ નાનીસૂની નથી.

પણ આજનો માનવ કુદરતની સામે બાથ ભીડવા અને તેની સંપત્તિનો નાશ કરવા અને તેનાથી આગળ નીકળવાનો પ્રયાસ કરતો થયો તે પછી નિષ્ફળ નીવડ્યો છે. કુદરતી લીલા તે કાંઈ માણસની બુદ્ધિ પ્રમાણે થવાની નથી. તેનો સંચાર પણ ઈશ્વરના હાથમાં છે. માટે જ જગતની ઉત્પત્તિમાં આચાર્ય સુશ્રુતે ઈશ્વરને પણ એક કારણ ગણ્યું છે.

જંગલોનો નાશ ન કરાય તો તેનો એક મોટો ફાયદો છે. તેના વડે આપણે દુઃખો–રોગોથી મુક્ત બનીએ છીએ. આપણે જાતે જ આ દુઃખોને વહોરીએ છીએ. આપણે શ્રદ્ધા અને વિશ્વાસ ગુમાવ્યાં છે.

આ આપણી ભૂમિ આ જંગલોને કારણે રસકસથી ભરપૂર હતી. પરંતુ જ્યારથી આ જંગલો કપાવા માંડ્યાં છે ત્યારથી અને જ્યારથી પાતાળકૂવા-બોરિંગ ખોદાય છે ત્યારથી આ પૃથ્વી પોલી બની ગઈ છે. જંગલની સંપત્તિથી લોકો સુખી રીતે જીવ્યા હતા અને દૂધ-ઘીની નદીઓ આ પ્રદેશોમાં હતી. અને અહીંના કુદરતના ભરોસે જીવતા લોકોને કોઈ જાતના રોગો થતા નહીં. વળી લોકોએ તો પોતાના હાથે જ પોતાના હાથ કાપ્યા છે. એટલે વ્યાધિ સામેની પ્રતિકારશક્તિ (Resistance power) તેઓમાં અગર આપણામાં રહી નથી. માટે મારે એટલું જ કહેવાનું છે કે આ સંપત્તિ સુરક્ષિત રાખીશું તો તેના દ્વારા આપણે સુખી બનીશું. આપણી આવતી પેઢીઓ સુખી બનશે. આ જંગલો કપાવાથી આ ધરા રસવિહોણી તથા વરસાદ-વિહોણી બની છે. આ જંગલોને લીધે તો અહીં પહેલાં ૬૦"થી ૮૦" જેટલો વરસાદ પડતો હતો. અને હવે જંગલો કપાયાથી ૨૪" માંડ વરસાદ પડે છે. અહીંથી છેક કંડલા કંપેથી હું ખેરસાર લેવા જતો ત્યારે પરોસડાની આજુબાજુ જે બાવળની તથા ટેંટુની ઝાડીઓ જોઈ હતી તે હાલમાં નથી. અને અમદાવાદમાં વિલાયતી બાવળનાં દાતણ આવવા લાગ્યાં છે. આમ આ વરસાદવિહોણી બનેલી ધરામાં ફરીથી વૃક્ષોનાં વાવેતર કરાય તો આ ભૂમિ પહેલાંની પેઠે રસવાળી બનશે. કુદરતની સામે બાથ ભીડવાનું રહેવા દઈને કુદરતી સૌંદર્ય તથા જંગલો સચવાઈ રહે અને વધે તો લોકોનું સ્વાસ્થ્ય આપમેળે જ વધે છે.

પ્રકરણ ૭

ટિંટીસરનું દિવ્ય પ્રભાવશાળી શિવમંદિર

શાંતિકુટિર

ટિંટીસરમાં પુરાણું શિવમંદિર આવેલું છે. કુકડિયાના ભાઈશ્રી હરીશભાઈ દવે શાંતિકુટિરના સ્વામીશ્રી વિશ્વેશ્વરાનંદજીનાં દર્શન માટે આવ્યા. સ્વામી પણ કુકડિયા તરફના મહંત છે. આ રીતે કુકડિયાથી ટિંટીસરનો કુદરતી રમ્ય પહાડી પ્રદેશ ઘૂમવા માટે અમે ઇડરિયાગઢના પહાડો વટાવી ધવિઆવ નદી પાસેનું બડોલી ગામ કુકડિયા જે ધવિંઆવ નદી ઉપર આવેલું છે ત્યાં ગયા. સંવત ૨૦૩૨ની ચૈત્ર વદ અગિયારસ હતી. ઇડરિયા ગઢના પહાડો અને મુડેટીના પહાડો વચ્ચેનું આ મેદાન છે. તેથી જ ધોમધખતા ઉનાળામાં પણ આ પ્રદેશ લીલોછમ લાગે છે. ઈડર તાબાના આ મુલકો એક વાર સમરાંગણ બનેલા હતા. ગૂહાદિત્ય, નાગાદિત્ય, ભગાદિત્ય, દેવાદિત્ય, રાસાદિત્ય, ખલભોજ, ગૂહાદિત્ય, છેલ્લો નાગાદિત્ય એમ રાજા થયેલા. નાગાદિત્યના પુત્ર રાવળબાપાનો ઇતિહાસ મેં ઘણો જ સાંભળ્યો છે. મારે તો એ કહેવું છે કે આ બધા રાજાઓએ વન-ઉપવનની વ્યવસ્થા જાળવી હતી. ઈ. સ. ૧૦૨૪ (સંવત ૧૦૮૦) માં મુસલમાન બાદશાહ મહંમદ ગિઝનીએ ગુજરાત ઉપર ચઢાઈ કરી હતી. તેની સાથે ભારે લશ્કર હતું. ૩૦,૦૦૦ ઘોડા, ઊંટ; તેથી વધારે સિપાઈઓ હતા. શરૂઆતમાં મુલતાન, અજમેર થઈ, જંગલો ઓળંગી સોરઠમાં આવેલા સોમનાથ ઉપર તેણે ચઢાઈ કરી. મહંમદ ગિઝની મૂર્તિભંજક, ક્રૂર અને ધનલોભી હતો. તે અજમેર જે રસ્તે ગયો એ રસ્તામાં ખેડબ્રહ્મા એ મોટી જબરજસ્ત નગરી હતી. આ વખતે ઈડરના રાજાઓ લડ્યા તો ખૂબ; પણ પેલો હાથી વગેરે

ઉપર બેસીને તોપો તથા ગોળા ફોડતો હતો. ગુજરાતનો રાજા ભીમ કંથરોટના કિલ્લામાં ભરાયો હતો. ભીલ લોકો ઘણા મરાયા અને મોગલ સૈન્યે આખા બ્રહ્મક્ષેત્રનો સંહાર કર્યો. પણ મેં જોયું કે ડાબી બાજુએ આવેલું કિશનગઢનું મંદિર અને શામળાજીનું મંદિર બચી ગયાં હતાં. મૂર્તિઓ ભાંગી, દેવળો તોડ્યાં, તીર્થો અને દેવાલયોના રક્ષક બ્રાહ્મણોની કતલ થઈ, ગામ બાળ્યાં, હજારો જાતનાં ઝવેરાતો લૂંટાયાં. તે વખતે આ બ્રહ્મક્ષેત્ર સ્મશાન જેવું થઈ ગયું. આ વખતે આયુર્વેદને બહુ જ મોટો ધક્કો લાગ્યો. ઘણા જ વૈદ્યો નાસી ગયા. તથા મોગલ સૈન્યે આયુર્વેદનાં પુસ્તકોની હોળી કરીને તેની તાપણી કરી અને જીવનીય ગણનાં ઝાડ તથા અશોક, પિલ્લક, મૂલિનીઓ તથા ફલિનીઓને આ મોગલ સૈન્યે સાફ કર્યાં. તેને ખાવાના કામમાં ન આવે તેવું બનાવ્યું. ઘઉં-બાજરો દાખલ થયો. તમાકુ આવી, બીડીઓ દાખલ થઈ, અને જીવનની આયુર્વેદી ઢબનો મોગલોએ અંત આણ્યો. અંગ્રેજોએ તો આખી ગાડી જ જંતુવાદના પાટા ઉપર ચઢાવી દીધી અને અહીંનાં ગામડાંઓમાં પણ તેના છાંટા ઊડ્યા.

હવે તો ખેતરોમાં બાજરી, મકાઈ અને ચાહટિયો અઢળક દેખાતાં. હતાં કુકડિયા ધર્માદા ઔષધાલયનું સ્થાન મને ઘણું જ ગમ્યું. શ્રી મોહનલાલ દવેનો પુરુષાર્થ સાર્થક હતો. આ સંસ્કૃત અને સંસ્કૃતિજ્ઞ કુટુંબમાં અમે સાકરટેટી ખાધી. અઢાર વર્ષથી રાજસ્થાનના આ વૈદ્યરાજ એક જ ગામમાં રહેલા છે. તેમના ઘરના કંપાઉન્ડમાં સેંકડો વર્ષ પુરાણો લીમડો હતો. આ કુકડિયા ગામ કુકડિયા નદી ઉપર જ આવેલું છે. ત્યાંથી અમે વડોલી જવા નીકળ્યા. સામે ઘઉંઆવ પહાડની રેન્જ દેખાતી હતી. આ ઘઉંઆવ પહાડ અરવલ્લીનું જ મૂળ છે. તે આયુર્વેદનું પરમ ધામ છે. અમારા વૈદ્યો આ ઘઉંઆવ પહાડની અંદર, બહાર, ઉપર અને ફરતી પરિક્રમા નહીં કરે ત્યાં સુધી તેમને આયુર્વેદનાં પૂરાં દર્શન નહીં થાય.

વર્ષો સુધી આ પહાડની ચારે બાજુ પરિક્રમા મેં કરી છે છતાં ધરાયો નથી. ત્યાંથી બડોલી નીકળ્યા. અને અમે મૂડેટીના પહાડો વટાવી કાનપુર થઈ ભીલોડા તરફ ગયા. વચ્ચે માનપુર ગામ આવ્યું હતું. ત્યાં હું પહેલાં જઈ આવ્યો હતો. ઈડર–ભીલોડાનો માર્ગ જૂનો તથા ઐતિહાસિક છે તેમાં ચાર નદીઓ વટાવવી પડે છે. એક ધઉઆવ નદી. બીજી ભેંસકા નદી, ત્રીજી ઇન્દ્રાસી નદી અને ચોથી હાથમતી નદી આ ચારે નદીઓ વનઔષધિઓનું પરમ ધામ છે. અહીં આખો જીવનીય ગણ ભરપૂર હતો. મને અત્યારે પણ મલાયાથી આગળ પલાશ અગર ખાખરાનાં અનેક વૃક્ષો જોઇને ઘણો જ આનંદ થયો.

અહીંના ભીલ લોકો માથે ફાળિયું વીંટે છે. થોડામાં થોડાં લૂગડાં પહેરે છે. હાથમાં તીરકામઠું અને પાછળ તીરનો ભાથો જોવામાં આવે છે તેઓ ચમત્કારિક ત્વરાવાળા, ચંચળ અને મજબૂત હોય છે. ભૂખ, તરસ, થાક અને ઉજાગરા મનાય નહીં તેવી રીતે તે સહન કરે છે. તેઓ સાવધાન, સાહસિક, ભેદુ, યુક્તિઓ શોધી કાઢવામાં કુશળ અને અન્ય આશ્ચર્યકારક ગુણો ધરાવે છે. તેઓ સ્વતંત્ર જુસ્સાના છે. પરંતુ તેમનામાં વિશ્વાસ રાખવામાં આવે તો અજાયબ રીતે નિમકહલાલ થાય છે. આબુથી દેખાતું પીળું દંડક અરણ્ય કહેવાય છે જ્યારે ઇડરથી ભીલોડા શામળાજી આ બધો પ્રદેશ નંદનવન કહેવાય છે. આ નંદનવનમાં કાળા ઉનાળામાં પણ લીલાંછમ ઝાડ જોયાં છે. પરદેશી હલ્લા થયા છતાં અહીં ભીલો અને આયુર્વેદની વનસ્પતિ બન્ને સચવાયાં છે. છેક રાજપૂત રાજ્ય અમલ અને મુસ્લિમ રાજ્ય અમલ સુધી આપણને ભીલ રાજ્યસત્તાના ઉલ્લેખો જોવા મળે છે.

સાબરકાંઠાનાં જંગલો ખાખરો, વાંસ, કડો અને આમળાથી ભરપૂર છે. હાથરોલ આગળથી આડા પહાડનો પાછળનો ભાગ જાણે લોન પાથરી હોય તેવો લીલોછમ લાગતો હતો. પલાશ, કિંશુક


વૃક્ષ અને પર્ણ એ ખાખરાનાં યથાર્થ નામ છે. તેનું એક નામ વાતપોથ પણ છે એટલે કે વાયુનો નાશ કરનાર પણ છે. તેનાં બીજાં નામ રક્તપુષ્પ, યાસ્તક, ત્રિપર્ણ, ક્ષારશ્રેષ્ઠ, બીજસ્નેહ, બ્રહ્મવૃક્ષ એવાં પાડેલાં છે. યજ્ઞમાં પલાશ ઉપયોગી હોઈ તેનાં યાસ્તક અને સમારવા નામ સાર્થક છે આ તરફ આખુંય વન લાલચોળ થઇ જાય છે અને જાણે વનમાં આગ લાગી હોય એવું લાગતું હતું. તેની લાલાશ ઉગ્રતાવાળી હતી. અશોક, કર્ણિકાકાર અને ખાખરો આ ત્રણેય ખીલ્યા હોય તો વળી પૂછવું જ શું ! ખાખરો દીપન વૃક્ષ છે, સારક છે, વ્રણ અને ગુલ્મને જીતનારો, કૃમિને હરનારો, ભાગેલાં હાડકાંને સાંધનારો તથા ગુદાના રોગોને જીતનારો છે. ખાખરો આ ભૂમિની પરમ પ્રસાદી છે. તેથી આબુની તળેટીનો ભાગ ખાખરિયા પટ્ટો કહેવામાં આવે છે. હિન્દીમાં તેને ઢાંક કહે છે. એક દાંડીમાં તેનાં ત્રણ પાન આવે છે. રસાયન પ્રયોગોમાં આ ખાખરાનો ઉપયોગ થયો છે. ટોરડાના શ્રી રવિશંકર વૈદ્ય આ ખાખરામાં આમળાં બાફીને ખવડાવતા હતા. અને મેં પછી ઘણાને ખવડાવ્યાં છે.

અમે આ ખાખરાના મુડેટીના પહાડો વટાવી ભીલોડા થઇ હાથમતીનો પથ્થરિયા પટ વટાવીને છેક પાલ્લા તરફ નીકળ્યા. ત્યાંથી શામળાજી જઇ રાયગઢના રસ્તે રાજેન્દ્રનગરથી મોડાસા તરફના રસ્તે બોલુન્દ્રા ગયા. હરડે માતાએ આજથી અગિયાર દિવસ ઉપર એ વૃક્ષનાં દર્શન મને કરાવ્યાં હતાં. તે વખતે લીલાંછમ ફળોનો ઝૂમખાબંધી ફોટો લીધો હતો. તેને કૂંપળો આવતી હતી. પણ પાન પૂરાં ખીલ્યાં ન હતાં. તેથી શંકરાચાર્યની માતાએ શંકરાચાર્યને જેમ ફરી બોલાવ્યા તેમ આ હરડેમાતાએ મને પણ આ પાનનો ફોટો લેવા ફરી બોલાવ્યો હતો.



હરડે—પાન સાથે

આ વખતે હરડેનું વૃક્ષ પાનથી ભરચક હતું અને કડાના વૃક્ષની માફક તેને ખૂબ જ પ્રમાણમાં પાન આવેલાં જોયાં. ગઇ ચૈત્ર સુદ પૂનમના મેળામાં આવ્યો ત્યારે હરડેનું વૃક્ષ તેની નાની નાની કૂંપળો અને ફળ સાથે પાનખર જેવું દેખાતું હતું. આને



હરડેના વૃક્ષ ઉપરની કૂંપળો

લાગેલાં નાનાં નાનાં ફળને બાલ હરડે કહે છે. આયુર્વેદની ચિકિત્સામાં હરડેને એક અત્યંત પ્રભાવશાળી, દિવ્ય અને રસાયન ઔષધિ તરીકે માનવામાં આવી છે.

हरीतकी मनुष्याणां मातेव हितकारिणी ।
कदाचित् कुप्यते माता नोदरस्था हरितकी ॥
यस्य माता गृहे नास्ति तस्य माता हरीतकी ।
हरीतकी तु सम्प्रोक्ता पञ्चभिस्तु रसैर्युता ।
लवणेन च सा हीना योगवाही रसायनी ॥

જે દેશની જાતિ પોતાનો ઇતિહાસ જાણતી નથી તે મનુષ્ય મટી હેવાન બનતી હોય છે.

બીજા વિશ્વયુદ્ધ વખતની એક વાત છે કે એક દીવાલમાં એક જબ્બર ભાલો ખૂંપી ગયેલો હતો. તે યુરોપિયન સૈનિકથી નીકળ્યો નહિ તેથી હિંદી સૈનિકને બોલાવ્યો અને હિંદી સૈનિકે કીધું કે હું ભાલો કાઢી આપું. યુરોપિયન અમલદારે કહ્યું કે "કાઢી આપો" ત્યારે હિંદી સૈનિકે કહ્યું કે એમ નહિ, અમારા બારોટને બોલાવો. તે મારા વંશજોની વંશાવળી અને તેનો ઇતિહાસ બોલશે એટલે હું ભાલો કાઢી આપીશ. તેનું આ વચન સાંભળી યુરોપિયન અમલદારે તેના બારોટને બોલાવ્યો. બારોટે આવીને તેની વંશાવળીની યશોગાથા ગાવાની શરૂ કરી ત્યાં હિંદી સૈનિકની આંખનો રંગ બદલાયો અને ભુજામાં બળ આવ્યું અને એક ઝાટકે જ ભાલો ખેંચીને કાઢી આપ્યો. આ છે જાતિ–ઇતિહાસની વિશેષતા.

એટલે હું વનસ્પતિનું વર્ણન આબેહૂબ લખું છું. પણ તેનું ઓજસ આ ઇતિહાસ સાથે સંકળાયેલું છે. જો અહીંની ભીલ પ્રજાને પોતાનો સાચો ઇતિહાસ વંચાવવામાં આવ્યો હોત તો તેઓએ કદી પણ ધર્માંતર સ્વીકાર્યું ન હોત અને માટે જ હું આ લખું છું. આર્યો અહીંના જ વતની હોવાથી અને દુનિયામાં જૂનામાં જૂની અરવલ્લીની હારમાળા અને આપણું મૂળ વતન હોવાથી આ ઇતિહાસ આપણા હૃદયમાં સાચો પ્રકાશ પાડશે જ. એ રીતે હરડેનાં વૃક્ષો કેવી રીતે મોગલ કાળમાં અને અંગ્રેજી કાળમાં ગયાં તે ઇતિહાસ જાણવો જરૂરી છે. અને એવી રીતે આ આયુષ્યના વેદને ઉતારી પડાયો કે


"ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ નોકરી ને ફટ ભીખ;
અને જો ભીખ ન આવડે, તો વૈદું શીખ."

આટલો બધો તિરસ્કાર વૈદક પ્રત્યે સમાજમાં ઊભો કર્યો અને 'ઊંટવૈદ્ય' સંબોધન થયું એટલે બ્રિટિશરોએ તો આયુર્વેદની સંસ્કૃતિનું વૃક્ષછેદન કરવામાં જે તીક્ષ્ણ કુહાડા અને ફરસીઓ વાપરી છે તે કોઈએ વાપરી જ નથી. પણ એકાદ મૂળ જીવતું રહી ગયું છે. તેને આ પુસ્તકો દ્વારા પાણી પાઈ નવપલ્લવિત કરવાનો આ મારો યત્કિંચિત્ પ્રયાસ છે. તેથી કોઈ દી પાછો વિશાળકાય વડલો ઊભો થઈને જ રહેશે.

આનાં પાંદડાં કડાનાં પાંદડાંના આકારનાં જોયાં. લંબાઈ વધારે અને પહોળાઈ ઓછી. હરડે એ રેચ નથી, પણ રસાયન છે. એટલું આપણે સમજીએ તો, રોજ હરડે લેતાં અચકાઈશું નહીં. રેચ તો કાચા મળને ઉખેડીને બહાર કાઢે છે, જ્યારે હરડે મળને પકવીને બહાર કાઢે છે. આવી દિવ્ય ઔષધિ હરડેથી સાબરકાંઠો ભરપૂર હતો. અત્યારે ઘણાં વૃક્ષો કપાઈ ગયાં છે.

વૈદ્યો અહીં ખૂબ પાક્યા છે અને તેઓનું પવિત્ર જીવન ગાય અને વનસ્પતિમાં ઓતપ્રોત હતું. વિશ્વામિત્ર વગેરે ઋષિઓ તો એકલા ગાયના દૂધ ઉપર જ જીવતા હતા. અહીંના વનવાસીઓ ગાય અને બકરાં જ પાળે છે. ભેંશ જોવા જ મળતી નથી અને ભેંશને તેઓ માનતા પણ નથી.

અહીં સોનચંપો જે જોયો તે ઘણો જ આકર્ષક હતો. આ સાથે નાગચંપાના ફળનું ચિત્ર મૂકયું છે.




નાગચંપાનાં ફળ



નાગચંપાનાં ફળ

ખેલુન્દ્રાથી જતાં બ્રાહ્મણવાડા પાસે રેલ્વે અને મોટર માર્ગનો પુલ નજીક નજીક છે. હિંમતનગરથી ઉદેપુર રેલ્વે એવી નાખી છે કે તીર્થક્ષેત્રો બાજુએ રહી ગયાં છે.



શામળાજીથી બોલુન્દ્રા જતાં નાંદીસણ પાસે મેશ્વાનો પુલ

બોલુન્દ્રાથી ટિંટીસર

સંધ્યાકાળે બોલુન્દ્રાથી વિદાય લીધા બાદ સરડોઈ–મેઢાસણની સડક ઉપર ટિંટીસર પહોંચ્યા. અહીં સ્વામી વિશ્વેશ્વરાનંદ સરસ્વતીનાં દર્શન કર્યાં. અવધૂત દશાના આ પવિત્ર મહામાનવને મારું મસ્તક નમ્યું. હજારો વર્ષ પુરાણા શિવાલયમાં સ્વામીજીને શાંતિ લાધી, તેથી તેનું નામ શાંતિકુટીર રાખ્યું છે. અહીં આવતાં અમને પણ ખૂબ શાંતિ મળી. મંદિર ખૂબ પુરાણી ઢબનું લાગ્યું. સંકટમોચન હનુમાનની મૂર્તિ પણ પુરાણી છે. શિવલિંગનો પ્રભાવ અને પ્રતાપ જોયો. વિશ્વેશ્વરાનંદજીએ કહ્યું કે મારે મન સુખની વિસાત નથી; પરંતુ શાંતિ જ્ઞાન વિના મળતી નથી. જ્ઞાન ચિત્તશુદ્ધિ વિના મળતું નથી. મારા ગુરુ પણ મોટા રસવૈદ્ય અને નાડીવૈદ્ય હતા. તેમણે આયુર્વેદ ઉપર ખૂબ ભાર મૂકયો હતો. તેમણે કહ્યું કે સાબરકાંઠો અલગ

વ્યક્તિત્વ ધરાવે છે. મોટા ચમરબંધીનું પણ તે અભિમાન ઉતારે છે. ઇડરના મહારાજા દોલતસિંહજી મુંબઈ હતા. છ-સાત ખાટકી ગાયોને મારતા મારતા લઈ જતા હતા. તેમણે ખાટકીઓને ગાયો છોડી દેવા કહ્યું. ખાટકીઓએ ના પાડી એટલે દોલતસિંહજીએ તરત જ રાઇફલથી એ ખાટકીઓને મારી નાખ્યા અને ગાયોને કતલખાને જતી છોડાવી. બાપા રાવળ વગેરે ઇડરના રાજાઓની સુવાસની વાતો ઘણી થઈ. એ રીતે આ સંતોની ભૂમિ છે. તે અન્યાયને સહન કરતી નથી. ભારતભરમાં નવું સર્જન સાબરકાંઠો જ કરે છે. એટલે જ આ ભૂમિમાં અનેક પ્રસંગો બન્યા છે. પ્રતાપનો દાખલો જીવતો જાગતો છે. દરેક વ્યક્તિની આગવી વિચારસરણી હોય છે. અહીંનો માણસ કોઈથી દબાતો નથી અને ધર્મને અગ્રસ્થાન આપે છે. એ રીતે મેં પણ આ ભૂમિને કર્મઠ ભૂમિ બનાવી છે. આ ભૂમિમાંથી હર સેકંડે મને નવી પ્રેરણા મળતી જ રહી છે અને સાચા આયુર્વેદનું દર્શન અહીંનાં પહાડ, નદી, વનસ્પતિ અને ભીલોએ કરાવ્યું છે.

આ આશ્રમના નીચેના શ્લોકો મને ખૂબ પ્રભાવિત લાગ્યા :

વૃક્ષ વૃષભ ને વ્યાઘ્ર વ્યાળ એ ચારી જીવ જાત,
સાધુ સજ્જન સ્વાર્થી નીચ એ હી જગવ્યવહાર.

ऐश्वर्यं स्वप्नसंकाशं यौवनं कुसुमोपमम ।
क्षणिकं चलमायुष्यं तस्माज्जागृहि जागृहि ॥

जन्मदुःखं जरादुःखं मायादुःखं पुनः पुनः ।
अन्तकाले महादुःख तस्माज्जागृहि जागृहि ॥

कामक्रोधो लोभमोहो देहे तिष्ठन्ति तस्कराः ।
ज्ञानरत्ना महाशया तस्माज्जागृहि जागृहि ॥

आशायां वध्यते लोकः कर्मणा परिवध्यते ।
आयुःक्षयं न जानामि तस्माज्जागृहि जागृहि ॥

व्यसनानि सन्ति बहुशो व्यसनद्वयं केवलं व्यसनं ।
विद्याव्यसनं व्यसनं यद्वा हरिपादसेवनं व्यसनं ॥

તેમણે કહ્યું કે આ મંદિરની બાંધણી છસો વર્ષ ઉપરની છે. તેના મૂળ અવશેષો મેં સાચવી રાખ્યા છે.


કલ્લીની ભાજી

આજુબાજુની ટેકરી પર મુસળી ખૂબ થાય છે. તેની ભાજીને કલ્લીની ભાજી કહે છે. અહીંનો આખો વિસ્તાર ચોમાસામાં આ ભાજી ખાય છે. તે ગળી, બળ-વીર્ય વધારનાર અને રસાયની છે. મસા, વાયુ અને પિત્ત મટાડી મૃદુતા આપનાર છે. તે ધાતુ વધારનાર અને થાક મટાડનાર છે. તેથી આ ડુંગરાળ પ્રજાને ખૂબ સાત્મ્ય છે. આ ભાજી વાજીકરણ છે. મુસળીને આ લોકો કલ્લી કહે છે. ચોમાસામાં અહીંનો એક પણ ડુંગર એવો નહીં હોય કે જ્યાં આ ભાજી ના હોય.



મુસળી

અમે ગયા ત્યારે તેઓ સમાધિમાં હતા અને પદ્માસનમાં બેઠેલા હતા. પદ્માસન બધા જ વ્યાધિઓ મટાડનારું છે. પ્રાણાયામ અને ત્રિકાળ સંધ્યા એ તેમનો પ્રાણ હતો.



પ. પૂ. વિશ્વેશ્વરાનંદજી (માધવાનંદજી) ગાયત્રી ઉપાસના વખતે
અવધૂત દશામાં

કુકડિયાના શ્રી હરીશભાઈ દવેના સત્સંગ વડે જ અમે સ્વામી વિશ્વેશ્વરાનંદજીનાં દર્શન કરી શક્યાં. અહીં એક ખંડ શંકરાચાર્યજીના મૂર્ત સ્વરૂપનો બનાવ્યો હતો.

અહીં સાયંકાળ વીતી ગઈ હતી. એટલે સ્વામીજીના આગ્રહને વશ થઈ અમે ખૂબ મીઠા સ્વાદવાળી મીણ જેવી ઘીથી લચપચતી ખીચડી ખાધી. ગાયનું ઘી ઉત્તમ છે, પવિત્ર છે, રસાયન છે, બુદ્ધિ પેદા કરે છે. બલકારક, મેધાકારક, શુદ્ધિ કરનાર, વાયુ તથા શ્રમનો નાશ કરનાર, સ્વરને સારો કરનાર, પિત્તનો નાશ કરનાર, જઠરાગ્નિ વધારનાર, વિપાકે (પચ્યા પછી) મધુર, વૃષ્ય–વીર્યવર્ધક અને શરીરને સ્થિરતા આપનાર હોઈ આ લોકો ખીચડી સાથે ઘી અવશ્ય ખાય છે. આ લોકો તાજા માખણમાંથી તરત જ તાવી કાઢીને ઘી ખાય છે તેથી ઘણા ગુણવાળું હોય છે. ઘી આગ્નેય છે, વિષનો નાશ કરે છે, ચક્ષુને તેજ આપે છે, આરોગ્ય કરનાર અને પચવામાં હલકું છે.

પહેલાં સ્વામીજી ઈડરની જ્ઞાનગુફામાં રહેતા હતા. તે પહેલાં તેઓ કડોલી પાસે રહેતા. તેમના ગુરુ સ્વામી રામાનંદ સરસ્વતીનું નામ તેમણે ખરેખર દીપાવ્યું છે. સ્વામીજીએ અજમાનો જાતઅનુભવ કર્યા પછી મને કહ્યું કે આ પ્રયોગ મેં તમારા રેડિયો પ્રોગ્રામ ઉપર સાંભળ્યા પછી ચાલુ કર્યો. મને ખૂબ ફાયદો થયો. ઉપરાંત પ્રાણાયામ કરી મેં મારું પેટ ઓછું કર્યું. તેમણે આંખોની બળતરા અને રતાશ માટે જીરાને ખૂબ લસોટી પાણી મેળવી તે પાણી આંખમાં નાંખવાથી મળતા ચમત્કારિક ફાયદાની વાત કરી.



શાંતિકુટીરમાં જગદ્‌ગુરુ શંકરાચાર્ય

[જગત મિથ્યા નથી પરંતુ અજ્ઞાન મિથ્યા છે. અને અદ્વૈતભાવ એટલે આત્મભાવ મોક્ષ તરફ લઈ જશે, જ્યારે અનાત્મભાવ ઈર્ષ્યા પેદા કરી જીવનને અસ્તવ્યસ્ત કરી દેશે. બુદ્ધ ધર્મના ખંડન બાદ શંકર ફિલૉસૉફી આવવાથી જ આ શિવ સંસ્કૃતિ સાબરકાંઠામાં દેખાય છે તે બદલ જગદ્‌ગુરુ શંકરાચાર્યને હું અંજલિ આપું છું.]


મોહકવાસ

હવે અમે છેલ્લા મોહકવાસ આવ્યા, જેને અત્યારે મોડાસા કહે છે. મુસલમાની યુગે નદીઓનાં નામો ફેરવી નાખ્યાં. તે માહિષ્મતીને માજુમ કહે છે.

"એક ઈડરના વનકેસરી એ
ભડવીર બાપ્પારાવ
વિશ્વવંદ્ય સૂરજ કુળ સ્થાપી
ચિતોડ કીધ યશછાંવ."

(નાનાલાલ કવિ)

ગુજરાતના આ મહાકવિએ ઈડરના આ વનકેસરીની કરેલી આ ગીતમય વંદના આપણને ઇતિહાસ બતાવે છે. ઈ. સ. ૭૧૬ ના અરસાની આ વાત છે. ઈડરની ભૂમિ ઉપર ગોહ અથવા ગહિલોત વંશની આઠમી પેઢીએ નાગાદિત્ય નામનો રાજા રાજ્ય કરતો હતો. આ ગોહ વંશના પૂર્વજોએ ત્યાંની તળભૂમિના નિવાસી ભીલ રાજા માંડલિક પાસેથી રાજસત્તા મેળવી. ભીલોના દિલમાં આ પરાધીનતાનો ડંખ આઠ આઠ પેઢી વીત્યા છતાં ભૂંસાઈ ગયો ન હતો. આ નાગાદિત્યનો આ ભીલોએ વધ કર્યો હતો. તેઓ નાગાદિત્યના દીકરાને બાપ્પા કહેતા હતા. આ બધા ઇતિહાસ કરતાં મોડાસાનો ઇતિહાસ ચઢી જાય છે. ગુજરાતની ગાદીના છેલ્લા હિંદુ રજપૂત રાજા કરણ ઘેલાની વાત જાણીતી છે. એના દેશદ્રોહી પ્રધાન માધવની વાત પણ જાણીતી છે. એણે દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીને ગુજરાત પર આક્રમણ કરવા આમંત્રણ પાઠવ્યું. પોતે જાતે જઈ તેડી લાવ્યો. આમ તો છેલ્લાં લગભગ ત્રણસો વરસથી, શાહબુદ્દીન ઘોરીના સમયથી પરદેશી મુસ્લિમોનું આ દેશ પર આક્રમણ શરૂ થઈ ગયું હતું. તેઓ વારંવાર આંધળાં ઝનૂની આક્રમણો કરી, ગામનાં ગામ બાળી, લૂંટી, મંદિરો અને સ્થાપત્યોનો નાશ કરી મિલકતો લૂંટી કરી પોતાના વતન ભેગી કરતા હતા. હવે તો તેમનો ઈરાદો



મોડાસાની ભૌગોલિક પરિસ્થિતિ બતાવતો નકશો.


ભારત પર કાયમી રાજ્યઅમલ કરવાનો હતો. મોડાસા ગુજરાત અને રાજસ્થાન વચ્ચેનું મહત્ત્વનું કેન્દ્ર હતું. ખંભાતનો બ્રાહ્મણ પાછળથી મુસ્લિમ બન્યો તે મલેક કાફુર. તેણે પણ મોડાસા ઉપર હુમલો કર્યો અને ગુજરાતનો સૂબો બન્યો. અલાઉદ્દીન ખીલજી બાદ આ મલેક કાફુર દિલ્હીનો બાદશાહ બનેલો. ગુજરાતની તપોભૂમિ પર પ્રવેશવાનું આ દ્વાર હતું. અલ્લાઉદ્દીનના સેનાપતિ અલફખાને લશ્કર લઈ કૂચ આદરી. ઝાલોરના વીર રાજપુરુષ કહાનડદે અને તેનો વીર સપૂત વીરમદે ભવ્ય સંગ્રામ ખેલી ખપી ગયા. અને લશ્કર બનાસ થઈ મોડાસા આવી પહોંચ્યું. મોડાસાનું સંસ્કૃત નામ મોહડકવાસ અને પ્રચલિત નામ મોહડાસુ હતું. અમદાવાદમાં બાદશાહી થઈ ત્યારથી વસેલું ગુજરાત ને ઈડર જેવા ડુંગરપુરના ડુંગરિયાળ મુલક એની વચ્ચે મોડાસા આવવાથી તે અગત્યનું મથક થયું હતું. મોગલાઈમાં શાહબુદ્દીને (૧૫૭૭ થી ૮૩) મોડાસાનો કિલ્લો સમરાવ્યો હતો. ને ૧૮૧૮ માં જ્યારે તે બ્રિટિશ સરકારના તાબામાં આવ્યું ત્યાર પછી તે પણ ખૂણામાં ધકેલાઈ ગયું છે. મોગલોએ તેને સૈનિકોનું થાણું બનાવ્યું હતું. કસબો એટલે જ મિલિટરી થાણું. મોડાસા માહિષ્મતી નદી ઉપર આવેલું છે. માહિષ્મતી નદીનું મોગલોએ માજુમ નામ પાડ્યું છે. તે મહીકાંઠા અને ડુંગરપુરની વચ્ચે આવેલા ડુંગરમાંથી નીકળી મોડાસા, વડાગામ, આંબલિયારા થઈને વાત્રકને મળે છે. અહીંથી બે માઈલ દૂર કોલિખડ કંપે હું ઊતરતો હતો ત્યાં પાકાં ગૂંદાં પુષ્કળ લાગ્યાં હતાં અને છેક ઝવેરભાઈના વખતથી મીઠા લીમડાની કઢી પીધે જ જતો હતો. નદીના સામે કિનારે શિવાલયમાં ગરુડની મૂર્તિ ભૂલી શકયો નથી. અહીંયાં મહુડાંનું મોટું વન હતું અને મોગલોએ નાખેલું મિલિટરીનું થાણું અત્યારે પણ ઘણા ભાગોનું કેન્દ્ર રહ્યું છે. ખડાયતા વાણિયાઓનું આ મૂળ ધામ છે. હાલ ગાબટ અને મોડાસા એ બે ખડાયતા વાણિયાઓનાં મથક છે.

પ્રકરણ ૮

સાબરનદીમાં મળતી ધાવડી નદી

ધવનું નર્યું જંગલ

અગત્સ્યપુરી (આગલોડ) જ્યારે હું ગયો ત્યારે ત્યાં ઇલોલ અને નાની ધાવડી નદી વિષે મને એક પુસ્તક મળ્યું. ત્યારથી ઇલોલ અને ધાવડી જોવાની ઉત્કંઠા તીવ્ર બની હતી. અહીં પહેલાં ધવનું મોટું જંગલ હતું એમ સાંભળ્યું હતું અને અહીં આયુર્વેદનું એક કેન્દ્ર હતું. અહીંના વૈદ્યરાજ અહીંની આજુબાજુની વનૌષધિઓ એકત્ર કરી દરદીઓને રોગમુક્ત કરતા હતા.



ધાવડી નદી, ઈલોલ પાસે

[સાબરમતીને મળતી આ નદી ચોમાસામાં ખાસ જોવા જેવી રહે છે.]

ધવનાં ઝાડ મોટાં થાય છે. એકવાર આ પ્રદેશ ધવનાં વૃક્ષોથી ગીચ ભરેલો હતો. વનસ્પતિ ઉપરથી નદીનું નામ આપવામાં આવ્યું છે. તે ઉપરથી અહીંની પ્રજાનો વનૌષધિપ્રેમ માલૂમ પડે છે. આ ઊંચા ઝાડની ડાળી ફીકા ધોળા રંગની હોય છે. તેની ઉપર ઊભા ચીરા પડેલા હોય છે તે ઉપરથી પાતળી ફોતરી ઊતરતી દેખાય છે. અંતરછાલ ધોળી અને મજબૂત રેસાવાળી હોય છે. નાગબલાની પેઠે રસાયન તરીકે ધાવડાનો ઉપયોગ કરવાનું ચરકે જણાવ્યું છે. તે ગ્રાહી હોવાથી અર્શમાં રક્ત બહુ વહેતું હોય તો બીજાં ગ્રાહી ઔષધો સાથે તેનો ઉલ્લેખ છે. રોપણ તરીકે વ્રણમાં ઘણીખરી જગ્યાએ સુશ્રુતે ધાવડાને યોજ્યો છે. પાણી શુદ્ધ કરવા માટે ધાવડો ખાસ યોજ્યો છે. પાણીના શુદ્ધીકરણ માટે નિર્મળીનાં બીજ, ફટકડી, ધાવડી વગેરે વાપરવાને બદલે આજકાલ આપણે કલોરીન વાપરતા થયા છીએ, જેણે સમાજના આરોગ્યને મોટું નુકસાન પહોંચાડયું છે. અનેકને કબજિયાત પેદા થઈ છે. ધાવડીનું ધવલ નામ મને બહુ ગમ્યું છે. તેનું દઢતરુ અને પાંડુતરુ નામ પણ રોગીને આરોગ્યની પ્રેરણા આપનાર છે.


સાબરકાંઠામાં મેં ધવના ડુંગરે ડુંગરા જોયા છે. મારા પ્રવાસમાં "મામાના પીપળિયા" તરફ જતાં આ ધવનાં વૃક્ષોથી ખીચોખીચ લીલાછમ ડુંગરો મેં જોયા છે. શરૂઆતની તાજી ફૂટ વખતે આખાં ઝાડો નવી સાડી પહેરી હોય તેવાં દેખાતાં હતાં. તેમને હું આંખો ફાડીફાડીને જોયા કરતો. અહીં આ કાંઠા ઉપર સારા નામી વૈદ્યો રહેતા હતા અને ખેરસારની માફક ધવના લાકડામાંથી ધવનો સાર કાઢી તેને રાત્રે લોખંડના વાસણમાં મૂકી રાખતા અને સવારે તે ઉખેડી લઈને ગાયના દૂધ સાથે પાતા. આ રીતે તેઓ પ્રજાને પાઈને નવું જોબન અને સ્વાસ્થ્ય આપતા. આ રીતે આખા કાંઠાના લોકો યુવાન જેવા હોવાથી પ્રતિકારનો સામનો કરતા આવ્યા છે.

તેઓ કોઈ પણ અસત્ય સહન કરતા નહીં. પરંતુ હવે મઠના રોટલાને બદલે મકાઈ ઘાલી અને ચણાને બદલે હાઈબ્રીડ (વર્ણસંકર) બાજરો પેસાડયો છે અને જુવાર ઘાલી છે. ત્યારથી આ લોકોની પ્રતિકાર-શક્તિ બંધ થઈ ગઈ છે. ધીંગાણાં બંધ થઈ ગયાં છે. અને પરદેશી મિશનરીઓના પણ ભોગ બન્યા છે. રામ જે પ્રતિકારનું પૂર્ણ માનવ સ્વરૂપ અને ઘોડો જે શક્તિનું સ્વરૂપ અને તીરકામઠું જેમાં આખો ધનુર્વેદ ભરેલો હતો તે ત્રણેય અદૃશ્ય થઈ ગયાં છે. જ્યારે અહીં તો ઘોડાને પણ મઠ અને ચણા ખવડાવવામાં આવતા હતા. અહીંની પ્રજાએ ઘોડાને દેવ તરીકે અપનાવ્યો છે. પરદેશી મિશનરીઓએ ચા, મકાઈ અને બટાકા અને હાઈબ્રીડ બાજરો ખવડાવીને પ્રજાને ખલાસ કરી નાખી છે. જો પહેલાંના પ્રમાણે મઠ પાછા નહીં લાવે તો તેઓનું સ્વાસ્થ્ય ખોવાઈ જશે. અને અહીંના આ લોકો પોતાના આધારથી જીવી શકશે નહીં. અહીંના વૈદ્યો ધાવડો તથા ખેરસારનો લેપ કુષ્ઠમાં કરતા હતા. અને ધવની છાલ પાણીમાં વાટીને રતવા ઉપર વાપરતા હતા.

ધાવડી નદીમાં અત્યારે પાણી ન હતું. અહીંથી છ માઈલ દૂર કનાઇ ગામ પાસેથી આ નદી નીકળી ઇ લોલ થઈ ખેડાવાડા થઇ દેઝરોટા પાસે સાબર નદીને મળી જાય છે.

"નાના નાના પણ રાઈના દાણા" જેવી આ નાનકડી નદી ચોમાસામાં વિરાટ સ્વરૂપ ધારણ કરે છે. અહીં તેના કિનારા ઉપર મીઠા જળનો કૂવો હતો. પનિહારીઓ વૈશાખી ગરમીમાં તરસ

છિપાવવા પાણી ભરી રહી હતી. પાણી બહુ ઊંડેથી ખેંચવું પડે તેમ ન હતું.




ધાવડી નદી પર કૂવાકાંઠે પનિહારીઓ

કલોલથી બોલુન્દ્રા

ફરીથી હરડે વૃક્ષનાં લીલાંછમ પાંદડાં જોવા માટે અમે મેશ્વો નદ ઉપર હરડેના વૃક્ષ પાસે આવ્યા અને તેનાં પાનના ફોટા લીધા.

હરડેના ઝાડનાં દર્શન કરતાં ધરાવાતું જ નથી. જ્યાં સુધી આ ત્રિફળાનાં ઝાડો સાબરકાંઠામાં રહ્યાં ત્યાં સુધી આયુર્વેદની છાંયા દેખાતી હતી અને તેમાંથી શીતળતા પણ મળતી હતી, પણ જ્યારથી જાગીરદારોને માલકિયત અને કબજો મળ્યો ત્યારથી જંગલો, ઉપવનોનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. રશિયામાં ૬૦ ટકા, અમેરિકામાં ૪૮ ટકા, ભારતમાં ૨૨ ટકા અને ગુજરાતમાં માત્ર ૬ ટકા જંગલો




હરડેની ડાળી, મેશ્વો નદ ઉપર

રહ્યાં અને આ જાગીરદારોએ કપાળમાં વાળ ઊગેલો રહ્યો હોય કે ડુંગરા ઉપર ઝાડ દેખાતું હોય તેમ કર્યું. ભારતીય સંસ્કૃતિનો દાવાનળ મારા નસીબમાં જોવા મળ્યો. કોહિનૂર ખોઈને ધૂળનો ઢગલો લીધો છે. અહીં અમે સોનચંપો અને બહેડા જોયા.



સોનચંપો



[બહેડાં એ ત્રિફળામાંનું અણમોલ ઔષધ છે અને ખાંસીવાળા તેની છાલ મોંમાં રાખીને ચૂસ્યા કરે છે.]

અહીં અમે મધુવેલ પણ જોઈ.



મધુવેલ

[મૂળ ભારતની પણ હવે જાપાનથી પાછી આવેલી મધુવેલ]


હવે અહીંથી અમે ફરીથી ટિંટીસર ગયા. ત્યાંના ચમત્કારિક મહાદેવનું આકર્ષણ અમને ત્યાં થઈ ગયું. ભારતમાં જે કંઈ ક્રાંતિ થાય છે તે એક જ પુરુષ જ કરે છે તે પ્રમાણે શ્રી વિશ્વેશ્વરાનંદજીએ આ જગ્યાની ક્રાંતિ કરી છે. આવા ગુરુઓ તપીતપીને આવાં સ્થાનો ઉપર અનેકને ખેંચી લાવે છે.

નદી અને વનસ્પતિના આ બાજુના મારા પર્યટનમાં મેં જોયું કે અહીંના લોકોની બંને પાંખો મજબૂત હતી. એક આધ્યાત્મિક પાંખ અને બીજી ભૌતિક પાંખ. શાંતિકુટીરની જગ્યા, મંદિરની



૬૦૦ વર્ષ જૂના ચમત્કારિક મહાદેવ, ટિંટોસર

બાંધણી, તેનો સુંદર ઘુમ્મટ, મંદિરનો જૂનો દરવાજો અને મંદિરની અંદરની રચના, સંકટવિમોચન હનુમાનની પ્રતિમા મેં જોઈ ત્યારે મેં અનુભવ્યું કે આ બંને પાંખોનો પૂર્ણયોગ આ કાંઠામાં હતો.



સંકટમોચન ચમત્કારિક હનુમાન, ટિંટીસર

અહીં આદ્ય શંકરાચાર્યનો ભવ્ય ફોટો જોયો. દક્ષિણ ભારતમાં કોચીન પાસે ઈંગેમાલી સ્ટેશનથી પૂર્ણા નદીના કાંઠે કાલડી ગામમાં શંકરાચાર્યના પિતાનું ઘર મેં જોયું છે. તેમની માતાનું નામ આર્યઅંબિકા હતું. કાપાલિકોએ દેવીને ધરાવવા જ્યારે તેમનું માથું માગ્યું ત્યારે એક જ મિનિટમાં તેમણે પોતાનું માથું ધરી દીધું. તે વખતે તેમને ચારેય મઠની સંપત્તિની માલકિયત જણાઈ



ચમત્કારિક મહાદેવ, શાંતિ કુટીર, ટિંટીસર

નથી. આવો પરકાયાપ્રવેશ કરનાર યોગેશ્વર ભારતમાં ન જન્મ્યો હોત તો સાબરકાંઠામાં શિવમંદિરમાં રાતોરાત ગોઠવાયેલી ઇતર ધર્મોની પ્રતિમાઓ કાયમ રહી હોત. હું અહીં આવતાં પાલ્લા ગયો હતો. ત્યારે મેં જોયું કે પાલ્લામાં ઔરંગઝેબ આવ્યો હતો અને અહીંના ઠાકોરે તેને જમાડ્યો હતો. ત્યારે ઔરંગઝેબે તેમને ત્રાંબાના પતરા ઉપર લેખ લખી આપી નિર્ભયતા આપી હતી.

આ બાજુ અંકોલનાં વૃક્ષો ઘણાં થાય છે. અહીં અંકોલનું વૃક્ષ ફળથી લચી પડેલું જોયું.



ફળ સાથે અંકોલ, ટિંટોસર

મીંઢળના ઝાડ ઉપર જેવા કાંટા હોય છે તેવા કાંટા અંકોલને હોય છે. ઝાડા-ઊલટી અને જ્વર મટાડનાર તરીકે અંકોલ વપરાય છે. ગોધરાથી નીકળતી મેસરી નદીને કાંઠે મારું ગામ સણસોલી આવેલું છે. તે નદીને કાંઠે રોજ હું નહાવા જતો ત્યારે સવારસાંજ અંકોલનાં પાકાં ફળ હું ખૂબ ખાતો. તેનો સ્વાદ જ અનેરો હોય છે. તે કફ અને વાયુના રોગો મટાડે છે. અંકોલની તાસીર ઠંડી છે. તેના મૂળની છાલ પણ ઝાડો સાફ લાવે છે. તેનાં પાન સંધિવાના દુઃખાવામાં લુગદી કરીને ચોપડાય છે. છોટાનાગપુર તરફ આને બહુ વાપરે છે. અંકોલનો વિષઘ્ન ગુણ ખૂબ જાણીતો છે. ઉંદરના વિષ ઉપરનું આ અણમોલ ઔષધ છે. પરસેવો લાવનાર,

સારક અને વિષહર આ ઔષધ અહીં ઠેરઠેર દેખાય છે. આમાં દાહજનક અને વામક એ બંને દોષ છે. અંકોલના મૂળની છાલ આકડા પ્રમાણે બધી જાતના ચર્મરોગમાં વપરાય છે. યકૃતદાલ્યોદર, જલોદર ઉપર મૂળની છાલ આપવાથી યકૃતની ક્રિયા સુધરે છે. દસ્ત સાફ આવે છે.

આ રીતે આ સ્થળે મને આ કાંઠાની આધ્યાત્મિક પાંખનો વિકાસ જણાયો છે. પશ્ચિમના લોકોની માફક અહીં એકલો ભૌતિક વિકાસ સધાયો નથી.

પ્રકરણ ૯

આયુર્વેદનો સૂત્રધાર ભગવાન આત્રેય

એક મહાસતી પોતાના રૂંવાડે રૂંવાડે પોતાના પતિમાં ઓતપ્રોત થઈ ગઈ. ચચૂકો ઘસાઈ જાય અને આંબલીનું વૃક્ષ થાય તેમ આ મહાસતી આયુર્વેદના વૃક્ષના વિકાસમાં ફના થઈ ગઈ. પોતાના પતિએ દીક્ષા લીધી હતી આયુર્વેદની. એ મહાન ભેખધારીએ પોતાના સ્થાનની પસંદગી ગુરુશિખર પર કરી હતી. ૫૬૦૦ ફૂટની ઊંચાઈ ઉપર અરવલ્લીનું



ગુરુશિખર

ઊંચામાં ઊંચું આ શિખર હતું. બારે માસ ખુશનુમા, મગજને તર કરતી હવા આયુર્વેદના વૃક્ષને લીલું રાખતી હતી. પુનર્વસુ આત્રેય એટલે મહાન ગુરુ. એકલા આયુર્વેદનો નહીં, સહુના આધ્યાત્મિક ગુરુ. આયુર્વેદનું મિશન એ તેની સર્વોત્તમ માતૃ-પિતૃ-ભક્તિ હતી અને તેના મિશનનું પરિણામ ચિત્તશુદ્ધિમાં આવ્યું હતું. આજે પણ એ ગુરુશિખર કહેતાં ગજ ગજ છાતી ફૂલે છે. શ્રી અનસૂયાબહેન સારાભાઈ સાથે હિલ વ્યુ અને દિલપસંદ તથા બીજા બંગલામાં રહેતો ત્યારે સવારે ચાર વાગ્યે ઊઠી આ ગુરુશિખર જતો. ત્યારે શ્રી અનસૂયાબહેને મને કહ્યું કે તમે થાકતા પણ નથી. ત્યારે મેં કહ્યું કે આ ગુરુશિખર મને રોજ નવી પ્રેરણા અને નવું બળ પૂરું પાડે છે. તેની શાંતિ હજુ મારા હૃદયમાંથી જતી નથી. આવા ગુરુ આત્રેયે હજારો વર્ષ સુધી આ સ્થાન ઉપર વાસ કર્યો.

લોકોએ તેમને ભગવાન તરીકે પિછાન્યા અને પતંજલિના અવતાર ચરક મુનિએ ભગવાન આત્રેય કહીને સન્માન્યા. તેઓ આયુર્વેદમાં જન્મ્યા, જીવ્યા અને અમર થઈ ગયા. તેમણે હજારેક વનૌષધિઓનું પદ્ધતિસરનું વાવેતર ૧૫૦૦-૧૭૦૦ માઈલના અરવલ્લી વિસ્તારમાં કરાવ્યું, જે હજારો વર્ષ સુધી વ્યવસ્થિત રહ્યું. જેની ઝાંખી મેં ૧૯૪૭ માં કરી હતી. તેમની ચિકિત્સાપદ્ધતિમાં આઠ જાતનાં મૂત્રો, આઠ જાતનાં દૂધ, દોષ અને દૂષ્ય અનુસાર વનસ્પતિઓ, પાંચ જાતનાં લવણ, ૨૧ મૂલીની, ૧૯ ફલીની, સામ-નિરામ પદ્ધતિ, સ્રોતોશુદ્ધિ અને કોષ્ઠશુદ્ધિ માટેનાં અલૌકિક ઔષધો, પંચકર્મ એટલે વમન, વિરેચન, નસ્ય, બસ્તી અને જલૌકા તથા પંચકર્મના પૂર્વરૂપ તરીકે સ્નેહન, સ્વેદન તથા રક્તમોક્ષણને તેમણે ખૂબ પ્રાધાન્ય આપ્યું છે. આયુર્વેદના આ મહર્ષિ પ્રાણાન્તે પણ નહિ ભુલાય. મેં જ્યારે એક શિક્ષકનું ૫૬ તોલા લોહી કાઢ્યું ત્યારે આ મહર્ષિ આત્રેયનું રૂંવાડે રૂંવાડે સ્મરણ કરતો હતો. આથી તેનું પત્ત મટી ગયું હતું. આયુર્વેદના આ મહર્ષિને કરોડો નમન.

પ્રકરણ ૧૦

અરવલ્લીના અમૃતકુંભમાંથી પ્રકટેલું આયુર્વેદનું ઐતિહાસિક અમર ઝરણું 'રાણીઝરો'

અરવલ્લીની ૧૨૦૦ માઈલની મુસાફરીમાં ગોરઠિયાના કુંડો, ટુવાના કુંડો જોયા બાદ કોટડા પાસે અરવલ્લીની જે હારમાળા શરૂ થાય છે. તે લગભગ હિમાલય જેવી છે અને આ હારમાળા છેક માંકડી ડેમ સુધી પહોંચે છે. આ આખીયે હારમાળા લીલીછમ છે. સંજીવનીથી અમારા મુરબ્બી કૉન્ટ્રાકટર આયુર્વેદના પરમ ઉપાસક અને ગૃહનિર્માણવિદ્યાના પારંગત શ્રી શંકરભાઈ પ્રજાપતિએ જીપની વ્યવસ્થા કરી હતી તે બદલ તેમનો ઋણી છું. તેમને લઈને અમે ખેડચાંદરણીના રસ્તે જ્યાં ગોરાડુ જમીન છે અને બનાસકાંઠા જેવી ધૂળિયા જમીન છે ત્યાં નવાગામ પાસે થઈ જમણા હાથે વળ્યા. સામો બેરણાનો ડુંગર હતો.

આ બેરણાનો ડુંગર અનેક વનસ્પતિઓથી ભરપૂર અને ખાસ્સો પહોળો છે. તેની તળેટીથી વાંટડા ડુંગરનાં દર્શન કરતાં કરતાં આડા જંગલની સમાંતર અમારો રસ્તો જતો હતો. રસ્તાની પશ્ચિમે ચોટીલા અને લીખીના ડુંગર આવેલા હતા. આ ડુંગરોની હારમાળા પસાર કરતાં વચ્ચે હાથમતીનાં મોટાં વાંધાં અને

કાતરો આવતાં હતાં. રસ્તામાં વણજારા જેવી પ્રજા જોઈ. ગાડરના દહીંનું વલોણું અને બાજરાના સુંદર રોટલાની તૈયારીઓ થતી હતી. હાથ એ ઓશીકું, જમીન એ પથારી, પથરો એ નાવણિયું (બાથરૂમ), વગડો એ જાજરૂ, વાહનમાં ઊંટ અને તેના ઉપર સમાય તેટલી ધરવખરી એ આ લોકોનો સંસાર ભરપૂર સગવડવાળું જીવન જીવી રહેલા આપણને અદેખાઈ ઉપજાવે તેવો હતો. જેઓનો સહારો માત્ર કુદરત !



વલોણું કરતી વણજારણ

અહીં અમે એક નવી વનસ્પતિ જોઈ. આ વનસ્પતિ અમે મુંબઈ તરફ ગ્રુમસરના તળાવ પાસે જોઈ હતી. તેને ખીપડો કહે છે.




ખીપડો

અહીંના લોકો પગે આંટણ થાય તો ખીપડાની ડુંખ તોડી નીકળેલ દૂધ જેવા રસ લગાડી આંટણ મટાડતા હતા—જેમ તારંગા પાસે મકરોડાથી વિપાદિકા મટાડતા હતા તેમ. અહીં વણઝારા કોમ આ ખીપડાનાં દોરડાં વણતી હતી તે મેં જોઈ. તેની મજબૂતાઇ ઘણી જ સારી હતી.



ખીપડાનું દોરડું

અમને પોતાના ઝૂંપડામાં લઈ જઈ બકરાનું દૂધ પિવરાવીને કરેલો અતિથિસત્કાર દેવોને પણ શરમાવે તેવો હતો. વિશાળ અરવલ્લી પોતાના ખોળામાં વસતા માણસોનાં દિલદિમાગ પણ વિશાળ કરતી હોય છે.



ઝૂંપડું

આ લોકો પોતાની ઉંમર યાદ રાખતા નથી તે વાત બરાબર છે. આયુર્વેદ ઉંમરને માનતો નથી. તાજો તાજો રોટલો ને છાસ ખાનાર વૃદ્ધને આંખે મોતિયો ન હતો, પગે વા ન હતો અને ખાટલે પડેલો ન હતો.



વૃદ્ધ


આ લોકો આકાશ સામું જોઈને એક રાત અને દિવસમાં ૩૩૦૦ કેલેરી ગરમી કુદરતમાંથી મેળવી લે છે. સ્વામી વિવેકાનંદ કહે છે તેમ તેમણે તેમનો પહેરવેશ છોડયો નથી. વળી સાદા પહેરવેશથી પોતાના અંગની રક્ષા સારી રીતે થઈ શકે છે. મસ્તકના બરાબર રક્ષણ માટે તે લોકો માથે ફાળિયું બાંધે છે. ઇન્દ્રિયોના રક્ષણ માટે ફાળિયું બાંધવામાં આવતું અને હાલ તો તેની દરકાર રાખવામાં આવતી નથી. તેથી હાલમાં લોકોની બુદ્ધિ તથા મસ્તક નાનાં છે અને સૂર્યની ગરમીથી રક્ષણ થઇ શકતું નથી. મારા ગુરુ પણ આ લોકોની માફક માથે તો ફેંટો જ બાંધતા હતા. આ લોકોએ સમાજને લૂંટયો નથી. જેટલી કમાણી મેળવે છે તેટલી ખરચી નાખતા હોવાથી મેદ અને ડાયાબિટિસ તેમને મેં જોયા નથી. આવા અવિપાગોપા (ઘેટાંબકરાં ચરાવનાર) વનવાસીઓ સાબરકાંઠાની કૂખે જડાયેલા છે અને મારા પ્રવાસમાં જ્યાં ને ત્યાં મળી જાય છે.

આ ડુંગરાઓમાં એટલી બધી વનૌષધિઓ પડી છે કે અહીંના ભીલોના પ્રસંગમાં આવવાથી એ વનૌષધિઓ જોવા મળે છે. અહીંના ભરવાડે જે માળા પહેરી હતી તે કેરચંદનની હતી. તે માળાના મણકા કોઈ જુદા જ પ્રકારના અને પ્રભાવશાળી લાગ્યા. એ મણકા કેરચંદનનાં સૂકાં ફળમાંથી બનાવેલા હતા. દર સોમવારે આ વૃક્ષને ફૂલ આવે તેમાંથી પાંચ-દસ ફૂલ ફળ સાથે નીચે પડેલાં હોય તે ભેગાં કરી રાખી તેની માળા બનાવવામાં આવે છે.



કેરચંદનની માળા

[આ માળા પહેરેલા તેમનામાં રહેલી ઈશ્વર પરની આસ્થા નજરે પડે છે.]



મણકા

માળાઓ ગળામાં પહેરીને આ લોકો રોગને પેસવા દેતા નથી અને ગુરુના આશિષને પ્રતાપે પોતે નીરોગી રહે છે એવી આસ્થાથી જીવે છે. **आप्त उपसेवी भवति अरोगः** અહીંના આદિવાસીઓ સોનાની બુટ્ટી પહેરીને નીકળે છે. કારણ કે સોનાનું નામ હેમ છે. તે શરીરની ગરમી ચૂસી લે છે.

અહીંની છોકરીઓનાં નાક વીંધેલાં હતાં. તે જંગલી ક્રિયા નથી પણ આ પહાડો ચડતાં તેમને આને લીધે હર્નિયા (સારણગાંઠ)–અંત્રવૃદ્ધિ થતી નથી.


અહીંના પહાડો કોટડા ખેડચાંદરણીથી છેક મઉ સુધી લંબાયેલા છે. બાજુમાં બામણા પુનાસણ સુધી પહોંચેલા છે.

આ રીતે કોટડા તરફ અમે જતા હતા ત્યારે તેમાંના ડુંગરનો ફોટો લેવાનું મેં નટુભાઈને કહ્યું. પર્વતોની હારમાળાઓ મને ફૂલવાડીની યાદ આપતી હતી.



પર્વતોની હારમાળા

તેની ગોદમાં ઊંટ ઉપર સવાર થયેલી બહેનો કેટલી સ્વતંત્ર રીતે જીવે છે તે જોઈ મારું મન ખૂબ હરખાયું. આ ઊંટ તો રણનું તથા ગરીબનું વાહન છે.



ઊંટ ઉપર

આ બાજુ ગાડરનો સમૂહ વધારે જોવા મળ્યો. એક જ ચારો ચરતાં ગાડર અને બકરી. આ બે પ્રાણીઓમાં બકરીનું દૂધ ક્ષય મટાડે છે, જ્યારે ઘેટીનું દૂધ હૃદયરોગ પેદા કરે છે. આ વિભાગમાં ઘેટાં વધારે જોયાં. ઘેટાં ચારનાર મને કહે છે કે ઘેટીનું ઘી ૨૫ રૂપિયે કિલો, બકરીનું ૨૦ રૂપિયે કિલો, ગાયનું ૧૮ રૂપિયે કિલો અને ભેંસનું ૧૬ રૂપિયે કિલો. આ દશા મોગલો અને અંગ્રેજોએ કરી છે. જે લોકોને 'ગોપા' શબ્દથી કહેવામાં આવતા હતા તે તો જોવા જ મળતા નથી. અને અવિપાઓ ઠેર ઠેર જોવા મળ્યા. અવિ એટલે ઘેટી અને પા એટલે પાળનાર. તેમના ખભે લાકડી અને હાથમાં દૂધ

દોહવાની દેગડી લટકેલી રહેતી. તેમને મળીને અમે કોટડા ગયા. આ કોટડા એ કોટડા છાવણીથી જુદું છે. કોટડા છાવણી વાકળને કિનારે છે. અહીં અંગ્રેજોએ મિલિટરીનું મથક નાંખ્યું હતું, જેના સોલ્જરો મારફત અહીંની ભીલ પ્રજામાં સિફિલિસનો રોગ લાગ્યો છે.

ભીલ પ્રજા એ ટેકીલી કોમ છે. રાણાપ્રતાપની ટેક ટકી રહી તેમાં આ ભીલ પ્રજાનો પૂરો સાથ હતો. આ પ્રજા માથું કપાવા દેશે પણ ટેક છોડશે નહીં. સાબરનો કાંઠો તેમાં ખાસ કરીને વિજયનગર, ખેડબ્રહ્મા, પોશીના, માલપુર, મેઘરજ અને ભીલોડા વિસ્તારમાં આ ભીલ પ્રજા મોટા પ્રમાણમાં વસેલી છે. લશ્કરની ભરતીમાં પણ આ ભીલ કોમ પોતાના જ જન્મજાત ખમીરને લીધે સહુથી આગળ છે. આ પ્રજાએ આપણા લશ્કરનું ગૌરવ ખરેખર વધાર્યું છે. એ જ રીતે પંચમહાલ અને ડાંગ વિસ્તાર પણ ભીલ પ્રજાના વસવાટથી ભરેલો છે. ડાંગ, સાબરકાંઠા એ બે ભીલ રાજ્યો હતાં. અહીં શામળિયો સાંઢ છેલ્લો ભીલ રાજા થઈ ગયો. તેણે અનેક મહારથીઓને મહાત કર્યા, અનેકને જીવનદાન આપ્યું. તેમાં વલભીપુરના રાજા શાલીદિત્ય ઉપર જ્યારે મોગલસૂબા મીરકાસમે સિંધમાંથી હુમલો કરી શાલીદિત્યને મારી નાંખ્યો ત્યારે તેની સગર્ભા પત્ની છૂપા રસ્તે અહીંના સાબરના પ્રદેશમાં ભીલ રાજ્યમાં આશ્રય પામી હતી. તેને રહેવા છુપાવા માટે એક સુરક્ષિત ગુફાનું સ્થળ આપવામાં આવ્યું હતું. ત્યાં રાણીને કુંવરનો પ્રસવ થયો. તે ગુહા એટલે ગુફામાં જન્મ્યો એટલે તેનું નામ ગુહાદિત્ય પાડ્યું. આ ગુહાદિત્યની માતા પ્રથમ અંબાજી દર્શન માટે આવેલી. આ ગુહાદિત્યે પછી ક્ષેત્ર ચંદનાવટી નગરી પાછી જીતી લીધી. એ નગરી અત્યારે ખંડેર જેવી હતી, પણ અહીંથી છેક ભવનાથ સુધી ચંદનનાં વૃક્ષો હજારો વર્ષ જૂનાં હતાં, તે હવે લગભગ બધાં જ કપાઈ ગયાં છે.

હું આ કોટડા આવ્યો ત્યારે જાણ્યું કે આ ઇડર તાલુકાનું મોટા કોટડા (સાબલી કોટડી) છે. તેમાં પાનાચંદભાઈ વૈદ્ય થઈ ગયા. જેઓ પહેલા બામણા તરફ વાંકાનેર ગામમાં રહેતા હતા, ત્યારે તેમને હનિયા થયેલો. મારી પાસે દવા લેવા આવ્યા, ત્યારે મને આ "રાણીઝરો" જગ્યા જોવા ખૂબ આગ્રહ કર્યો હતો. પરંતુ નરસિંહ મહેતાની દૈવની વાતને માનવું પડે છે કે તેમના આગ્રહ બાદ પંદર વર્ષે અમારા એન્જિનિયર ભાઇશ્રી શંકરભાઈ મને ખેંચી લાવ્યા.

કોટડાની આજુબાજુ પાંચ-સાત પુરાણી વાવો છે. અલાઉદ્દીન ખીલજીએ ઈ. સ. ૯૦૦ની આસપાસમાં જ્યારે હુમલો કર્યો ત્યારના અગિયારસો વર્ષ પહેલાંના મોગલોના પાળિયા ગામના પાદરે મોજૂદ છે. તે જોઈ અમે પાનાચંદભાઇના દીકરા નાનચંદભાઇને કહી ગામમાંથી બે ત્રણ ભોમિયા ભાઇઓને લીધા. તેમણે કહ્યું કે રાણીઝરો જગ્યા એવી છે કે રાતનો ખોવાયેલો જડે પણ દિવસનો ખોવાયેલો જડશે નહિ. અમે આ વાત ખરેખર અનુભવી. રાતરૂપી ચોરાસી લક્ષ યોનિમાંથી ઇવોલ્યુશનની થિયરીમાંથી માનવજન્મ તો આવે છે પણ દિવસરૂપી માનવજન્મમાંથી જો ખોવાયા તો ચોરાસી લક્ષ યોનિ સિવાય આરો રહેતો નથી. તેવી વાત આ ડુંગરાઓમાં ફરનારની થાય છે.

તળેટીનાં વાંઘાંમાંથી અમે ડુંગર ઉપર ચડવા માંડયું. સવારના આઠ વાગ્યા હતા. છેલ્લા પંદર વીસ દિવસથી વરસાદ ખેંચાયા કરતો હતો અને દિવસે પડતો તાપ ભાદરવાની યાદ આપતો હતો. છતાં સવારનો સમય હતો અને અમારી સાથેના ભોમિયાએ અમને "રાણીઝરો"ની જગ્યા અમારા પગપાળા ચઢાણથી માંડ એકાદ માઇલ છેટી છે એમ જણાવ્યું એટલે કલાકમાં પાછા અવાશે એવો અંદાજ મૂકી અમે હરખભેર અમારો પ્રવાસ આરંભ્યો.

હરિયાળી ખીલી ઊઠેલી હતી. ઠંડો મધુર ખુશનુમા પવન ખાવાની લાલચે અમે કાચા રસ્તે ચાલવાનું શરૂ કર્યું. અમારી સાથે આવેલ ભોમિયા પણ ખુશમિજાજમાં હતા. વનૌષધિનું આકર્ષણ મારા અણુએ અણુમાં એવું તો જડાઇ ગયું છે કે જ્યાં પણ વનૌષધિનું નામ પડે ત્યાં તન અને મન દોડી જાય છે.

આખો વિસ્તાર કડાથી ભરપૂર હતો. અમારા રસ્તાની બંને બાજુ સફેદ ફૂલ અને લીલાં પાનથી ખીલેલાં કડાનાં વૃક્ષો રસ્તાની શોભા વધારતાં હતાં. શ્રી શંકરભાઈને મેં આ કડાના ફૂલના ગુણ બતાવ્યા અને તાજાં ફૂલ ખાવાનું કહ્યું. કડાનાં ફૂલની કઢી મેં મારા પ્રવાસમાં ઘણી વખત ખાધી છે. તે ખાધા બાદ મારો પ્રવાસનો થાક અને સુસ્તી ઊડી ગયાં હતાં, તેમ આજે આ ફૂલના પ્રતાપે શંકરભાઇનો થાક અને અગાઉનું અજીર્ણ બંને જતાં રહ્યાં હતાં. તેમણે તો આવતાં જતાં બંને વખત આ ફૂલ ખાવાનું ચાલુ જ રાખ્યું હતું. આ ઇંદ્રજવનાં ફૂલોએ થાક ઉતારનાર કરમદાંની ગરજ સારી હતી.

એકાદ માઇલ ચાલ્યાનો અંદાજ કાઢી અમે ભોમિયાને પૂછ્યું કે હવે કેટલે દૂર છે. તેણે કહ્યું કે આ અહીંયાં જ છે. અમે અમારી જોવાની જગ્યાની નજીક પહોંચી ગયાનો સંતોષ માની ચાલવાની ઝડપ વધારી. લીલાછમ કડાની ઝાડી સાથે અનેક વેલો અને વેલીઓ વીંટાયેલી હતી.

કંટારાનાં નાનાં મોટાં વૃક્ષો અહીં કડાનાં વૃક્ષો સાથે ઊગી નીકળેલાં હતાં. તેની ડાળીએ બાવળના જેવા તીક્ષ્ણ કાંટા ગોળ ફરતા હોય છે. પાન લીંબુના પાનના આકારનાં પણ તેનાથી સહેજ પાતળાં અને મોટાં હોય છે.




કંટારાની ડાળી

પેટના શૂળ અને બરોળના સોજા માટે આની છાલનો ઉકાળો અહીંના લોકો સાત દિવસ પીએ છે.

નગોડ અહીં પણ જોવા મળી. પરંતુ હાથમતી અને કાળવન પાસે જે જાત હતી તેના કરતાં આ જાત ઘણી ચઢિયાતી અને


પ્રભાવશાળી લાગી. અહીં આગળ એક ડુંગરનું ચઢાણ પૂરું કરી અમે ઉપરના સપાટ ભાગ ઉપર આવ્યા. અહીં જંગલી સુવા જોયા. આપણા દેશી સુવા જેવી જ સુવાસ અને સ્વાદ એમાં હતાં. વરસાદના અભાવે સુવાનો વિકાસ પૂરો થયેલો ન હતો. વળતાં થેલી ભરાય તેટલી સુવાની ભાજી વીણી લઈશું એમ નક્કી કરી અમે આગળ ચાલ્યા. આ સુવા આંખોને તેજ આપનાર છે અને અપાન વાયુની નિવૃત્તિ કરે છે. જેમ જીવનીય ગણમાં જંગલી મગ વાપર્યા છે તેમ આ જંગલી સુવા સાધારણ સુવા કરતાં સોગણા ચઢિયાતા છે. તેમાં મગની દાળ મેળવી શાક બનાવી ખવાય છે. અમારા શંકરભાઈએ કડાના ફૂલ ઉપર જેમ ભક્તિ વધારી તેમ અમારી સાથેના કંપાવાળા શ્રી શિવુભાઈ પટેલે આ સુવા ઉપર પ્રેમ વધાર્યો. તેમણે સુવાની તાજી જ ભાજી તોડીતોડીને ખાવા માંડી. અને ગજબની સ્ફૂર્તિ અને ચેતના અનુભવી. પવનની ગતિ સવળી થઈ ગઈ. આગળ જતાં ઠેર ઠેર જંગલી ડુંગળીના છોડ દેખાતા હતા. તેને પાણકંદો કહે છે.

અહીં અમે સાદડનાં ફળ પહેલી વાર જ જોયાં. સાદડના એક ઝાડ ઉપર ફૂલની મંજરી અને બીજા વૃક્ષ ઉપર અંકોલ અને જાંબુ જેવાં સાદડનાં ફળ જોઈ હું તાજુબ થયો. એકલી વસંત ઋતુમાં જ ફૂલ આવે, ફોરમ પ્રસરે એવું નથી. આજના અષાડી દુકાળિયા તાપમાં પણ અમે પ્રસન્ન વદન જેવા સાદડનાં ફૂલ અને મંજરી બાજરીના દાણા જેવાં જોયાં. આ સાદડ હૃદયરોગનું અજોડ ઔષધ છે. ભાંગેલા હાડને સાંધનાર અને ડાયાબિટિસ મટાડનાર છે. તેની છાલનો લોહી જેવો લાલ ચટક રંગ દોરીની જાળી રંગવા વપરાય છે. તે ઉપરાંત સાદડની છાલનો ઉકાળો વ્રણ ધોવા અને રક્તસ્તંભન માટે ખાસ વાપરવા જેવો છે.



સાદડનાં ફળ


[અરવલ્લીનાં વિશાળ વૃક્ષોમાં સાદડનાં વૃક્ષો અગ્રસ્થાને છે અને વિપુલ પ્રમાણમાં થાય છે. સાદડની છાલ હાડકાં ભાંગવા-તૂટવા ઉપર બહુ સુંદર કામ આપે છે. છાલનો પાઉડર કરી ભાંગેલા હાડ ઉપર તેનો લેપ કરવામાં આવે છે. સાદડના વૃક્ષની છાલને અર્ધી કાપીને ઝાડ ઉપર એમ જ રાખી મૂકવાથી તે છાલ પાછી યથાસ્થાને ચોંટી જાય છે. વહેતા લોહીને અટકાવવાનો મોટો ગુણ સાદડમાં રહેલો છે. ફળ કરતાં તેની છાલનો ઉપયોગ વિશેષ થાય છે. બલવૃદ્ધિ, શુક્રમેહ અને ક્ષયની ઉધરસમાં સાદડ અને સાલમ બંને સમાન ઉપયોગી છે.]



સાદડની મંજરી—પાન સાથે

[સાદડનાં પાન લાંબાં અને ફૂલ શાખાઓના છેડે આંબાના મોરની પેઠે આવેલાં હોય છે. મંજરીનો રંગ સહેજ પીળાશ પડતો હોય છે. સાદડની માંજર, બોરડીનાં પાન અને આમળાં એકત્ર કરી, વાટી તેનો રસ હાથેપગે ઘસવાથી દાહ શાંત થાય છે. સાદડ અને અર્જુન બંને જુદાં જ વૃક્ષો છે. સાદડમાં કાળો અને રાખોડિયો એમ બે જાત છે. કાળો સાદડ ઉત્તમ છે. ચિત્રવિચિત્ર પાસે કાળો સાદડ મેં જોયો છે. અર્જુનના નામે વૈદ્યો સાદડ વાપરે છે, પરંતુ અર્જુન જુદી જ વનસ્પતિ છે. અર્જુનની છાલ પાતળી કાગળ જેવી અને સફેદ રંગની હોય છે.]

સાદડનો એકલા ઇમારતી કામમાં જ ઉપયોગ થાય છે તેના બદલે તેના અમૃત જેવા ઔષધીય ગુણો સમજી તેનો લાભ લેવા જેવો છે. સાદડનાં હજારો વૃક્ષો મેં આ અરવલ્લીની ગોદમાં જોયાં છે, પરંતુ ઇમારતી ઉપયોગ કરી પૈસા પેદા કરવા સિવાય તેનો ઔષધીય પ્રચાર લોકોમાં ખૂબ ઓછો છે. આજનો દિવસ અમારા માટે અત્યાર સુધી ખૂબ આનંદમાં પસાર થયો હતો. હવે અમારો રસ્તો વિકટ આવતો જતો હતો. અમારા નક્કી કરેલા મુકામ ઉપર પહોંચવામાં ઉતાવળ વધતી જતી હતી. ઐતિહાસિક સ્થળ "રાણીઝરો" જોવાની ઝંખના વધતી જતી હતી. અમારા ભોમિયાને અમે પૂછ્યું કે કેટલે દૂર છે. તેણે કહ્યું હવે આ સામેનો પથ્થરિયા ડુંગર વટાવી પાછળના ભાગમાં નીચે ઊતરતાં જ આપણો મુકામ આવશે. થોડે થોડે કરતાં અમે કાચા રસ્તે અથડાતા કુટાતા



રાણીઝરો જવાની ખીણ

ચારેક માઈલ ચાલતા આવ્યા હતા. અહીંથી પથ્થરિયા ચઢાણ હવે ચાલુ થયું હતું. મોટી મોટી પથ્થરિયા ભેખડો હમણાં પડું પડું થતી હોય તેમ દેખાતી હતી આટલી રળિયામણી ગીચ ઝાડી છતાં



પડું પડું થતી પથ્થરિયા ભેખડો

વરસાદના અભાવે પાણીનો છાંટોય પીવા મળે તેમ ન હતો. ગીચ ઝાડીમાં ઠંડકને બદલે ઉકળાટ વધતો જતો હતો. તરસ ખૂબ

લાગી હતી. પણ પાણી મળે તેમ ન હતું. અહીં શ્રી શિવુભાઈએ વાઘની હગાર અને વાઘની બોડ બતાવી. સીધા ચઢાણમાં ચારપાંચ



વાઘની બોડ

ફૂટ લાંબા, પહોળા અને ઊંચા પથ્થર ચઢીને ઠેકડા મારતા જતા હતા તેમાં આગળ જતાં રસ્તો સાંકડો થયો. સીધા ચઢાણમાં માંડ એકાદ ફૂટની જગ્યા ઉપર ચઢવાનું હતું. પગથિયા વગરના રસ્તે ચાલતા સહુના હૃદયમાં ફફડાટ વધતો હતો ડાબા હાથે ભેખડની દીવાલ અને જમણા હાથે ત્રીસ ફૂટની ખાઈ. સહેજ પણ ચૂક્યા કે સોએ વરસ પૂરાં થઈ જાય. એવા રસ્તે અમે હિંમત કરી સો ફૂટનો મારગ ધન્વન્તરિની આશિષથી પૂરો કર્યો ત્યારે માંડ શ્વાસ હેઠો બેઠો. અમારું પથ્થરિયા ચઢાણ પૂરું થયું અને ઉનાળામાં ધરતીના પેટાળમાં ભંડારાઈ ગયેલાં મૂળિયાંને વર્ષાના સ્પર્શે નવજીવન આપતી અનેક વેલવેલીઓ ઊગી નીકળી હતી. અહીં અમે શતાવરીના વેલા જોયા.

પથ્થર ફોડી આ વેલો ફૂટી નીકળી હતી. આગળ ચાલતાં અમે મોટા પાનની વેલ જોઈ. પાસે જઈને જોયું તો તે વિદારીકંદનો વેલો હતો.



મોટા પાનની વેલ—વિદારીકંદ

વેલો અને વનસ્પતિઓ જોતાં અમે ધરાતા ન હતા પણ અમારા મુકામ પર પહોંચવાની અમારી ધીરજ હવે ખૂટતી હતી. થાક ખૂબ લાગ્યો હતો. વિદારીકંદ ખોદીને કાઢવા પ્રયત્ન કર્યો પણ સાથે કોદાળી કે કોશના અભાવે પાછા પડ્યા. વિદારીકંદ અને ભોંયકોળું એ બંનેને આયુર્વેદે રસાયનમાં વાપર્યું છે. અહીં વાઘની બોડ પાસે જ અમે પથ્થરિયું ભમરિયું મધ જોયું. આયુર્વેદે આઠ જાતના મધનું વર્ણન કર્યું છે તેમાં આ ભમરિયું મધ ઉત્તમ ગણ્યું છે. ખૂબી તો એ છે

કે મધ સૂખું છે અને વિપાકમાં તૂરા રસવાળું છે. તેના બદલે ગ્લુકોઝ, સેકરીન અને ખજૂર મેળવી બનાવટી મધ બનાવાય છે. એ દુઃખની વાત છે. એથી વધુ દુઃખની વાત તો એ છે કે આ કાંઠામાં આટલું બધું મધ મળી શકે તેમ હોવા છતાં હજુ સુધી કોઈ ખેડૂત કે ડંગીવાળાએ મને ટીપુંય મધ ચખાડયું નથી, જે જાતે પાડેલું હોય. હવે અમે પથ્થરિયા રસ્તે હાથપગના ટેકે મારગ કાપતાં અમારા મુલાકાતના સ્થળે આવી પહોંચ્યા. આજુબાજુ ઉમરડાનાં ઝાડનાં ઝુંડ હતાં. અત્યારે તેને ફળ લાગેલાં હતાં. અનેક પોલાણવાળા પથરામાંથી આ પાણી ઝમે છે અને કડોદરી, ગંભીરપરું, નરોડા,



ઉમરડાનાં ફળ

શીઓલી, હેડીટીંબો અને ખાપરેટાથી લીખીના અનેક માણસો ભક્તિપૂર્વક આ પાણીનું સ્નાન કરી, આ તીર્થનું દર્શન કરી, પાવન થઈ અને પાણી પીને અનેક રોગો મટાડે છે. મેશ્વો નદ ઉપર ગોરઠિયા મહાદેવ પાસેના એક કુંડમાંથી પાણી પીને એક ભાઈએ ટી. બી. મટાડ્યો હતો તે અમે નજરે જોયું હતું. તે રીતે આ પાણીથી અનેક રોગો મટાડ્યા હતા અને મટે છે. ભલે આ પહાડો પથ્થરિયા રહ્યા પણ વનસ્પતિથી ભરપૂર અને લીલાછમ છે. આ પહાડો ચિતોડ જેવા છે. અનેક રાણીઓએ અહીં જૌહર કર્યું હતું. ઈ. સ. ૯૦૦ની આસપાસમાં અલ્લાઉદ્દીન ખીલજીએ આ ઊંડી ખીણ પણ છોડી નથી.

ડુંગરના હેડા નામ ઉપરથી આ ડુંગર ઉપર હરડેનાં અનેક વૃક્ષ હોવાં જોઈએ. આયુર્વેદનું નાક ત્રિફળાએ રાખ્યું છે. અહીં આમળાં, બહેડાં દેખાય છે પણ વ્યવસ્થિત રીતે હરડેને મોગલકાળમાં દૂર કરાઈ છે. અહીં રાયણનાં ઝાડ હોવાથી "રાણીઝરો" પણ કહે છે.




રાણીઝરો

દેવશંકર રાવલ નામની વિભૂતિએ આ ડુંગરોમાં ફરીને ઔષધિઓનો મહિમા ખૂબ વધાર્યો હતો. ભાઈશ્રી હાથીએ મને તેમનો મેળાપ ૧૯૪૭માં કરાવ્યો હતો. તેમણે હાથમતીના અસલ નામનો ઉલ્લેખ કર્યો હતો. આ ડુંગરાઓ અનેક વનસ્પતિઓથી ભરપૂર છે. એમાં નગોડ, ખીજો, ગરમાળો, શતાવરી, સાદડ, બહેડા, ટીંબરુ, વિદારીકંદ, ભોંયકોળું, કડો (ઇન્દ્રજવ), નાગરમોથ, રાયણ, ખાખરા, ઉમરડો, સુવા, જાંબુ, અશોક, આમળાં, આ બધાંનાં મેં દર્શન કર્યાં. પાસેની બોડમાં વાઘની લાદ પણ જોઈ. આજે પણ અહીં ગીચ ઝાડી છે ત્યારે અગાઉ કેટલી ઘનઘોર ઝાડી હશે તેનો હું વિચાર જ કરતો રહ્યો. અહીંનું પવિત્ર સ્થાન અહીંના લોકોને માટે એક મહાન તીર્થ સ્થાન છે. લોકો હિમાલયના બદરીકેદારની



રાણીઝરા પાસેનું દૈવી સ્થળ, પારસપીપળા પાસે

યાત્રા જેટલું મહત્ત્વ અહીંના સ્થળને આપે છે. પારસપીપળાના વૃક્ષ નીચે બરાબર પવિત્ર જળના મધ્યમાં ખડક ઉપર આ દૈવી સ્થળ આવેલું છે. ત્યાંથી પવિત્ર ત્રિશૂળને નમન કરીને અમે વિસામો ખાઈને ઠંડું પાણી પીધું અને આરામ કરવા થોડીવાર શીતળ છાંયડે બેઠા. અત્યાર સુધીમાં ગરમી અને થાક ઘણાં લાગ્યાં હતાં,



ગ્રુપ—ચાણીઝરા પાસે

તે અહીંના સ્થળના દૈવી પ્રતાપે વીસરાઈ ગયાં હતાં. અહીંના ઝરણામાંથી વહેતા શીતળ જળમાં હાથમોં ધોઈ અમે પાણી પીધું. તરસ શાંત થઈ વળતાં બીજા રસ્તે થઈ અમે અમારી જીપ તરફ જવા રવાના થયા. તાપ ખૂબ આકરો થઈ ગયો હતો. આવતી વખતે અમે બીજો રસ્તો પકડયો. અહીં ચઢાણ સીધું ન હતું, જેથી રસ્તો અગાઉ કરતાં થોડો સરળ હતો. પરંતુ તાપ ઘણો આકરો હતો.

અહીંની વસ્તી આ ડુંગરાઓ ઉપર ગાયોને, ઘેટાને, બકરાને અને ઊંટો ત્થા ગધેડાને અને બળદોને ચરાવે છે. ડુંગરા ઉપરથી

ઘેટાં લાઈનબંધ ઊતરે છે ત્યારે દૂધ જેવો ધોળો લિસોટો દેખાય છે. કેટલાક ઘોડા ઉપર પણ જાય છે. દરેક પહાડ ઉપર પગથી દેખાય છે. આવળની સોટીઓ લઈ જતી સ્ત્રીઓને મેં પૂછ્યું કે આ શા માટે લઈ જાઓ છો ? તો તેમણે કહ્યું કે ચામડાં પકાવવા માટે અમે આવળ લઈ જઇએ છીએ. બધા જ પહાડો લીલાછમ હતા. ઘોમ ધખતો હતો. બપોરે દોઢ વાગ્યે ઊતર્યા ત્યારે નીચે સાથે રાખેલી માટલીમાંથી પાણી પીને સહુ શાંત થયા. તરસ ઘોર વસ્તુ છે અને તરત પ્રાણ હરનારી છે. માટે ભાગે પડતું પાણી પી સહુએ તૃષા શાંત કરી. નીચે અંકોલનાં ઘણાં વૃક્ષો હતાં. ત્યાંથી અમે ફરી પાછા કોટડા ગયા. ત્યાં પીળા ધતૂરાનું વન હતું. ત્યાં શુદ્ધ આયુર્વેદના વૈદ્યને પ્રિય એવું મગનું ભોજન કર્યું અને લીંબુ, ગોળ, જીરાનુ શરબત પીને ટાઢક અનુભવી.

હવે અમે અહીંથી સાબલી તરફ ગયા. તેનું નવું નામ પ્રતાપગઢ છે. ત્યાંના આર્યોએ બનાવેલો કુંડ ચોરીવાડની વાવ કરતાં મોટો હતો. સાબલી આવતાં વચમાં રૂવચના તળાવ ઉપર



રૂવચની ડુંગરી


થઈ અમે આવ્યા. રૂવચમાં દેશી વૈદ્ય મંત્રશક્તિથી રોગ મટાડતા. ચોરીવાડના મુરબ્બી ભાઈશ્રી પુંજીરામ તેમના માથાના દુઃખાવા માટે ગયેલા. ચરકે મંત્રશક્તિથી રોગ મટાડવાનો ઉલ્લેખ કર્યો છે તે અહીં પ્રત્યક્ષ જોવા જાણવા મળ્યો. અહીંના ટોપલા જુદા ૪૪ પ્રકારના હતા. અહીંના કોળી લોકો આ ટોપલા બનાવે છે.

આત્રેય શાસન દરમ્યાન તેમના અનુયાયી રાજાઓએ વ્યવસ્થિત રીતે ઉગાડેલ લતાઓ, કંદો, વનસ્પતિઓ અને ઔષધિઓ અહીં પ્રચુર પ્રમાણમાં જોવા મળી છે. કદાચ આ ધરાની આજુબાજુ સોમ પણ હોય. આ ધરો અને તેની વનસ્પતિઓનો જો ઉલ્લેખ ન કરું તો મારું નામ અને કામ બંને લજાય અહીં સાબલીમાં ગઢનાં ખંડેર અને મહાકાળીનું મંદિર જોયું.




મહાકાળીનું મંદિર

અરવલ્લીનો આ કાંઠો વાવો, કુંડો, તળાવો અને કૂવાઓથી શોભાયમાન છે. અહીંની વનસ્પતિઓએ આ વાવ અને કૂવાનાં ધાવણ ધાવ્યાં છે. ચોરીવાડ, રાયગઢ, ઉભરાણ, વડાલી, ખેડબ્રહ્મા, માલપુર, મેઘરજ, ઈડર વગેરે સ્થળે ઠેર ઠેર આવી અનેક વાવો આવેલી છે. આવી સુંદર કોતરણી અને બાંધણીવાળો કુંડ અહીં સાબલીના પાદરમાં આવેલો છે. સેંકડો વર્ષે પણ આ વાવો અને કુંડોમાં પાણીનાં ઝરણ અખૂટ રહ્યાં છે. હજારો વર્ષ પહેલાંનું ભવ્ય એન્જિનિયરિંગ કામ આજે પણ તેની કુશળતાની સાક્ષી પૂરે છે.



સાબલીના કુંડની પગથી



સાબલીનો કુંડ—કોતરણી સાથે

અહીંના પહાડોમાં મને નીરવ શાંતિ મળી છે. આ ભૂમિ મને દૈવી ભૂમિ લાગી છે. અહીંના ડુંગરાઓમાં બાર માઈલનો ભયંકર ચઢાણ–ઉતરાણવાળો અમે પ્રવાસ કર્યો ત્યારે મને લાગ્યું કે હવે સાંજ સુધી ઊભા નહીં થવાય, પરંતુ ભૂમિનો પ્રતાપ કહો કે પ્રભાવ પણ નીચે ઊતરતાની સાથે જ અમારો થાક અદશ્ય થઈ ગયો હતો.

અહીં મેં એક ભરવાડને પૂછ્યું કે ખભા પર દેગચી લટકાવેલી શા માટે રાખો છો તો તેણે કહ્યું કે અમે તાજું જ દૂધ પીએ છીએ. પાંચ મુહૂર્ત સુધી દૂધ પડ્યું રહે તો ઝેરી થઈ જાય છે. વગર ઉકાળેલું દશ ઘડી રહે છે. ઉકાળેલું વીસ ઘડી રહે છે. ખાંડવાળું તેથી થોડું વધારે રહે છે. અહીં અમે જે પતંગિયાં જોયાં તે પીળા રંગનાં, કેટલાંક સફેદ અને કાળા રંગનાં અને કેટલાંક લીલા રંગનાં હતાં. નાનાં નાનાં વૃક્ષો અને વેલીઓ ઉપર ઊડતાં આ પતંગિયાંને

જોવાં એ કુદરતની કળાનું પ્રત્યક્ષ દર્શન કરવા જેવું છે. અહીં જે વગડાઉ સુવા અમે જોયા તે ઉધરસ, વાયુ અને અજીર્ણના રોગીઓ માટે રામબાણ ઉપાય છે. અમે સુવા ખાધા પછી પવનની ગતિ ઘણી સવળી થઈ ગઈ છે.

અરવલ્લીની અનેક ખીણો, ડુંગરાઓ, નદીઓ, નાળાંઓ, પહાડો મેં ઘણાં જોયાં છે. તેમાં અરવલ્લીની આ શાખા મને સહુથી જુદા જ પ્રભાવવાળી જણાઈ છે. અહીંના પહાડોમાં નાનાં પાનવાળી વગડાઉ સાટોડી ઠેર ઠેર પથરાયેલી જોઈ છે.

આ સ્થળ અને વનસ્પતિના દર્શને અમારામાં નવી પ્રેરણા અને શક્તિ પૂરાં પાડયાં છે. "રાણીઝરો" નામ સાંભળ્યા પછી તે જોવાની તીવ્ર ઉત્કંઠા હતી. તેથી આ જગ્યા જોયા પછી વાસ્કો ડી ગામાએ અમેરિકા ખંડ પહોંચી જે અનહદ આનંદ મેળવ્યો હતો તેવો જ આનંદ અમને આ જગ્યાએ પહોંચતાં થયો. ભગવાન ચરકે જે ભૂમિની ઔષધી લેવાની કહી છે તેવી લાયક ભૂમિ અહીંની લાગી છે. રોડા ઉપર જે પહાડ અમે જોયા તેવા જ પથ્થરિયા ડુંગર અહીં જોયા. વનસ્પતિનાં મૂળો આ પથ્થર તોડવામાં મોટો ભાગ ભજવે છે. અમારી સાથેના ભોમિયા ભાઈ પ્રભુદાસ, ધીરુભાઈ તેમ જ શ્રી ભીખાભાઈએ કહ્યું કે દર વર્ષે અહીંની ખીણોમાં આજુબાજુથી અનેક પથરાઓ ગબડી પડે છે. તે ભાગી તેમાંથી રેતી અને કપચી વહીને મોટી નદીઓમાં ઠલવાય છે. અહીંના વૈદ્ય પાનાચંદભાઈએ કહ્યું કે મારા દવાખાનામાં હું ત્રિફળા ખૂબ વાપરું છું. તેમાં હરડે એક ભાગ, બહેડા બે ભાગ અને આમળાં ચાર ભાગના પ્રમાણમાં આપવાથી ત્રિફળાનો રસાયન ગુણ આપણને મળે છે. અનેક રોગોના ઉપાય તરીકે ત્રિફળા સર્વમાન્ય ઉપાય છે. એ ત્રિફળાનાં ત્રણે વૃક્ષો અહીંની ભૂમિમાં વિપુલ પ્રમાણમાં વાવવામાં આવતાં, જેમાં હરડેનાં વૃક્ષો આ ડુંગરમાં પહેલાં ખૂબ હતાં. તેથી જ તેને હેડા ડુંગરના નામથી ઓળખવામાં આવતો હતો.

ઉપસં कबीर गाफिल क्या करे, आया काल नजीक।
कान पकरि के लै चला, ज्यों अजयाहिं खटीक* ॥

बालपना भोले गयो, और जुवा महमन्त।
वृद्धपने आलस भयो, चला जरंते अंत ॥

साथी हमरे चलि गये, हम भी चालनहार।
कागद में बाकि रही, ता तें लगा वार ॥

એટલે માનવ ઉપયોગી છસો ઔષધિઓનાં વનનાં વન આડેધડ કપાઈ રહ્યાં છે તે કેમ અટકે અને દૈવી બક્ષિસરૂપ અમૃતતુલ્ય વનૌષધિઓ દુઃખી-દરદીઓનાં દરદો દૂર કરવામાં કેમ વપરાય તે વિચારવાનો પ્રશ્ન અહીં જનતાજનાર્દન સમક્ષ રજૂ કરી હું વિરમું છું.

* ખાટકી જેમ બકરીને ખાટકીવાડે લઈ જાય છે.

પરિશિષ્ટ

મેશ્વો નદ, તારાં વહેતાં પાણી

હે મેશ્વો નદ, સાબરકાંઠામાં સેંકડો નદીઓ જોઈ, પણ નદ તો તું એકલો જ છે. તેથી ભગવાન વિષ્ણુના અવતાર સમાન શ્રીકૃષ્ણ શામળિયા(શામળાજી)સ્વરૂપે તારે કાંઠે બિરાજ્યા છે. વિશ્રામઘાટ નજીક બહુ જ જૂનુંપુરાણું અર્જુનનું વૃક્ષ છે.



અર્જુનવૃક્ષ

ચોમાસામાં શ્રાવણ માસમાં સાગની મંજરીઓ ધોળી ધોળી એટલી શોભી રહે છે, જેમાં તારાં દર્શન થાય છે. શ્રીવેષ્ટક નામની

૨૧૨ ..પદી જેવી વનૌષધિ તારા કાંઠે જોઈ. નેપાળાનાં તો જંગલો જ જેયાં. હરિશ્ચંદ્રની ચૅારી પણ તારા જ કાંઠે જોઈ. પાણીથી ભરપૂર સ્યામ સરોવર જોયું. હે મેશ્વો નદ, તારા કાંઠે ધોળાં ફૂલવાળો શેમળો, ધોળાં ફૂલવાળો કેસૂડો, પીળાં અને ધોળાં ફૂલવાળો રગત-રોહિડો, નાદરી ગામ સાથેનું તારું ચુંબન અને એ જ નાદરી ઉપર છૂટકબારું કરાવનાર તેવી સહદેવી. ખાળચોકમાં લીંડીપીપરના વેલા અને આ વખતે ચોમાસામાં તારી બખોલોમાં ઊગેલી તુલસી આડેધડ ખૂબ ખાધી.

"સાબર, તારાં વહેતાં પાણી" એ એક ઇતિહાસ રચાઈ ગયો. હે મેશ્વો નદ, તારા પટમાં કેટલાંય મહાભારતો રચાઈ ગયાં છે. ગોરડિયા મહાદેવ પાસે ગરમ પાણીનો કુંડ અને ગૌતમ ઋષિનો આશ્રમ કદી ભુલાશે નહિ. હે મેશ્વો નદ, તારા જેવું પાચક પાણી, તારા જેવું દીપન અને ઝાડો સાફ લાવનાર પાણી અને તારા જેવું દેવ બનાવનાર પાણી મેં બીજે ક્યાંય જોયું નથી. હે મેશ્વો નદ, તારું પાણી પણ અંદરથી વહેતું લાગે છે, ભલે બહારથી બીજે ઠેકાણે સુકાતું લાગતું હોય. તારે કાંઠે વીર્ય વધારનાર ત્રાંબટ, વીર્ય વધારનાર કઠીની ભાજી, વીર્ય વધારનાર કૌંચાં, વીર્ય વધારનાર કડાયાનો ગુંદર, શેમળાનો ગુંદર, ખેરનો ગુંદર–એમ હજારો જાતની વનૌષધિઓ જોઇને હું ધરાયો નથી. આંખો ફાડીફાડીને આ ઔષધો જેવાનું મને મન થાય છે. તારો કાંઠો એટલો બધો લાંબોચોડો છે કે તે સાબરથી સહેજેય ઊતરતો હોય તેવો નથી. હે મેશ્વો નદ, તને કરોડો નમસ્કાર.

